દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 215 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 September 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા-ઈરાન યુદ્ધ વિકરાળ બન્યું, જગત ટેન્શનમાં

## અમેરિકાએ ઈરાનનાં પાંચ ઑઈલ ટેન્કરને ઉડાવી દીધાં, ઈરાને દસ શિપ પરના હુમલાનો દાવો કર્યો, જોર્ડનના અમેરિકાના મથક પર પણ ભયંકર હુમલો કર્યોઃ અનેક અમેરિકી સૈનિક ઘવાયા હોવાનો દાવો

વૉશિંગ્ટનઃ ઇરાને અમેરિકાના યુદ્ધજહાજો પર કરેલા હુમલાના જવાબમાં અમેરિકાએ ઇરાનનાં પાંચ ઑઇલ ટેન્કરને ઉડાવી દીધા હતા, એવી માહિતી અમેરિકાના લશ્કરે બુધવારે આપી હતી. આના જવાબમાં ઇરાને દાવો કર્યો હતો કે તેણે હોર્મુઝની ખાડીની નજીક દસ જહાજો પર હુમલા કર્યા હતા. ઇરાને આની સાથે જોર્ડનમાંના અમેરિકી લક્ષ્યો પર હુમલા કર્યા હતા. ઇરાન અને અમેરિકાના હુમલા અને પ્રતિહુમલાને લીધે છ મહિનાથી ચાલતું યુદ્ધ વધુ વિકરાળ બને એવી સંભાવના છે. ઇરાનના સરકારી માધ્યમોએ કહ્યું હતું કે ઇરાને જોર્ડનમાંના અમેરિકી લક્ષ્યો પર હુમલા કર્યા હતા. ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પે દાવો કર્યો હતો કે હોર્મુઝના પ્રવેશ અગાળ અમેરિકાના માનવરહિત એન્ડરવોટર વેહિકલને પકડ્યું હતું. ઇરાને આની તસવીરો બહાર પાડી હતી. તહેરાને આને સૌથી મોટી લશ્કરી અને જાસૂસી સફળતા બનાવી હતી. જો અમેરિકા ઇરાન પર હુમલા કરશે તો અમેરિકાને જોરદાર પરિણામો ભોગવવા પડશે. હોર્મુઝને ફરી ટાર્ગેટ કરાતા ક્રૂડ ઓઇલના ભાવ બૅરલે ૧૦૦ ડૉલરને વટાવી જતા ફરી મોંઘવારી વધશે એવી ચિંતા સાથે દુનિયાભરમાં ટેન્શન જોવા મળ્યું.

પેન્ટાગોને કબૂલાત કરી હતી કે તેનું અન્ડરવોટર ડ્રોન ખોટકાઈ ગયું હતું અને તે ખોવાઈ ગયું હતું. આ જૂનું મૉડેલ છે અને આમાં કોઈ સોનાર કે રડાર ઉપકરણો નથી. ઇરાને ધમકી આપી હતી કે જો અમારા બે-ત્રણ લક્ષ્ય પર પ્રહાર કરવામાં આવશે તો અમે અમેરિકાનાં વીસ લક્ષ્યો પર ત્રાટકીશું. તહેરાને તેની બાકાત રાખનારી ઝોનને પાકિસ્તાન નજીકના ચાબહાર સુધી લંબાવી હતી.

ઇરાનના જળક્ષેત્રમાં પનામાના ધ્વજવળા અને ઇરાનના વીસ લાખ બેરલ તેલ ધરાવતા ઑઈલ ટેન્કર પર ડ્રોનથી હુમલો કરાયો હતો. આને લીધે આગ લાગી હતી અને મોટું નુકસાન થયું હતું. ઇરાનના અધિકારીઓએ માહિતી આપી હતી કે જહાજના બાવીસ કર્મચારીમાંથી કોઈને ઈજા થઈ નહોતી અને તેલનું ગળતર થયું નહોતું.

ઇરાને જોર્ડનનાં લશ્કરી મથકો પર કરેલા હુમલામાં જોર્ડનના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઇરાનના હુમલામાં

(જુઓ પાનું ૨) ▸▸

## સઉદીનો વળતો પ્રહારઃ ૨૪ કલાકમાં યમન પર ૩૨ હવાઈહુમલા

નવી દિલ્હીઃ હુતી વિદ્રોહીઓએ મંગળવારે સઉદી અરેબિયાના ઍરપોર્ટ, ઍરબૅઝ પર હુમલા કરી હાહાકાર મચાવી દીધો હતો.

સઉદીએ વળતો પ્રહાર કરતાં ૨૪ કલાકમાં યમન પર ૩૨ હવાઈહુમલા કર્યા હોવાનાં અહેવાલ છે.

જોકે આ હુમલામાં જાનમાલની હાનિ થઈ હોવાનાં કોઈ ચોક્કસ અહેવાલ અત્યાર સુધી નથી આવ્યા. સઉદીના અધિકારીઓએ પણ આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા નથી આપી.

છેલ્લાં કેટલાક અઠવાડિયાઓથી હુતી વિદ્રોહીઓ અને સઉદી સમર્થિત સરકારી સેના વચ્ચેની અથડામણ વધી ગઈ હતી જેને પગલે યમનના ગૃહ યુદ્ધમાં ચાર વર્ષથી ચાલતા યુદ્ધવિરામનો પણ ભંગ કરી દેવામાં આવ્યો હતો.

હુતીના પ્રવક્તા નસરુદ્દીન આમેરે સોશ્યિલ મીડિયા પર દાવો કર્યો હતો કે સઉદી સમર્થિત સેનાએ રાતભર

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનની ઈરાનના મિત્ર હુતીઓ પર ત્રાટકવાની તૈયારી

ઇસ્લામાબાદઃ તાજેતરમાં કરાયેલા મક્કા સંરક્ષણ કરારના ત્રણ સભ્યોમાંથી કોઇ પણ એક પર હુમલો બધા પર હુમલો માનવામાં આવશે એ વાતમાં કોઇ જાતની શંકા હોવી જોઇએ નહીં, એમ પાકિસ્તાને કહ્યું છે. સાથે જ પાકિસ્તાને ચેતવણી આપતાં કહ્યું કે સઉદી અરેબિયા પર હુતીઓના હુમલા પછી આ કરાર લાગુ થઇ શકે છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનું આ નિવેદન સઉદી અરેબિયા પર ઇરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યાના કલાકો બાદ આવ્યું છે. આ હુમલાઓમાં શહેરો, આર્થિક અને ઊર્જા માળખાને નિશાન બનાવવામાં આવ્યા હતા. જેમાં ૭૩ નાગરિકો ઘાયલ થયા હતા.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું કે કોઇ પણ સભ્ય દેશ વિરુદ્ધ ઉશ્કેરણી વિનાનું આક્રમણ અથવા યમન સંઘર્ષનો સઉદી અરેબિયા સુધી

(જુઓ પાનું ૨) ▸▸

## 'માનવ જીવન સાથે જુગાર રમે છે એઆઇ કંપનીઓ'

### એન્થ્રોપિકમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરતા સંશોધક જેકબ કોક્સોનો આક્ષેપ

નવી દિલ્હીઃ એન્થ્રોપિક ખાતેના એક આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) રિસર્ચર જેકબ કોક્સોને બુધવારે રાજીનામું આપવાની જાહેરાત કરતા આક્ષેપ કર્યો હતો કે ઑપન એઆઇ સહિતની અગ્રણી ટૅક્નોલૉજી કંપનીઓ 'સુપરઇન્ટેલિજન્સ' વિકસાવવાની અનિયંત્રિત હોડમાં ગેરજવાબદાર બની ગઇ છે અને આપણાં જીવન સાથે જુગાર રમે છે.

ઑપનએઆઇ અને એન્થ્રોપિક ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી પ્રી-ટ્રેનિંગ રિસર્ચ કરી રહેલા જેકબ કોક્સોને જણાવ્યું હતું કે પૂરતી સલામતી વિના લૅબ્સ (પ્રયોગશાળાઓ) વચ્ચે સ્પર્ધા કરાઇ રહી છે.

એન્થ્રોપિક ખાતે 'અલાઇનમન્ટ સાયન્સ લીડ' તરીકે ફરજ બજાવતા ઇવાન હબિંગરે પણ કોક્સોન દ્વારા આ

(જુઓ પાનું ૨) ▸▸

## ઘસાતો રૂપિયો - બળબળતું ક્રૂડઃ મોંઘવારીનો માર ખમવા તૈયાર રહો

### ઑઈલ કંપનીઓને લિટર પેટ્રોલ પર પાંચ અને ડીઝલ પર ૨૩ રૂપિયાનું નુકસાન થતું હોવાથી ઈંધણ મોંઘું થવાની શક્યતા

નવી દિલ્હીઃ અખાતમાં ફરી યુદ્ધ શરૂ થતાં ખનિજ તેલનો ભાવ વધીને બેરલ દીઠ ૧૦૦ ડૉલરથી વધી જતાં દેશની સરકારી માલિકીની ફ્યુઅલ રિટેલર્સ લિટર પેટ્રોલના વેચાણ પર રૂપિયા પાંચ અને ડીઝલના લિટર વેચાણ પર રૂપિયા ૨૩નું નુકસાન કરી રહી છે.

ખનિજ તેલનો ભાવ હાલમાં ગયા જુલાઇ પછીનો સૌથી વધારે છે. આ ઉપરાંત, ડૉલરની સામે રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું છે. બુધવારે ડૉલરની સામે રૂપિયાનું મૂલ્ય અંદાજે ૩૪ પૈસા ઘટીને ૯૫.૦૮ (કામચલાઉ) થયું હતું. વિદેશી રોકાણકારો દ્વારા વિદેશી હૂંડિયામણ મોટા પાયે પાછું ખેંચાય અને ફુગાવો વધે એવી ભીતિ પણ છે.

બ્રેન્ટ ક્રૂડનો ભાવ અઢી ટકા વધીને બેરલ દીઠ ૧૦૦ ડૉલરથી વધુ થયો હતો, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ

(જુઓ પાનું ૨) ▸▸

## લાલ કિલ્લાનો નવેમ્બરનો ધડાકો આત્મઘાતી હતોઃ એનઆઇએ

### વિસ્ફોટ અગાઉથી નક્કી કરાયેલી તારીખે નહોતો કરાયો

નવી દિલ્હીઃ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ પોતાના તહોમતનામામાં જણાવ્યું હતું કે દિલ્હીના લાલ કિલ્લા ખાતે ૧૦ નવેમ્બરે કરાયેલો ધડાકો આત્મઘાતી બૉમ્બિંગ હતું. આરોપી ઉમર ઉન નબી આઇ૨૦ કાર ચલાવતો હતો અને તેણે અંદરથી જ ઇમ્પ્રૂવાઇઝ્ડ એક્સ્પ્લોઝીવ ડિવાઇઝ (આઇઇડી)નો ધડાકો કર્યો હતો.

લાલ કિલ્લા ખાતે થયેલા આ ધડાકામાં ૧૫ જણ માર્યા ગયા હતા.

વ્યવસાયે ડૉક્ટર નબી ફરિદાબાદની અલ ફલાહ યુનિવર્સિટી ખાતે આસિસ્ટન્ટ પ્રૉફેસર હતો. આ ધડાકો થયો ત્યારે તે કારમાં હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે નબીએ કમાંડ મિકેનિઝમ દ્વારા આઇએડીનો ધડાકો કર્યો હતો. ધડાકાના સ્થળેથી મળેલા જૈવિક નમૂનાની ડીએનએ તપાસ પરથી માલૂમ પડ્યું હતું કે નબી આ કારમાં જ હતો. નેશનલ ઇન્વેસ્ટિગેશન

(જુઓ પાનું ૨) ▸▸

## પાંચ રાજ્યની ચૂંટણી વખતે ભાજપની આવક કૉંગ્રેસ કરતાં સાત ગણી હતી

### કૉંગ્રેસને ૨૦૭.૧૭ કરોડ તો ભગવા પક્ષને ૧,૪૭૨.૮ કરોડ રૂપિયાનું રાજકીય દાન મળ્યું હતું

નવી દિલ્હીઃ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપ અને કોંગ્રેસની ચૂંટણી વખતની આવકમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો છે. ચૂંટણી પંચમાં દાખલ કરાયેલા ખર્ચ અને આવકની વિગતો અનુસાર, ભાજપના કેન્દ્રીય મુખ્યાલયને આ સમયગાળા દરમિયાન આશરે ૧,૪૭૨.૮ કરોડ રૂપિયા મળ્યા હતા. આ કોંગ્રેસને તેના પાંચ રાજ્ય અને કેન્દ્રીય એકમોમાંથી મળેલી કુલ ૨૦૭.૧૭ કરોડ રૂપિયાની ચોખ્ખી આવક કરતાં સાત ગણી વધારે છે. ભાજપ માટે ઉપલબ્ધ ડેટા ફક્ત તેના કેન્દ્રીય મુખ્યાલયનો છે.

આસામ, કેરળ, તમિળનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ ૧૫ માર્ચથી છઠ્ઠી મે દરમિયાન યોજાઈ હતી. આ સમયગાળા દરમિયાન કોંગ્રેસે તેના કેન્દ્રીય મુખ્યાલય અને પાંચ રાજ્ય એકમોમાંથી ૨૦૭.૧૭ કરોડ રૂપિયાની ચોખ્ખી આવક નોંધાવી હતી, જેમાં કુલ ચૂંટણી ખર્ચ ૨૪૮.૫૫ કરોડ રૂપિયા હતો. બીજી તરફ ભાજપના કેન્દ્રીય મુખ્યાલયને આ જ સમયગાળા દરમિયાન ૧,૪૭૨.૮ કરોડ રૂપિયા મળ્યા હતા. કેરળ અને પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે ભાજપના ખર્ચની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તેથી ભાજપની કુલ આવક ઉપલબ્ધ આંકડાઓ કરતાં પણ વધુ હોઈ શકે છે.

ચૂંટણી સમયગાળા દરમિયાન ભાજપના કેન્દ્રીય મુખ્યાલયની નાણાકીય સ્થિતિમાં વધારો થયો હતો. ૧૫ માર્ચે તેનું ક્લોઝિંગ બેલેન્સ આશરે ૬૭૨૨ કરોડ રૂપિયા હતું. છઠ્ઠી મે સુધીમાં આ રકમ વધીને ૭૬૨૭.૨ કરોડ રૂપિયા થઈ ગઈ. આનો અર્થ એ થયો કે ચૂંટણી સમયગાળા દરમિયાન કેન્દ્રીય મુખ્યાલયના ભંડોળમાં આશરે ૯૦૪.૬ કરોડ રૂપિયાનો વધારો થયો હતો. તેનાથી વિપરીત કોંગ્રેસ કેન્દ્રીય એકમ અને પાંચ રાજ્ય એકમો પાસે ચૂંટણીની શરૂઆતમાં આશરે ૧૬૯.૦૬ કરોડ રૂપિયા હતા. આ રકમમાં આશરે ૨૨.૯ કરોડ રૂપિયા રોકડા અને ૧૪૬.૧ કરોડ રૂપિયા બેંક ખાતાઓમાં હતા. ચૂંટણીના અંત સુધીમાં આ રકમ ઘટીને આશરે ૧૦૩.૨ કરોડ રૂપિયા થઈ ગઈ હતી, એટલે કે કોંગ્રેસનું ભંડોળ આશરે ૬૫.૮૬ કરોડ રૂપિયા ઘટી ગયું હતું. ■

## ઓમર અબ્દુલ્લાની હાજરીમાં આખું 'વંદે માતરમ્' ગવાયું, કૉંગ્રેસને વાંધો પડ્યો

નવી દિલ્હીઃ જમ્મુના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને નેશનલ કૉન્ફરન્સના વડા ફારુક અબ્દુલ્લા શ્રીનગરમાં મંગળવારે યોજાયેલા એક કાર્યક્રમમાં ગવાયેલા વંદે માતરમ્‌ના સંપૂર્ણ સંસ્કરણ માટે ઊભા રહ્યા હોવા અંગે કૉંગ્રેસે વાંધો ઉઠાવતાં વંદે માતરમ્ અંગે વિપક્ષમાં ભારે મતભેદ જોવા મળ્યા હતા. શ્રીનગરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં વંદે માતરમ્‌ના સંપૂર્ણ સંસ્કરણના ગાન સામે કૉંગ્રેસે વાંધો ઉઠાવ્યો હતો. જમ્મુના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને નેશનલ કૉન્ફરન્સના વડા ફારુખ અબ્દુલ્લા શ્રીનગરમાં મંગળવારે યોજાયેલા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્‌ઘાટન સમારોહમાં વંદે માતરમ્‌ના સંપૂર્ણ સંસ્કરણના ગાન દરમિયાન ઊભા રહ્યા બાદ કૉંગ્રેસે અસંમતિ દર્શાવી હતી. કૉંગ્રેસના નેતા કે. સી. વેણુગોપાલે આ કાર્યક્રમનો વીડિયો શૅર કરતા લખ્યું હતું કે વંદે માતરમ્‌નું સંપૂર્ણ સંસ્કરણ સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારત માટે કલ્પેલા અને વિકસાવેલા સમન્વયવાદી અને બહુવાદી ભાવ સાથે સુસંગત નથી. સાથીપક્ષોને તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓના નિર્ણયનું સન્માન કરવાની અપીલ કરી હતી, જેમણે ગીતની માત્ર પ્રથમ બે કડી અપનાવવાનું નક્કી કર્યું હતું. કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ટીકા અંગે જવાબ આપતાં નેશનલ કૉન્ફરન્સે જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર સરકાર માત્ર પોતાની ફરજ નિભાવી રહી હતી કેમ કે રાષ્ટ્રગીત તરીકે વંદે માતરમ્‌ને હવે કાયદેસર માન્યતા મળી છે. (એજન્સી) ■

### સીજેપી આંદોલનમાં જોડાવા ઉશ્કેરનાર...

## વિદ્યાર્થીને નોટિસ મોકલવાની મેજિસ્ટ્રેટે હિંમત કઇ રીતે કરી?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે કાયદાના ૨૦ વર્ષના વિદ્યાર્થીને 'પ્રિવેન્ટિવ નોટિસ' પાઠવનારા ગૌતમ બુદ્ધ નગરના વહીવટીતંત્રની બુધવારે આકરી ટીકા કરતા સવાલ કર્યો હતો કે 'સરકાર-વિરોધી' કહેવાતો પ્રચાર કરનારા અને દિલ્હીમાં જંતર મંતર ખાતેના વિરોધ-પ્રદર્શનમાં જોડાવા અન્ય વિદ્યાર્થીઓની કહેવાતી ઉશ્કેરણી કરનારા કાયદાના આ વિદ્યાર્થીને નોટિસ પાઠવવાની એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટે હિંમત કઇ રીતે કરી? અમે વિરોધ-પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવા સ્પષ્ટ આદેશ આપ્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયા - સીજેઆઇ) સૂર્યકાંતે જણાવ્યું હતું કે અમારી અદાલત ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના વહીવટીતંત્ર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ્સ પાસે આ સંબંધમાં ખુલાસો માગીશે.

અગાઉ, વકીલ વિશ્વજિત ભટ્ટાચાર્યએ સર્વોચ્ચ અદાલતની બૅન્ચનું આ બાબતમાં ધ્યાન દોરતા જણાવ્યું હતું કે ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના વિદ્યાર્થી અક્ષત ત્રિપાઠીને ચોથી સપ્ટેમ્બરે નોટિસ પાઠવાઇ હતી.

સીજીઆઇએ જણાવ્યું હતું કે એક મેજિસ્ટ્રેટ આવી નોટિસ આપવાની હિંમત કઇ રીતે શકે? અમે સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી કે કોઇ પણ વિદ્યાર્થી સામે કડક પગલાં નહિ લેવા. કોઇ પણ મેજિસ્ટ્રેટ આ આદેશનો ભંગ કરી ન શકે.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે કૉક્રૉચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા જુલાઇમાં યોજાયેલા વિરોધ-પ્રદર્શનમાં ભાગ લેનારા બધા વિદ્યાર્થીઓ સામેની ફોજદારી કાર્યવાહીનો અંત આણવા પહેલી સપ્ટેમ્બરે આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

## જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ની ૧૬૫ ખાલી જગ્યા આગામી સમયમાં ભરાશેઃ ઋષિકેશ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ સંવર્ગની કુલ ૩૨૬ જગ્યા મંજૂર થયેલી છે. આ મંજૂર થયેલ મહેકમ પૈકી હાલના તબક્કે ૧૬૧ જગ્યા ભરાયેલી છે, જ્યારે બાકીની ૧૬૫ જગ્યા આગામી સમયમાં ભરવામાં આવશે તેમ, મહેસૂલ વિભાગ તરફથી વિધાનસભાગૃહમાં જવાબ આપતાં કેબિનેટ પ્રધાન ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું.

આ ખાલી જગ્યાઓ ભરવા સંદર્ભે સ્પષ્ટતા કરતા તેમણે ઉમેર્યું હતું કે, સરકારી તંત્રમાં જગ્યાઓ ભરાવી અને નિવૃત્તિ કે અન્ય કારણોસર ખાલી થવી એ એક સતત ચાલતી વહીવટી પ્રક્રિયા છે. વહીવટી અનુકૂળતા મુજબ સમયાંતરે આ ખાલી જગ્યાઓની યોગ્ય સમીક્ષા કરવામાં આવે છે.

જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માટે સીધી ભરતી, બઢતી તેમજ સેમી-ડાયરેક્ટ (બઢતી) જેવી નિયમાનુસારની વિવિધ નીતિઓ દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

આ સાથે તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં હાલની સ્થિતિએ સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ની ૧૪૯ તેમજ ગ્રેડ -૨ની ૨૫૪ જગ્યા ભરાયેલી છે. આ ઉપરાંત બાકી રહેલી જગ્યાઓ ભરવાની કામગીરી પ્રગતિમાં છે. ■

## સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષાઃ ગુજરાતમાં છ લાખથી વધુ કિશોરીઓનું એચપીવી રસીકરણ સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્ત્રીઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સર સામે કિશોરીઓને સુરક્ષિત રાખવા માટે ગત ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં રાજ્યભરની ૬ લાખથી પણ વધુ દીકરીઓને હ્યુમન પેપિલોમાવાયરસ-એચપીવી રસીનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે, તેમ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી સંકલ્પ અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે એચપીવી રસીકરણમાં સમગ્ર દેશમાં અગ્રેસર કામગીરી કરી છે. ગુજરાતની નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વધુ ૨,૭૨,૦૦૦ એચપીવી રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ આગામી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં દર મહિને ૧૪ વર્ષ પૂર્ણ કરતી તમામ કિશોરિઓને એચપીવી રસી આપવામાં આવશે.

પાનશેરિયાએ વિગતો આપતાં જણાવ્યું કે, આ સેવા તમામ મેડિકલ કૉલેજ હૉસ્પિટલો, જિલ્લા અને પેટા-જિલ્લા હોસ્પિટલો તેમજ તમામ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે. વધુમાં, રાજ્યમાં આટલા વિશાળ સ્તરે રસીકરણ પૂર્ણ થયું હોવા છતાં આડઅસરનો એક પણ કિસ્સો નોંધાયો નથી, જે આ રસીની ગુણવત્તા સલામતી અને અસરકારકતાની સાબિતી આપે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ■



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આખા ‘વંદે માતરમ્’નો વિરોધ: અબ્દુલ્લા સમજ્યા એ કૉંગ્રેસ કેમ નથી સમજતી?

**કૉંગ્રેસના** નેતાઓને દેશની બહુમતી પ્રજાની લાગણીને અવગણવામાં આનંદ આવતો લાગે છે. આ માનસિકતાનું તાજું ઉજાહરણ શ્રીનગરમાં ‘વંદે માતરમ્’ના આખા ગાન સામે કૉંગ્રેસે ઊભો કરેલો ડખો છે. શ્રીનગરમાં સોમવારથી જમ્મુ અને કાશ્મીર આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ચાલુ થયો છે. આ મહોત્સવમાં જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ડૉ. ફારૂક અબ્દુલ્લાએ પધરામણી કરેલી. ઉદ્‌ઘાટન સમારોહની શરૂઆત રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ્’ના આખા ગાનથી કરાઈ ને ઉમર તથા ફારુક બંનેએ આખું ‘વંદે માતરમ્’ ગાયું તેની સામે કૉંગ્રેસને વાંધો પડી ગયો છે.

જમ્મુ અને કાશ્મીરમાં કૉંગ્રેસ ઓમર અબ્દુલ્લાની સરકારમાં ભાગીદાર છે તેથી કૉંગ્રેસના જનરલ સેક્રેટરી અને સંગઠનના કારભારી કે. સી. વેણુગોપાલે વણમાગી સલાહ આપી દીધી છે કે, નેશનલ કોન્ફરન્સે આખું ‘વંદે માતરમ્’ ગાવાના બદલે કૉંગ્રેસની જેમ બે જ અંતરા ગાવા જોઈએ અને કૉંગ્રેસની સાથે રહીને સાથી ધર્મ નિભાવવો જોઈએ. નેશનલ કોન્ફરન્સે કૉંગ્રેસને સામી ચોપડાવી છે કે, કૉંગ્રેસ સાથી પક્ષોએ શું કરવું ને શું ના કરવું એ નક્કી ના કરી શકે. અમારે કઈ રીતે વર્તવું તેની અક્કલ અમારામાં છે જ એટલે અમને જ્ઞાન આપવાનું બંધ કરો.

કૉંગ્રેસના વાંધાને કારણે ભાજપને ‘વંદે માતરમ્’ મુદ્દે કૉંગ્રેસને ભાંડવાની તક મળી ગઈ છે એટલે ભાજપ પણ આ વિવાદમાં કૂદયો છે. ભાજપે કૉંગ્રેસને એકવીસમી સદીની ‘મુસ્લિમ લીગ’ ગણાવીને કહ્યું છે કે, ‘વંદે માતરમ્’ના સંપૂર્ણ ગાન સામે કાશ્મીર ખીણના અલગતાવાદી નેતાઓને વાંધો નથી પણ કૉંગ્રેસને વાંધો છે તેના પરથી સાફ છે કે, દિમાગી નક્સલ કૉંગ્રેસ હવે ‘મુસ્લિમ લીગ કૉંગ્રેસ’માં પરિવર્તિત થઈ ગઈ છે અને ધર્માંધ તથા કટ્ટરપંથી પરિબળોનાં પગોમાં આળોટી ગઈ છે. ભાજપના પ્રહાર સામે કૉંગ્રેસે પણ ‘વંદે માતરમ્’ પર રાજકારણ રમવાનો આક્ષેપ મૂકતાં સામસામી આક્ષેપબાજી જામી છે.

આ આક્ષેપબાજીથી દેશને ફાયદો થાય એવું કશું નિપજવાનું નથી પણ કૉંગ્રેસની મુસ્લિમ કટ્ટરવાદીઓનાં તળવાં ચાટવાની માનસિકતા ફરી છતી થઈ ગઈ તેમાં બેમત નથી. કૉંગ્રેસ આખું ‘વંદે માતરમ્’ ગાવા સામે વાંધો લે છે તેનું એક માત્ર કારણ મુસ્લિમ મતબેંકની ચિંતા છે. કૉંગ્રેસ હજુય એવા ભ્રમમાં જીવે છે કે, મુસ્લિમ મતદારો મુઠ્ઠીભર મુલ્લા-મૌલવીઓ કે નેતાઓના ખૂંટે બંધાયેલા છે ને તેમના કહેવા પ્રમાણે મત આપે છે એટલે તેમને ખુશ રાખીશું તો મુસ્લિમોના મત સાગમટે આપણને મળશે. આ મુઠ્ઠીભર મુલ્લા-મૌલવીઓ કે નેતા ‘વંદે માતરમ્’ના આખા ગાન સામે વિરોધ કરે છે એટલે કૉંગ્રેસ પણ હઈસો હઈસો કરીને મચી પડી છે.

કૉંગ્રેસની મોટી તકલીફ એ છે કે, ભૂતકાળમાંથી બહાર આવવા તૈયાર નથી ને ૧૯૩૭માં સ્થગિત થઈ ગઈ છે. આ કારણે ૧૯૩૭માં દેશમાં જે માહોલ હતો એ જ માહોલ અત્યારે પણ છે એવું માનીને વર્તે છે. ૧૯૩૭માં ‘વંદે માતરમ્’ના બે જ અંતરા ગાવાનો નિર્ણય એટલે લેવાયેલો કે મુસ્લિમ લીગ તેનો વિરોધ કરતી હતી. ‘વંદે માતરમ્’નો વિરોધ કરીને મુસ્લિમ લીગ સંપૂર્ણ મુસ્લિમ સમાજને પોતાની તરફ વાળી દેશે એવા ડરથી એ નિર્ણય લેવાયેલો. આ નિર્ણય ખોટો હતો કેમ કે ૧૯૩૭માં પણ મુસ્લિમ લીગના મુઠ્ઠીભર નેતાઓને જ વિરોધ હતો, બહુમતી મુસ્લિમોને કોઈ વિરોધ નહોતો ને ‘વંદે માતરમ્’માં કશું મુસ્લિમ કે ઈસ્લામ વિરોધી છે જ નહીં.

કૉંગ્રેસને લાગે છે કે, ૯૦ વર્ષ પછી પણ ભારતના મુસ્લિમો એવા જ છે. હજુય મુસ્લિમો ‘વંદે માતરમ્’ ગાવા તૈયાર નથી ને આ ભ્રમમાંથી બહાર આવવા કૉંગ્રેસ તૈયાર નથી. આ માન્યતાનું કારણ એ કે, કૉંગ્રેસનો સામાન્ય મુસ્લિમો સાથે કોઈ સંપર્ક જ નથી અને કૉંગ્રેસ હજુય કઠમુલ્લાઓ ને બની બેઠેલા ઠેકેદાર નેતાઓનાં ચશ્માંથી જ મુસ્લિમોને જુએ છે. એકવીસમી સદીનો ભારતીય મુસ્લિમ સમાજ બહુ બદલાઈ ગયો છે એ જ તેમને ખબર નથી. એવું ના હોત તો મુસ્લિમો ‘વંદે માતરમ્’ના આખા ગાનનો વિરોધ કરવા માટે મેદાનમાં ના આવી ગયા હોત ? બીજું કંઈ નહીં તો કમ સે કમ સોશ્યલ મીડિયા પર તો આ વિરોધ જોવા મળ્યો હોત કે નહીં ?

સદ્‌નસીબે મુસ્લિમો દ્વારા ‘વંદે માતરમ્’ના આખા ગાન સામે કોઈ વાંધા પણ નથી ઉઠાવાયા કે વિરોધ પણ નથી કરાયો તેથી તેમને કોઈ વાંધો જ નથી. આ વાત અબ્દુલ્લાઓને સમજાઈ ગઈ પણ ‘વંદે માતરમ્’ના આખા ગાન સામે વિરોધથી મુસ્લિમોને પોતાની તરફ વાળીને ફરી સત્તામાં આવવાનાં શેખચલ્લીનાં સપનાં જોતા કૉંગ્રેસીઓને સમજાતી નથી. કૉંગ્રેસના નેતાઓમાં એટલી અક્કલ પણ નથી કે, ગયા મહિને સ્વાતંત્ર્ય દિને કૉંગ્રેસ મુખ્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ આખા ‘વંદે માતરમ્’નું ગાન અટકાવ્યું હોવાનો વિવાદ થયો ત્યારે પણ મુસ્લિમોએ સોનિયાનું વલણ યોગ્ય હોવાનું કહ્યું નહોતું. કૉંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)એ એ પછી ‘વંદે માતરમ્’ અંગેની ૧૯૩૭ના ઠરાવનું પાલન કરીને હવે પછી કૉંગ્રેસના તમામ કાર્યક્રમોમાં રાષ્ટ્રગીતના માત્ર બે જ શ્લોક ગાવાનો નિર્ણય લીધો તેને પણ સમર્થન નથી મળ્યું. કૉંગ્રેસે ત્યારે જ મુસ્લિમોને આ વાતમાં કોઈ રસ નથી ને આખું ‘વંદે માતરમ્’ ગાવા સામે વાંધો નથી એ સમજી જવાની જરૂર હતી પણ કૉંગ્રેસ જૂનાં ચશ્માં ઉતારવા જ તૈયાર નથી.

કૉંગ્રેસ પોતાના વલણને યોગ્ય સાબિત કરવા માટે સ્વાતંત્ર્ય સેનાનીઓના નામે પણ ચરી ખાઈ રહી છે. વેણુગોપાલે જ્ઞાન પિરસ્યું છે કે, આખું ‘વંદે માતરમ્’ આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ જે સર્વસમાવેશી અને વિવિધતાસભર વિચારધારાની કલ્પના કરી હતી અને પોષી હતી તેને સુસંગત જણાતું નથી. મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, રાજેન્દ્ર પ્રસાદ, આચાર્ય નરેન્દ્ર દેવ, મૌલાના આઝાદ, સરોજિની નાયડુ અને જે.બી. કૃપલાનીએ બહુ વિચાર કરીને બે જ શ્લોક ગાવાનો નિર્ણય લીધેલો અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે તેને સમર્થન આપેલું. આ કારણે કૉંગ્રેસે બે જ શ્લોક ગાવાનો નિર્ણય લીધો છે ને સાથી પક્ષોએ તેને માન આપવું જોઈએ.

કૉંગ્રેસની દલીલ બંધારણનું અપમાન કરનારી છે કેમ કે આજનું ભારત ૧૯૩૭નું ભારત નથી. એ વખતે અંગ્રેજોનું રાજ હતું ને આપણું બંધારણ નહોતું બન્યું. અત્યારે પ્રજાસત્તાક ભારતનું પોતાનું બંધારણ છે ને આ બંધારણ પ્રમાણે કાયદો બનાવીને કેન્દ્ર સરકારે આખું ‘વંદે માતરમ્’ ગાવાનો નિયમ બનાવ્યો છે. કૉંગ્રેસ આ બંધારણીય જોગવાઈને માનવા તૈયાર નથી ને અંગ્રેજો વખતના ઠરાવનું પૂંછડું ઝાલીને બેઠી છે એ બંધારણનું અપમાન ના કહેવાય તો બીજું શું કહેવાય ?

બીજી એક વાત પણ જાણવી જરૂરી છે. કૉંગ્રેસે બે શ્લોક સાથેના વંદે માતરમ્‌ને રાષ્ટ્રીય ગીત જાહેર કર્યું તેની સામે પણ મોહમ્મદ અલી ઝીણાની મુસ્લિમ લીગને વાંધો હતો. મુસ્લિમ લીગનું કહેવું હતું કે, આખું ગીત જ ઈસ્લામ વિરોધી છે તેથી તેને સ્વીકારી ના શકાય. કૉંગ્રેસે મુસ્લિમ લીગને રીઝવવા આખા ગીતને નકાર્યું પણ મુસ્લિમ લીગે તો તેને પણ ના સ્વીકાર્યું તેનો અર્થ એ કે, વિરોધ કરવો હોય તો ગમે તે રીતે કરી શકાય. આ માનસિકતાને કૉંગ્રેસે પોષી અને હજુય પોષે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન-સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૧૦-૯-૨૦૨૬, દર્શ પિઠોરી અમાવસ્યા**

- ભારતીય દિનાંક ૧૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર મઘા બપોરે ક. ૧૪-૦૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર: સિંહ (મ, ટ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી: સવારે ક. ૧૧-૨૭, રાત્રે ક. ૨૩-૪૨
- ઓટ: સાંજે ક. ૧૭-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૮ (તા. ૧૧)
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - ચતુર્દશી. બૃહસ્પતિ પૂજન, નક્તવ્રત સમાપ્ત, અન્વાધાન, દર્શ પિઠોરી અમાવસ્યા, વૃષભ પૂજન, હર્ષલ વક્રી થાય છે.
- શુભાશુભ દિનશુદ્ધિ: શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષ: ગુરુ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, પિતૃદેવતાનું પૂજન, ૐ પિતૃદેવતા ભ્યો નમઃના મંત્રજાપ, વડનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, નિત્ય થતાં ખેતીવાડીના , ઘર, ખેતર જમીન, લેવડદેવડના કામકાજ, શ્રી ગણેશ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, તુલસીપૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- શ્રાવણ પર્વ મહિમા: વિશેષરૂપે બૃહસ્પતિ દેવતાનું પૂજન કરવું. પ્રત્યેક શ્વાસમાં શિવ છે. આત્મા શિવ છે. જીવ એ શિવ છે. શરીર અને શરીરના પંચતત્ત્વો તે પણ શિવ છે. શિવ એ જ અનાદિ, અનંત છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળના અધિષ્ઠાતા છે. કાળ એ જ શિવનું સ્વરૂપ છે. ભગવાન શિવને સમજવા માટે બુદ્ધિ ચાતુર્યતાની આવશ્યકતા નથી. જડ, ચેતન, અચેતન દરેકમાં શિવ રહેલા છે તે ભાવથી જ શિવલિંગ સ્વરૂપ મહાદેવનું પૂજન નિત્ય જલાભિષેકથી કરવામાં આવે છે. આજ રોજ ગ્રહદોષ નિવારણ માટે અકાળ મૃત્યુ ભયથી મુક્તિ માટે મહામૃત્યુંજયના જાપ કરવાથી આરોગ્ય સુધરે છે. ગ્રહ પીડાની શાંતિ, તીર્થમાં સ્નાન, પિતૃશાંતિનો પણ આજ રોજ મહિમા છે. મહારાષ્ટ્રમાં વૃષભ પૂજન, પિઠોરી અમાસના ઉત્સવની ઉજવણી ખેડૂત પ્રજામાં ઉત્સાહથી કરવામાં આવે છે. બળદને શણગારીને અનેક રમતોનું આયોજન થાય છે. આજના દિવસે શિવજીની આરાધના કરવાથી શનિ-રાહુ અને કેતુ જેવા ક્રૂર ગ્રહોની પીડામાં રાહત મળે છે. આજના દિવસે નિરાહાર કે ફલાહારનું વ્રત રાખીને સાંજે કે રાત્રે શિવપૂજનનો મહિમા છે. રાત્રિ જાગરણ, શિવસ્તોત્ર, રુદ્રાષ્ટકમ્‌ના પાઠનું, ભજન-કીર્તનનું વિશેષ મહત્ત્વ છે. આજનો દિવસ ભક્તિ શુદ્ધિ અને આધ્યાત્મિક સાધના માટેનો શ્રેષ્ઠ દિવસ છે.
- આચમન: ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. હર્ષલ સ્તંભી થઈ વક્રી થાય છે.
- ગ્રહગોચર: સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ધીરજ ધરનારા સાથે અલ્લાહની ગેબી સહાય

**દુનિયામાં** જન્નત, સ્વર્ગની બશારત, શુભ સમાચાર મળ્યા હતા, એ મહાન સહાબી, અલ્લાહ અને તેના નબી હઝરત મુહમ્મદ સાહેબ પર ઈમાન; આસ્થા, શ્રદ્ધા લાવનારા સાથી-સંગાથી હઝરત ઉરવહ બીન ઝુબયર સબ્ર; ધીરજ; સહનશીલતા - શક્તિના અજોડ ઉદાહરણ હતાં.

ગમે તેવી આકરી - ભયાનક - અસહ્ય મુસીબતો અને પરીક્ષાના સમયે આપ હઝરતની જબાન પરથી ‘ઉફ’ શબ્દ કદી પણ નીકળ્યો નહોતો.

- એક સમયે ખલીફા; અધ્યક્ષ અબ્દુલ-મલીકને મળવા માટે પાટનગર દમિશ્ક (સિરિયા) ખાતે આવ્યા ત્યારે આપની સાથે આપના સુપુત્ર હઝરત મુહંમ્મદ પણ હતા.

- દમિશ્કમાં આપ બંને પિતા-પુત્ર ‘શાહી ઘોડર’ જોવા માટે ગયા. ત્યાં એક અડિયલ ઘોડા પર હઝરત મુહંમ્મદ સવાર થઈ ગયા.

- ઘોડાએ હઝરતને બૂરી રીતે પટકી દીધા, તે કારણે હઝરત મુહંમ્મદનું ત્યાંજ અવસાન થઈ ગયું. આ બનાવને ગણતરીના દિવસો જ વિત્યા હતા ત્યાં હઝરત ઉરવહ (અ.સ.)ના પગમાં એક પ્રકારનું ઝેરી ગુમડું થયું. તેનું ઝેર આખા પગમાં ફેલાઈ ગયું. હકીમોએ કેટલોક ભાગ કપાવી નાખવાની સલાહ આપી, નહીંતર તેનું ઝેર આખા શરીરમાં ફેલાઈ જવાનો ભય બતાવ્યો.

હઝરત ઉરવહ વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકયા હતા, પરંતુ તેમની હિંમત યુવાનોને શરમાવે તેવી હતી. તેઓ પગ કપાવવા માટે તૈયાર થઈ ગયા. ‘ઓપરેશન’ કરનારા તબીબે તેમને સલાહ આપી કે થોડો શરાબ પી લો જેથી પગ કપાવવાની તકલીફનો અહેસાસ ઓછો થાય. આપ હઝરતે ફરમાવ્યું કે જે બીમારીથી તંદુરસ્ત થવાની મને ઉમ્મિદ હોય તેમાં હું કોઈ હરામ વસ્તુની સલાહ લેવાને માટે તૈયાર નથી. તબીબે કહ્યું કે તો બેહોશીની દવાનો ઉપયોગ કરો. આપે ફરમાવ્યું કે નહીં હું એ ક્યારેય પસંદ કરતો નથી કે મારા શરીરનો કોઈ અવયવ કાપવામાં આવે અને હું તેની તકલીફને મહેસૂસ ન કરું.

તબીબે લાચાર થઈને કેટલાક સહાયકોને કહ્યું કે હઝરત ઉરવહ (અ.સ.)નો પગ કાપવામાં આવે ત્યારે તેમને અત્યંત સંભાળપૂર્વક મજબૂત રીતે પકડી રાખવામાં આવે, પરંતુ ત્યારે પણ હઝરત ઉરવહે કહ્યું કે મને કોઈની મદદની કંઈ જ જરૂર નથી. તમે તમારી રીતે આવશ્યક જણાય તે રીતે પગ કાપી શકો છો. એટલે તબીબે એ સમયનાં સાધનોથી તેમના ટખ્ના સુધીનો ભાગ અલગ કરી દીધો. હઝરત ઉરવહ અલૈયહિ સલ્લામની જબાન પર અલ્લાહતઆલાનો ઝીક્ર (યાદ) ચાલુ રહી. ઓપરેશન પછી વહી રહેલા ખૂનને બંધ કરવા માટે જખ્મને ‘દાગવા’નો સમય આવ્યો, ત્યારે તેમને બેહદ તકલીફ થઈ. તેઓ બેહોશ થઈ ગયા, પરંતુ એ બેહોશી વધુ સમય રહી નહીં. હોશમાં આવતાં જ મુખ પરનો પરસેવો લૂછતાં કપાયેલો પગ જોવાની માગણી કરી. શરીરના ભાગથી છૂટો કરવામાં આવેલો પગ આપ હઝરત (અ.સ.)ની સામે લાવવામાં આવ્યો. તેને હાથમાં લઈને આપે ફરમાવ્યું કે - ‘એ પાકજાતની કસમ! જેણે તારા ઉપર મારો બોજ મૂક્યો હતો, એ ખૂબ સારી પેઠે જાણે છે કે હું તેના મના કરેલા કોઈ માર્ગ પર ચાલ્યો નથી.’

- આવી ભયાનક તકલીફ બરદાશ્ત (સહન) કરવા છતાં હઝરત ઉરવહ અલૈયહિ સલ્લામની જીભ પર શિકાયતનો એક શબ્દ પણ આવ્યો નહોતો. આપ દરેક સ્થિતિમાં ખુદાવંદે કરીમનો શુક્ર અદા કરતા રહ્યા. કોઈવાર આપ હઝરત ફરમાવતા હતા કે,

- ‘યા ખુદાવંદતઆલા!’

‘તારો લાખ લાખ શુક્ર, આભાર છે કે મારા ચાર હાથ-પગમાંથી તે એકને લઈને બાકીના ત્રણને તો સલામત રાખ્યા છે.’

‘તેં મને હમણાં થોડીક મુસીબતમાં; તકલીફમાં નાખ્યો છે, પરંતુ હમણાં ઘણા સમયથી લાંબી રાહતની જિંદગી પણ આપી જ છે ને..!’

- બનુ ઉમૈયાની પણ એક મહાન સત્તાધિશ, હકુમતકર્તા, ઈન્સાફ પ્રિય બાદશાહની સમાનતા, ઈન્સાફ અને જાહોજલાલીની હિદાયત પ્રદાન કરનારા સુવર્ણ યુગ વિશે ફરી કયારેક રોશની નાખીશું અને પ્રેરણા મેળવીશું.

* * *

**સાપ્તાહિક સંદેશ:**

પયગંબર હઝરત મુહંમ્મદ (સલ.) પર નાઝિલ, આકાશવાણીથી આવેલ કુરાન પાકના પ્રકરણ બાવીસમાં તથા ચોપનમાં સૃષ્ટિનો સર્જનહાર અલ્લાહ કહે છે કે

- ‘જેમને આકાશી કિતાબોનું જ્ઞાન આપવામાં આવ્યું છે, તેઓ જાણી લે કે તે (કુરાન) તમારા પરવરદિગાર તરફથી સત્ય છે, પછી તેના પર ઈમાન (આસ્થા; શ્રદ્ધા) લાવે, પછી તેમના અંતઃકરણ તે (અલ્લાહ) માટે નરમ થઈ જાય અને બેશકઃ અલ્લાહ તે લોકોને કે જેઓ ઈમાન લાવ્યા છે, સીધા માર્ગે પહોંચાડી દેનાર છે.

- હુઝૂરે અનવર (સલ.)

આપ પયગંબરે ઈસ્લામની સત્યતા અને નિખાલસપણાની એ સર્વોત્તમ સાબિતી છે કે તેમના પર સૌ પ્રથમ ઈમાન લાવનાર તેમના જ ઘરના માણસો અને કુટુંજનો હતા.

‘તેઓ બધા તેમના ખાનગી જીવનથી અને તમામ વસ્તુઓ-બાબતોથી પૂર્ણ માહિતગાર હતા.

‘જો મહંમ્મદ સાહેબનાં જરા પણ, સહજ પણ દંભ કે અપ્રમાણિકતા હોત તો આ બધા તેમનો જરૂર વિરોધ કરત.

- ડેવીડ ડેવનપોર્ટ ■

# બીસીસીઆઈ, રાજ્ય ક્રિકેટ એસોસિયેશનો ખેલકૂદ વહીવટ ધારા હેઠળ કેમ નહીં?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે બોર્ડ ઑફ ક્રિકેટ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ) અને બધા રાજ્ય ક્રિકેટ એસોસિયેશનને સવાલ પૂછ્યો છે કે શા માટે તેમને રાષ્ટ્રીય રમતગમત વહીવટ ધારો, ૨૦૨૫ લગાડવામાં ન આવે.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વ. મોહનાની બેન્ચે મંગળવારે ક્રિકેટ બોર્ડની બાબતમાં અમુક ક્રિકેટ એસોસિયેશનની અરજીઓ સાંભળતી વખતે ઉક્ત નિરીક્ષણ કર્યું હતું.

બેન્ચે બોર્ડના અને એસોસિયેશનના ઍડવોકેટને કહ્યું હતું કે તેઓ તેમના અસીલ પાસેથી એની સૂચના લે કે શા માટે તેમના હોદ્દેદારોને ૨૦૨૫ના કાયદાની શરતો અને નિયમો ન લાગુ પડી શકે. સર્વોચ્ચ અદાલત ૨૦૧૪ની રીટ અરજી અને ત્યાર બાદ સમયાંતરે નોંધાયેલી અરજીઓને હાથ ધરી રહી હતી.

અગાઉ સર્વોચ્ચ અદાલતે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ આર. એમ. લોધાની આગેવાની હેઠળની સમિતિ નીમી હતી. આ સમિતિને દેશની સૌથી સમૃદ્ધ ખેલકૂદ બોડી માટે બંધારણ રચવા સહિતના સુધારા સૂચવવાનું કહેવામાં આવ્યું હતું.

સમિતિની માળખા, સંગઠન અને કામગીરીમાં સુધારા સૂચવતી ભલામણો અદાલતે સ્વીકારી હતી.

અદાલતે સપ્ટેમ્બર ૨૦૨૨માં બોર્ડના બંધારણમાં સુધારા માન્ય રાખ્યા હતા અને કહ્યું હતું કે કોઈ પણ હોદ્દેદાર બાર વર્ષીની સતત બે મુદતમાં છ વર્ષ રાજ્ય એસોસિયેશન અને છ વર્ષ બોર્ડનો હોદ્દો સ્વીકારી શકે. ત્યાર બાદ તેને ત્રણ વર્ષ શીત ગાળામાં રહેવું પડશે.

અદાલતે કહ્યું હતું કે કોઈ પણ હોદ્દેદાર ચોક્કસ હોદ્દો સતત બે મુદત પર રહી શકે અને આમાં બોર્ડ કે એસોસિશન સ્તરે હોઈ શકે. ત્યાર બાદ તેને ત્રણ વર્ષ માટે શીતકાલીન સમયમાં જવું પડે.

સર્વોચ્ચ અદાલતે અગાઉ બોર્ડના બંધારણને માન્ય રાખ્યું હતું જેમાં ત્રણ વર્ષની સતત બે મુદત પછી કોઈ પણ હોદ્દેદારને ફરજિયાત ત્રણ વર્ષ હોદ્દા વગર રહેવું પડે. આ નિયમ રાજ્ય એસોસિયેશન કે બોર્ડના હોદ્દેદારને લાગુ પડે છે. (એજન્સી)■

# અમારા માટે બધા સરખા: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: અમારી સમક્ષ દરેક વ્યક્તિ સમાન છે એમ જણાવતાં સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ફોજદારી માનહાનિના કેસમાં ફરિયાદીને વહેલી સુનાવણી જોઈતી હોય તો તેણે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ.

ફરિયાદીના વકીલે આક્ષેપ કર્યો હતો કે કોર્ટની રજિસ્ટ્રી કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સાથે વીવીઆઈપી જેવો વ્યવહાર કરી રહી છે. અગાઉ કોર્ટે સુનાવણીનો નિર્દેશ આપ્યો હોવા છતાં રાહુલ ગાંધીની અપીલ યાદીમાં મૂકવામાં ન આવી હોવાની બોર્ડર રોડ ઑર્ગેનાઈઝેશનના ભૂતપૂર્વ ડિરેક્ટર ઉદય શંકર શ્રીવાસ્તવ વતી ઉપસ્થિત રહેલા વકીલ ગૌરવ ભાટિયાએ ફરિયાદ કરતાં કોર્ટ દ્વારા આ ટિપ્પણી કરવામાં આવી હતી. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા-ઈરાન યુદ્ધ

મોટી સંખ્યામાં અમેરિકના સૈનિકો ઘાયલ થયા હતા. તેમને જીવનને ભયમાં મૂકે એવી ઈજા સાથે જર્મનીના રામસ્ટેન હવાઈ મથક પર હવાઈમાર્ગે ખસેડવામાં આવ્યા હતા.

જોર્ડનના લશ્કરે દાવો કર્યો હતો કે તેની ઍર-ડિફેન્સ સિસ્ટમે તેના ક્ષેત્રમાં છોડવામાં આવેલા ૧૬ બેલિસ્ટિક મિસાઈલને આંતરી લીધી હતી અને બીજી બે મિસાઈલ નીચે પડી હતી, જ્યાં કોઈ જાનહાનિ થઈ નથી. જોર્ડને દાવો કર્યો હતો કે ઇરાનના હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોર્ડન અમેરિકાનું મજબૂત સાથીદાર છે અને ત્યાં અમેરિકાના લશ્કરી મથકો છે. આને લીધે શાહી દેશ પર વારંવાર ઇરાન હુમલા કરે છે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે કહ્યું હતું કે અમારે આ અંગે કોઈ માહિતી આપવી નથી.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને યુદ્ધ કઈ રીતે આટોપવું તેની કલ્પના નથી. આથી તેઓએ આર્થિક અને લશ્કરી અભિગમ અપનાવ્યો છે. આના ભાગરૂપે ઇરાન પર હુમલા થઈ રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે મંગળવારે ઇરાનના એવિયેશન ઉદ્યોગ પર વધારાના પ્રતિબંધ લાદ્યા હતા. તહેરાનને તેના વેપાર ભાગીદારથી અલગ પાડવા બે ડઝન જેટલા ખાનગી ઍરલાઈન અને વિદેશી કાર્ગો સર્વિસ પ્રોવાઈડરને આમાં લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. અમેરિકા અને ઇરાન બંને હોર્મુઝની સામુદ્રધુની પર કબજો જમાવવા માગી રહ્યા છે જ્યાંથી વિશ્વના પાંચમા ભાગના તેલનું પરિવહન થાય છે. ઈંધણના વધતા ભાવ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી માટે નવેમ્બરની વચગાળાની ચૂંટણી પહેલાં માથાના દુખાવા બન્યા છે. ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરને પાર કરી દીધા હતા. (એજન્સી)■

### સઉદીનો વળતો પ્રહાર

યમનના ચાર પ્રાન્ત (તાઈજ, હૌદેદા, જૌફ અને મરીબ) પર ૩૨ હવાઈહુમલા કર્યા હતા. આ ચારે પ્રાન્ત પર હુતીઓનો કબજો છે.

હુતીઓ દ્વારા સઉદી અરેબિયાની અનેક તેલ રિફાઈનરી અને પબ્લિક યુટિલિટી કેન્દ્રો પર કરવામાં આવેલા હુમલાના એક દિવસ બાદ સઉદી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

હુતી દ્વારા સઉદી પર કરવામાં આવેલા હુમલામાં ૭૩ જણ ઘાયલ થયા હતા. ■

### પાકિસ્તાનની ઈરાનના

ફેલાવો, ગત મહિને મક્કામાં પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તૂર્કી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા સામૂહિક સંરક્ષણ કરારની જોગવાઇઓને સક્રિય બનાવશે.

આસિફે ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં કહ્યું કે આમાં કોઇ શંકા ન હોવી જોઇએ. આ એક સંયુક્ત સંરક્ષણ કરાર છે તે અંગે વધુ સ્પષ્ટતાની કોઇ જરૂર નથી. તેમણે કહ્યું કે પાકિસ્તાન આ કરાર હેઠળ સઉદી અરેબિયા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાઓનું સન્માન કરશે. ■

### ઘસાતો રૂપિયો

ઇન્ટરમીડિયેટ ક્રૂડનો ભાવ બે ટકા વધીને બેરલ દીઠ આશરે ૯૫ ડૉલર થયો હતો.

અખાતમાં અમેરિકા અને ઇરાન દ્વારા ફરી સામસામા હુમલા થઇ રહ્યા હોવાથી ખનિજ તેલનું વહન મુશ્કેલ બન્યું છે.

બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૨૩ જુલાઇએ ૧૦૦ ડૉલર થઇ ગયો હતો અને હાલમાં તેને પણ વટાવી ગયો છે.

ભારત ખનિજ તેલની સૌથી વધુ આયાત અને વપરાશ કરતો વિશ્વનો ત્રીજા ક્રમનો દેશ છે અને ખનિજ તેલના આંતરરાષ્ટ્રીય ભાવમાંની વધઘટની અસર તુરત દેશના અર્થતંત્ર પર થાય છે.

ભારત પેટ્રોલ અને ડીઝલ બનાવવા માટે જરૂરી ખનિજ તેલમાંના ૮૮ ટકાથી વધુના જથ્થાની આયાત કરે છે.

ખનિજ તેલના આંતરરાષ્ટ્રીય ભાવમાંનો વધારો અને રૂપિયાની સામે ડૉલરનું મૂલ્ય વધવાથી દેશના અર્થતંત્ર પર માઠી અસર થાય છે. સરકારની કંપનીઓ હાલમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણગૅસ ખોટ કરીને વેચે છે. (એજન્સી)■

### ‘માનવ જીવન સાથે જુગાર

બાબતમાં વ્યક્ત કરાયેલી ચિંતાને સમર્થન આપ્યું હતું અને જણાવ્યું હતું કે સેન ફ્રાન્સિસ્કો ખાતેની આ કંપનીએ હજી સુપરઇન્ટેલિજન્સ માટે ‘અલાઇનમન્ટ પ્લાન’ નથી તૈયાર કર્યો.

તેમણે સોશ્યલ મીડિયા ‘એક્સ’ પરની પૉસ્ટમાં જણાવ્યું હતું કે ટૅક્નોલૉજી સુપરહ્યુમન સિસ્ટમ્સ તરફ ઝડપથી પ્રગતિ કરી રહી છે અને તે કંઇ પણ હૅક કરી શકે છે, કોઇ પણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે તેમ જ ખરી શક્તિ અને સ્રોતોને પ્રાપ્ત કરી શકે છે. કોઇ પણ માનવ પ્રવૃત્તિથી આટલું બધું જોખમ નથી ઊભું થતું.

જેકબ કોક્સોને જણાવ્યું હતું કે મેં બુધવારે એન્થ્રોપિકમાંથી રાજીનામું આપ્યું હતું. મેં છેલ્લાં ત્રણ વર્ષ ઑપનએઆઇ અને એન્થ્રોપિકનું કામ કરવામાં વિતાવ્યાં હતાં. આમાંની કોઇ પણ કંપની જવાબદારીથી કામ નથી કરતી. તેઓ જાતે જ પોતાનો વિકાસ કરતી સુપરઇન્ટેલિજન્સ માટે સ્પર્ધા કરી રહ્યા છે અને આપણા જીવન સાથે જુગાર રમી રહ્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે અનેક અધિકારીઓ અને સંશોધનકારોને પણ અનિયંત્રિત આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)થી ઊભા થનારા જોખમની ચિંતા છે. (એજન્સી)■

### લાલ કિલ્લાનો

એજન્સીના ૭,૫૦૦ પાનાનાં તહોમતનામામાં જણાવાયું હતું કે નબી આ ધડાકાનું કાવતરું અંદાજે છેલ્લાં બે વર્ષથી ઘડતો હોવાનું મનાય છે. તે ભારતીય ઉપખંડમાંના અલ-કાઇદાની શાખા ગણાતી અન્સાર ઘઝવાત-ઉલ-હિંદનો ‘આપરેશનલ ઇન-ચાર્જ’ અને આ હુમલાનો મુખ્ય સૂત્રધાર હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે નબી અને અન્ય આરોપી લાલ કિલ્લાની ૨૦૨૩ના ડિસેમ્બરથી અવારનવાર મુલાકાત લેતા હતા. નબી ૨૦૨૨થી અન્સાર ઘઝવાત-ઉલ-હિંદને ફરી સક્રિય કરવા પ્રયાસ કરી રહ્યો હતો અને ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિ કરવા સક્ષમ લોકોનું નેટવર્ક ઊભું કરતો હતો.

તહોમતનામામાં જણાવાયું હતું કે આ ધડાકો અગાઉથી નક્કી કરાયેલી તારીખે નહોતો કરાયો. શ્રીનગરમાં અનેક જણની ધરપકડ થઇ તે પછી નબી પકડાઇ જવાના ડરથી જાતે જ ધડાકો કરવા ગયો હતો.

ચાર્જશીટમાં જણાવાયું હતું કે ધડાકો કરવા માટે કારમાં સુધારા-વધારા કરીને તેનું ‘વેહિકલ-બૉર્ન ઇમ્પ્રૂવાઇઝ્ડ એક્સ્પ્લોઝીવ ડિવાઇઝ’માં રૂપાંતર કરાયું હતું. (એજન્સી)■

# રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘમાં રાદડિયા જૂથનું વર્ચસ્વ યથાવત્, પૂર્વ પ્રધાન અરવિંદ રૈયાણીની હાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીનું પરિણામની સૌ કોઈ કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. સંઘની પાંચ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. પ્રતિષ્ઠા સમાન બનેલી આ ચૂંટણીમાં કેટલાક ઉમેદવારોએ પાર્ટીના મેન્ડેટ અને વ્હિપ વિરૂધ્ધ જઈને ચૂંટણી લડી હતી. બુધવારે જાહેર થયેલા ચૂંટણી પરિણામમાં બે મહત્વની બેઠકો પર બળવાખોર ઉમેદવારોની જીત થતાં ફરી રાજકારણ ગરમાયું છે. આ ચૂંટણીમાં પ્રશાંત કોરાટ અને જયેશ રાદડિયા જૂથ વચ્ચેની લડાઈમાં જયેશ રાદડિયા જૂથે તેનું વર્ચસ્વ ફરી એક વખત સાબિત કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છેકે, આ ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેન્ટ વિરુદ્ધ ફોર્મ ભરનાર બે મહત્વની સીટ પર ભાજપના બળવાખોર ઉમેદવારોની જીત થઈ છે. જેમ કે, કુવાડવા જૂથની બેઠક પર પૂર્વ



તસ્વીર : પ્રવિણ સેદાણી

પ્રધાન અરવિંદ રૈયાણી સામે નીતિન ચોવટિયાએ ચૂંટણી લડી હતી. આ મુકાબલામાં નીતિન ચોવટિયાએ અરવિંદ રૈયાણીને હરાવીને મહત્વની જીત મેળવી હતી. બીજી તરફ માધાપર જૂથની બેઠક પર પૃથ્વીસિંહ ઉર્ફે ઘોઘુભા જાડેજા સામે રાદડિયા જૂથના વિજય સખીયા મેદાનમાં હતા. અહીં પણ મોટો અપસેટ સર્જાયો અને વિજય સખીયાની જીત થઈ હતી. બંને બેઠકો પર રાદડિયા જૂથના ટેકેદારોને પાર્ટીનું મેન્ડેટ ન મળતાં તેમણે અલગથી ફોર્મ ભર્યા હતા. જો કે, આ બન્ને ઉમેદવારને ભારતીય જનતા પાર્ટીએ મેન્ડેટ આપવા છતાં તેમના એક પણ મતદારે તેમને મત આપ્યા ન હતા. બંને બેઠકોના પરિણામે ચૂંટણીમાં જૂથવાદ અને આંતરિક ખેંચતાણની ચર્ચા તેજ બની છે. બીજી તરફ ત્રંબા બેઠક પર નીતિન રૈયાણી અને અનિરુદ્ધસિંહ જાડેજા વચ્ચે મુકાબલો થયો હતો, જો કે, ટાઈ થતા ચિઠ્ઠી ઉછાળતા નિતીન રામાણીની જીત થઈ હતી. જયારે હલેન્ડા બેઠક પર પણ પાર્ટીએ જેમને મેન્ડેટ આપ્યું તેવા મહેશ આસોદરીયાની જીત થઈ છે અને ખોખડદડ બેઠક પર જયેશ રાદડિયા જૂથના વિરોધી બાબુ નસીતની જીત થઈ છે. આમ, પાંચ બેઠકોની ચૂંટણીમાં અલગ-અલગ જૂથોની સ્થિતિ સ્પષ્ટ જોવા મળી હતી અને દરેક બેઠકનું પરિણામ રાજકીય રીતે મહત્વનું બન્યું છે.

જોકે, સમગ્ર ચૂંટણીમાં પાંચમાંથી ત્રણ બેઠકો પર વ્હિપનો અનાદર થયો હોવાનું બહાર આવ્યું છે. પક્ષના મેન્ડેટ હોવા છતાં કેટલાક ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો. શિસ્તબધ્ધ પાર્ટી મનાતી ભાજપ હવે આ બળવાખોર ઉમેદવારો સામે કોઈ કાર્યવાહી કરે છે કે નહીં તેના પર સૌની નજર છે. ■

## ડે. કમિશનર અને સિટી ઈજનેરને નોટિસ

# રાજકોટ શહેરના નવા રિંગરોડના બ્રિજની કામગીરીમાં બેદરકારી, બે ઈજનેર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરના નવા રિંગરોડ પર નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં બેદરકારી અને કામમાં ક્ષતિઓ સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. મનપા કમિશનર તુષાર સુમેરાએ સમગ્ર મામલે કડક વલણ અપનાવતા બે ઈજનેરોને સસ્પેન્ડ કર્યા હતા. આ ઉપરાંત જવાબદારી નિભાવવામાં બેદરકારી બદલ ડેપ્યુટી કમિશનર અને સિટી ઈજનેરને શોકોઝ નોટિસ ફટકારવામાં આવી હતી.



તસ્વીર : પ્રવિણ સેદાણી

નવા રિંગરોડ પર અલગ-અલગ સ્થળોએ કુલ ત્રણ નાના બ્રિજનું નિર્માણ ચાલી રહ્યું છે. આશરે ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલા આ બ્રિજની કામગીરીમાં બેદરકારી તેમજ બાંધકામ સંબંધિત ક્ષતિઓ સામે આવતા મનપા દ્વારા જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સસ્પેન્ડ કરવામાં આવેલા બંને ઈજનેરો સામે હવે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે. આ સાથે જ બ્રિજનું કામ કરનાર કોન્ટ્રાક્ટર બેકબોન કન્સ્ટ્રક્શન સામે પણ કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મનપા કમિશનર તુષાર સુમેરાએ સ્પષ્ટ કર્યું હતું કે, બ્રિજ જેવા મહત્વના જાહેર બાંધકામમાં કોઈ પણ પ્રકારની બેદરકારી કે ક્ષતિને સ્વીકારવામાં આવશે નહીં. કામગીરીની ગુણવત્તા અને સલામતી સાથે કોઈ સમાધાન નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ મનપા તંત્ર દ્વારા આપવામાં આવ્યો હતો. ■

# રાજકોટ શહેરને સ્વચ્છ રાખવા માટે મનપા કમિશનર ખુદ રસ્તા પર ઊતર્યા, ગંદકી કરનારા સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ સાથે બુલેટ પર સવાર થઈને ફિલ્ડમાં નીકળ્યા હતા. શહેરને સ્વચ્છ રાખવાના હેતુંથી તેમણે જ્યુબિલી, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં કમિશનરે સ્થળ પર જ સફાઈ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન જાહેરમાં કચરો ફેંકનાર, ગંદકી કરનાર અને રસ્તા પર થૂંકનાર સામે રૂબરૂ કાર્યવાહી કરવામાં આવી હતી. ખાસ કરીને જ્યુબિલી વન-વે રોડ પર લારી-થડાવાળાઓને પોતાની જગ્યાની સફાઈ જાતે જ કરાવવામાં આવી હતી. લારી-થડાની આસપાસ કચરો જોવા મળતા ધંધાર્થીઓને કડક સૂચના આપવામાં આવી કે ધંધો કરવાની સાથે પોતાના વ્યવસાયના સ્થળની સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ તેમની જ રહેશે. ફિલ્ડ મુલાકાત દરમિયાન જાહેર રસ્તા પર થૂંકનાર એક નાગરિકને પણ કમિશનરે સ્થળ પર જ રોક્યો હતો. નાગરિકને સ્વચ્છતાની જવાબદારી સમજાવી અને જે સ્થળે થૂંકવામાં આવ્યું હતું તે સ્થળની સફાઈ પણ તેની પાસે જ કરાવવામાં આવી હતી.

મનપા કમિશનર તુષાર સુમેરાએ સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, મહાનગરપાલિકા સફાઈ કરશે અને નાગરિકો ગંદકી કરશે એવી માનસિકતા હવે નહીં ચાલે. શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર સફાઈ કર્મચારીઓની નહીં, પરંતુ દરેક નાગરિકની પણ છે.

આગામી દિવસોમાં પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને સ્પોટ એક્શન હાથ ધરવામાં આવશે. જાહેરમાં ગંદકી કરનાર સામે દંડાત્મક તેમજ લાગુ પડતી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. ■

## ભાવનગર એસ.ટી. વિભાગની કડક કાર્યવાહી

# ઓગસ્ટ માસમાં નિયમભંગ બદલ બે લાખથી વધુનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર એસ.ટી.વિભાગ દ્વારા મુસાફરોને સલામત, સુવિધાસભર અને નિયમબદ્ધ પરિવહન સેવા મળી રહે તે હેતુથી ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન ચેકિંગ સ્કવોર્ડ અને સુરક્ષા શાખા દ્વારા બસો તથા બસ સ્ટેશનો ખાતે સઘન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન વગર ટિકિટ મુસાફરી કરતા ૨૫ મુસાફરો ઝડપાયા હતા, જેમની પાસેથી કુલ રૂ. ૫,૮૪૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મુસાફરો પાસેથી નાણાં મેળવી ટિકિટ નહીં આપવાના કિસ્સામાં ત્રણ કંડક્ટરો સામે નિગમના ધારાધોરણો મુજબ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભાવનગર એસ.ટી. વિભાગ હેઠળના કુલ ૦૮ ડેપો ખાતે તમાકુ અધિનિયમ-૨૦૦૩ અંતર્ગત પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

બસ તથા બસ સ્ટેશન પર જાહેરમાં ધૂમ્રપાન કરવા તેમજ પાન-માવાની પિચકારી મારી ગંદકી ફેલાવવા બદલ ૪૮૯ વ્યક્તિઓ સામે દંડાત્મક કાર્યવાહી કરી કુલ રૂ. ૪,૯૮૦નો દંડ વસૂલાયો હતો.આ ઉપરાંત, પાર્કિંગ ઝોનના નિયમોનો ભંગ કરવા તેમજ બિનઅધિકૃત રીતે મુસાફરોનું વહન કરતા ૦૮ ખાનગી વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હતા. આ વાહનો સામેની કાર્યવાહી અંતર્ગત કુલ રૂ. ૧,૮૯,૮૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આમ, ઓગસ્ટ માસ દરમિયાન વિવિધ પ્રકારના નિયમભંગ બદલ ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા કુલ રૂ. ૨,૦૦,૬૨૦નો દંડ વસૂલવામાં આવ્યો છે.મુસાફરોને નિયમબદ્ધ, સ્વચ્છ અને સલામત જાહેર પરિવહન સેવા મળી રહે તે માટે આવી ચેકિંગ અને દંડાત્મક કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. ■

# કચ્છમાં ગુનેગારો પર તવાઈ, ગાંધીધામ અને સામખિયાળીમાં બાવન આરોપીના બિનઅધિકૃત વીજ જોડાણ કપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : પૂર્વ કચ્છ પોલીસ દ્વારા અસામાજિક અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્વો સામે કડક લાલ આંખ કરીને વીજ કંપનીના સહયોગથી મોટા પાયે ઝુંબેશ ચલાવવામાં આવી છે. હત્યાની કોશિશ, લૂંટ, રાયોટિંગ, આર્મ્સ એક્ટ, ઘરફોડ ચોરી, ઓઈલ ચોરી તથા વાયર ચોરી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૫૨ માથાભારે શખ્સોના રહેણાંક મકાનોમાં મેળવાયેલા બિનઅધિકૃત વીજજોડાણ કાપી નાખવામાં આવ્યા હતા.

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ચલાવાયેલી આ વિશિષ્ટ ઝુંબેશ અંતર્ગત ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકની હદમાં ૩૧ અને સામખિયાળી પોલીસ મથકની હદમાં ૨૧ શખ્સોના કનેક્શનો કટ કરાયા હતા. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે વીજતંત્રની ટીમને સાથે રાખીને ઉમર ઉર્ફે શકિલ કટિયા, અબ્દુલ ભટ્ટી, જાકીર ઉર્ફે જેકી, સાલેમામદ નિગામણા, જુસબ ટાંક, યાકુબ કકલ, ગુલામ ઉર્ફે જંગલી, સિકંદર સોઢા, રફીક ઉર્ફે ઈડાભુરજી સોઢા અને અલ્તાફ ઉર્ફે ભાલુ ટાંક સહિત ૩૧ ગુનેગારોના મકાનો પર ચાલતા ગેરકાયદે વીજ જોડાણો શોધી કાઢીને કાપી નાખ્યા હતા.

બીજી તરફ, સામખિયાળી પોલીસે પણ વીજ કંપનીની ટીમ સાથે રહીને ધવલ બારોટ, મુરીબેન કોળી, શબિર મંસુરી, જુસબ રાઉમા, હંસરાજ કોળી, સિકંદર મીર, વિરમ કોળી, મયુદ્દીન માંજોઠી અને કપિલ મારાજ સહિત ૨૧ શખ્સોના બિનઅધિકૃત વીજજોડાણો કપાવી નાખ્યા હતા. ગંભીર ગુનાના આરોપીઓ પર હાથ ધરાયેલી આ આકરી કાર્યવાહીથી પૂર્વ કચ્છના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# સુરેન્દ્રનગરમાં એક કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : જિલ્લાના લીંબડી-ચોટીલા નેશનલ હાઈવે પરથી ૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો હતો. લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી)એ બાતમીના આધારે કાર્યવાહી કરતા રાસ્કા બોડીયા ગામના પુલ પાસે હાઈવે પર કન્ટેનર ટ્રકને રોકી તપાસ કરતા તેમાંથી ૩૧,૪૫૨ કાચની સીલબંધ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

પોલીસે રાજસ્થાનના ટ્રક ચાલક જુજારામ રીડમલરામ ગોદારા જાટની ધરપકડ કરી તેની સામે લીંબડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન કાયદા હેઠળ ગુનો નોંધ્યો હતો.

જ્યારે આ કેસમાં ટ્રકનો માલિક, નાસિકનો રમેશકુમાર (દારૂનો જથ્થો મોકલનાર) અને દારૂ મંગાવનાર અજાણ્યો શખસ હાલ ફરાર છે. પોલીસે આ તમામ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ડીસામાંથી ₹ ૧૬.૨૦ લાખના હેરોઈન સાથે શખસ ઝડપાયો, ભુજ બોર્ડર ઝોન એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાંથી રૂપિયા ૧૬.૨૦ લાખની કિંમતના ૮૧ ગ્રામ હેરોઈન સાથે એક શખ્સને ભુજ બોર્ડર ઝોન એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે ઝડપી પાડીને આ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો.

રાજ્યમાં નશાકારક પદાર્થોની બદીને નાબૂદ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અનુસાર એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તે દરમિયાન એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ, સી.આઈ.ડી. ક્રાઈમ-ભુજ બોર્ડર ઝોનને મળેલી પૂર્વ બાતમીના આધારે ડીસાના ટેકરા વિસ્તારમાં આવેલી નહેરુનગર પ્રાથમિક શાળા પાસે દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન મહેશ ઉર્ફે બલ્લો ભરત ઠાકોરના મકાનમાં છુપાવી રાખવામાં આવેલો ૮૧ ગ્રામ હેરોઈનનો જથ્થો (અંદાજિત કિંમત રૂ.૧૬,૨૦,૦૦૦) મળી આવ્યો હતો.

પોલીસે માદક પદાર્થનો જથ્થો કબજે કરી આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી, ડ્રગ્સનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે જાણવા સઘન તપાસ હાથ ધરી છે.■

# ભાવનગરની બજારમાં ચલણી સિક્કાઓની અછત વચ્ચે ₹ ૭.૫૦ લાખનું પરચૂરણ વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : શહેરની બજારમાં છેલ્લા ઘણા સમયથી ચલણી સિક્કાઓની ભારે અછત પ્રવર્તી રહી હોવાથી વેપાર-ઉદ્યોગ અને ગ્રાહકોને છૂટા પૈસા માટે મુશ્કેલી ભોગવવી પડી રહી હતી. આ સમસ્યાના ઉકેલ અર્થે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆતના પગલે બેંક ઓફ ઈન્ડિયાની નિલમબાગ શાખાના સંયુક્ત ઉપક્રમે બુધવારે પરચૂરણ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી રૂ. ૧, ૨, ૫, ૧૦ અને ૨૦ના મૂલ્યના સિક્કાઓનું વિતરણ કરાયું હતું, જેમાં પરચૂરણ મેળવવા લોકોની લાંબી લાઈનો લાગી હતી. બેંકના જવાબદાર અધિકારીના જણાવ્યા મુજબ, આજે કુલ ૩૦૦ ટોકન ઈશ્યુ કરવામાં આવ્યા હતા અને એક વ્યક્તિ દીઠ મહત્તમ રૂ. ૨,૫૦૦ મુજબ અંદાજે રૂ. ૭.૫૦ લાખનું પરચૂરણ વિતરીત કરવામાં આવ્યું હતું. બીજી બાજુ આગામી સમયમાં તહેવારો આવી રહ્યા હોવાથી વેપારીઓ અને ગ્રાહકોને છૂટા પૈસાની ઝંઝટમાંથી કાયમી મુક્તિ મળે તે માટે તંત્ર દ્વારા હજુ વધુ પ્રમાણમાં સિક્કાઓનું વિતરણ કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.■

# જામનગરના શ્રાવણી લોકમેળામાં ૪૫૦થી વધુ બાળકોએ રાઈડ્સની મોજ માણી



તસ્વીર : જગત રાવલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર : શહેરના પ્રદર્શન મેદાનમાં યોજાયેલા શ્રાવણી લોકમેળામાં શહેર તથા આસપાસના વિસ્તારમાં અભ્યાસ કરતા અનાથ, દિવ્યાંગ તેમજ વિવિધ સંસ્થાઓ અને છાત્રાલયોમાં રહેતા ૪૫૦થી વધુ બાળકોને મેળાની રાઈડ્સનો નિઃશુલ્ક આનંદ માણવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રાવણી લોકમેળાના સંચાલકો અને શહેરના સામાજિક કાર્યકરોના સંયુક્ત પ્રયાસોથી વિવિધ સંસ્થાઓના બાળકોને ખાનગી બસ તેમજ અન્ય વાહનો મારફતે પ્રદર્શન મેદાન ખાતે લાવવામાં આવ્યા હતા. તમામ બાળકો પોતાની સંસ્થા અને શાળાના ગણવેશમાં મેળામાં પહોંચતા પ્રદર્શન મેદાનમાં એક અલગ જ માહોલ સર્જાયો હતો. બાળકોને નાની-મોટી તમામ રાઈડ્સનો આનંદ મળી રહે તે માટે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ રાઈડ્સમાં બેસીને બાળકોએ ભારે ઉત્સાહ સાથે આનંદ વ્યક્ત કર્યો હતો.

જામનગરના આણદા બાવા અનાથાલય ફોર ગર્લ્સની બાળાઓ, અને બાળકો, સ્પેશિયલ એડોપશન એજન્સી ના બાળકો સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સાધના કોલોનીના બાળકો આ ઉપરાંત નાલંદા આશ્રમશાળા, સંસ્થા ઓમ ટ્રેનિંગ સેન્ટર તથા ચિલ્ડ્રન હોમ સહિતના ૪૫૦ થી વધુ બાળકોએ મેળાનું મનોરંજન માણ્યું હતું.

રાઈડ્સનો આનંદ માણ્યા બાદ તમામ બાળકો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મેયર મોનિકાબેન વ્યાસ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોને પોતાના હાથે ભોજન પીરસ્યું હતું. મેળાની મહેમાનગતિ સાથે સેવાભાવી અભિગમના આ આયોજનથી બાળકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી. ■

# ભાવનગર મનપાના આઠ વોર્ડ અને છ ગામમાં મિલકત રિ-સર્વે પૂર્ણ, કુલ ડિમાન્ડમાં ૧૩૧.૯૧ કરોડનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : મિલકત વેરાની આવકમાં વધારો કરવા અને કરમાળખાને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી ભાવનગર મહાનગરપાલિકાના એસેસમેન્ટ વિભાગ દ્વારા હાથ ધરાયેલ મિલકત રિ-સર્વે (આકારણી) ઝુંબેશને મોટી સફળતા સાંપડી છે. મનપા વિસ્તારમાં સમાવિષ્ટ ભળેલા ગામો તેમજ શહેરના વિવિધ વોર્ડમાં કરાયેલી આકારણીના પરિણામે મહાનગરપાલિકાના ઘરવેરાના મુખ્ય આવકના સ્ત્રોતમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. મળતી વિગતો અનુસાર, વર્ષ ૨૦૧૮-૧૯થી શરૂ કરીને અત્યાર સુધીમાં એસેસમેન્ટ વિભાગે મહાનગરપાલિકામાં ભળેલા ૬ ગામો અને શહેરના ૮ વોર્ડમાં સફળતાપૂર્વક રિ-સર્વે પૂર્ણ કર્યો છે. આ સમગ્ર કામગીરી દરમિયાન કુલ ૧,૯૪,૭૮૪ મિલકતોનો રિ-સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ૫૨,૧૪૯ જેટલી નવી મિલકતો ચોપડે ઉમેરાઈ છે. વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ૬ ગામો અને ૭ વોર્ડમાં સર્વેની કામગીરી આટોપી લેવામાં આવી હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એસેસમેન્ટ વિભાગ દ્વારા વોર્ડ નંબર-૬ (નવાપરા-તખ્તેશ્વર) વિસ્તારમાં આકારણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ વોર્ડના સર્વે બાદ તેની વાર્ષિક ડિમાન્ડમાં ૩.૨૨ કરોડ અને કુલ ડિમાન્ડમાં ૨૦.૬૨ કરોડનો વધારો થયો છે.

શહેરમાં સતત વધી રહેલા શહેરીકરણ અને નવી મિલકતોના ઉમેરાને આકારણી હેઠળ આવરી લેવાના મનપાના આ સઘન અભિયાનના કારણે મહાનગરપાલિકાની વાર્ષિક ઘરવેરાની આવકમાં કુલ ૩૫.૨૪ કરોડનો સીધો વધારો થયો છે. જ્યારે મનપાની કુલ ડિમાન્ડમાં ૧૩૧.૯૧ કરોડનો જંગી વધારો નોંધાયો છે. એસેસમેન્ટ વિભાગની આ ત્વરિત અને અસરકારક કામગીરીના પરિણામે મહાનગરપાલિકાનું ઘરવેરાનું આવકનું માળખું વધુ મજબૂત અને સ્થિર બન્યું છે. ■

# અમરેલીના મોટા આંકડિયાથી અપહરણ કરાયેલા બાળકને પોલીસ પરત લાવી, આરોપીની મધ્ય પ્રદેશમાંથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી : તાલુકાના મોટા આંકડીયા ગામેથી પાંચ વર્ષના બાળકના અપહરણની બનેલી ગંભીર ઘટનાને પગલે અમરેલી તાલુકા પોલીસે તાત્કાલિક ઓપરેશન હાથ ધરી માત્ર ૧૫ કલાકની જહેમત બાદ અપહરણ કરાયેલા બાળકને સલામત રીતે શોધી કાઢી પરિવારને સોંપી દીધું હતું. બાળક પરત મળતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મળતી વિગતો મુજબ, મધ્યપ્રદેશ રાજ્યના એક પરિવાર સાથે છેલ્લા છ માસથી ઓળખાણ ધરાવતા એક શખ્સે પરિવારનો વિશ્વાસ કેળવ્યો હતો. આ દરમિયાન આરોપી લલિત નામના શખ્સે વાલીપણાનો લાભ લઈ પાંચ વર્ષના બાળકને બાઈક પર બેસાડી લઈ ગયો હતો. બાળક નજરે ન પડતાં



તસ્વીર : દિલીપ જીરુકા

પરિવારજનોમાં ભારે ચિંતા ફેલાઈ હતી અને સમગ્ર મામલે અમરેલી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

બાળકના અપહરણની ગંભીર ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્ર દોડતું થયું હતું. બનાવની ગંભીરતા ધ્યાને લઈ ડીવાયએસપી ચિરાગ દેસાઈના નેતૃત્વ હેઠળ અમરેલી તાલુકા પોલીસ અને એલસીબીની અલગ-અલગ પાંચ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસની વિવિધ ટીમોએ બાળકને વહેલી તકે શોધી કાઢવા માટે અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી.

બાળકને લઈ આરોપી કઈ દિશામાં ગયો તે જાણવા માટે પોલીસે મોટા આંકડીયા ગામથી લઈને આસપાસના વિસ્તારોમાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પોલીસ ટીમોએ અમરેલીના નેત્ર કેમેરા સિસ્ટમ તેમજ રાજકોટ જિલ્લાના નેત્ર કેમેરાના ફૂટેજ પણ ચકાસ્યા હતા.

પોલીસ દ્વારા અંદાજે ૧૭૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. સતત ૧૫ કલાકની મહેનત બાદ પોલીસને આરોપીની હિલચાલ અંગે મહત્વપૂર્ણ કડી મળી હતી. સીસીટીવી ફૂટેજના આધારે આરોપી જેતપુર તરફ ગયો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું.

સીસીટીવી ફૂટેજમાંથી મળેલી મહત્વપૂર્ણ કડીના આધારે પોલીસની ટીમે તપાસ આગળ ધપાવી હતી અને જેતપુરના વીરપુર વિસ્તારમાં પહોંચી હતી. અંતે પોલીસે મધ્યપ્રદેશ રાજ્યના લલિત નામના આરોપીને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી અપહરણ કરાયેલા પાંચ વર્ષના બાળકને સલામત રીતે શોધી કાઢ્યું હતું. બાળકને સલામત રીતે પરત મેળવ્યા બાદ પોલીસે તેને તેના પરિવારજનોને સોંપ્યું હતું. લાંબા સમયથી ચિંતામાં રહેલા પરિવારજનોને બાળક પરત મળતાં ખુશીનો માહોલ છવાયો હતો. અપહરણ જેવી ગંભીર ઘટનામાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી અને સીસીટીવી કેમેરાની મદદથી આરોપી સુધી પહોંચી માત્ર ૧૫ કલાકમાં બાળકને સલામત રીતે પરિવાર સુધી પહોંચાડ્યું હતું. ■

# સંસ્થા સમાચાર

## થાણામાં પર્યુષણ પર્વ

પૂ. આ. દેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ, પૂ. આ. દેવ શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ. સા., પ. આ. ભ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ. સા., શ્રી હરીશચન્દ્રસાગરજી મ. સા., શ્રી મનનચન્દ્રસાગરજી મ. સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતા શ્રીજી મ. સા., શ્રી ચારુતાશ્રીજી મ. સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં મુનિસુવ્રત સ્વામિ જિનાલય, ટેંભીનાકા, થાણા (પ.)માં પર્યુષણ પર્વનો શુભારંભ થઈ ચૂક્યો છે. એમાં રોજ સવારે ૯થી ૧૧ વાગ્યા સુધી રસપ્રદ પ્રવચનમાળા થશે, આંગીરચના, રાત્રિભક્તિભાવના તેમ જ તપઆરાધનાની શૃંખલા ચાલતી રહેશે.

## મૂગાં-બહેરાં બાળકો માટે કૃત્રિમ ફૂલ બનાવવાની કાર્યશાળા

રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી-વેસ્ટની કોશિશ સ્કૂલ ઇન્ટરેક્ટ ક્લબ યુથ વિંગ દ્વારા મૂગાં, બહેરાં બાળકો અને શિક્ષકો માટે કૃત્રિમ ફૂલ બનાવવાની કાર્યશાળા યોજાઈ હતી. ભૂતપૂર્વ પ્રમુખ સુનીતા હિર્લેકર, યુથ ડિરેક્ટર જ્યોતિ પાઈ, ક્લબના પ્રમુખ વ્રજેશ શાહ, સેક્રેટરી રઘુનાથ પ્રભુ, યુથ એવેન્યુ ટીમ દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન અપાયું હતું.

## બોરીવલીમાં હીંકાર તપ

પ. પૂ. આ. ભ. શ્રી વિજય શીલચન્દ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. પન્યાસ શ્રી ચન્દ્રકીર્તિવિજયજી મ.સા., પૂ. આ. શ્રી વિજયરત્ન કીર્તિસૂરીશ્વરજી મ. સા., મુનિ શ્રી રશ્મિચંદ્રવિજયજી મ. આદિ ઠાણા, ક્ષી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા. સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી અર્ચિતગુણાશ્રીજી મ. સા.ના સુશિષ્યા પૂ. સા. શ્રી રત્નગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણાનો બોરીવલી-પૂર્વના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢીમાં ચાતુર્માસ પ્રવેશ થયો. એમાં પૂ. આ. શ્રી વિ. રત્નકીર્તિસૂરીશ્વરજી મ.સા.ના વિવિધ વિષયો પર પ્રવચન શ્રેણી થશે. આ ૪૮ દિવસના સમાધિદાયક હીંકાર તપના શુભારંભમાં મોટી સંખ્યામાં તપસ્વીઓ જોડાયા છે. તપ પારણું ૧૬ સપ્ટેમ્બરે છે.

## પર્યુષણ મહાપર્વ

શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ (સાંતાક્રુઝ-પાર્લા-અંધેરી) દ્વારા ૮-૯-૨૬થી ૧૫-૦૯-૨૬ સુધી પર્યુષણ મહાપર્વ ૨૦૨૬ સ્વાધ્યાયમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં સવારે ૯થી ૧૧ સુધી ભક્તિ-સ્વાધ્યાય, અને સાંજે ૭થી ૯ દરમ્યાન ભાવપ્રતિક્રમણ-સ્વાધ્યાય થશે. સ્થળ-આજીવાસન હૉલ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ.

## સ્વાધ્યાય

પર્યુષણ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ (સાંતાક્રુઝ-વિલે પાર્લા-અંધેરી) દ્વારા ૮-૯-૨૬થી ૧૫-૦૯-૨૬ સુધી સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્વાન સાધક આ. શ્રી. રમેશભાઈ ખંધાર સ્વાધ્યાય અર્થે પધારશે. સ્વાધ્યાયનો વિષય સવારે સમ્યક્દર્શનની પ્રાપ્તિનો ક્રમ અને ઉપાય, આધાર- શ્રી વચનામૃત પત્રાંક-૫૬૯ અને સાંજે સમ્યક્દર્શનની પૂર્વભૂમિકા અને સત્પાત્રતાનો વિકાસ, આધાર-શ્રી પંચસૂત્ર, શ્રી વચનામૃતજી અને મહાપુરુષોના જીવન પ્રસંગો રહેશે. સ્થળ-આજીવાસન હૉલ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ.

## કાંદિવલીમાં શરદોત્સવ નિમિત્તે રાસ ગરબા

કાંદિવલી રિક્રિએશન ક્લબ (કેઆરસી)ની મનોરંજન સમિતિ દ્વારા રવિવાર, ૪ ઑક્ટોબરે રાતે ૭થી ૧૦ વાગ્યા સુધી કેઆરસીના મેદાનમાં શરદોત્સવ નિમિત્તે રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. મેમ્બર્સને આઇકાર્ડ પર પ્રવેશ આપવામાં આવશે અને તેમના મહેમાનોના પાસ માટે ઑફિસનો સંપર્ક કરવો.

## શ્રી વિષ્ણુ મહાયજ્ઞ પવિત્રોત્સવ

ફણસવાડી સ્થિત શ્રી વેંકટેશ દેવસ્થાન પરિસરમાં આ પવિત્રોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. આગમ શાસ્ત્રોમાં નારાયણ શ્રી વિષ્ણુના પવિત્રોત્સવનું ખૂબ મહત્ત્વ માનવામાં આવે છે. દેશનાં તમામ રાજ્યોમાંથી લોકોએ આ પવિત્ર ઉત્સવની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કાંચી, તિરુપતિ, શ્રીરંગમ્ વગેરે દિવ્ય સ્થળોના વિદ્વાન આચાર્યોએ વેદ, દિવ્ય પ્રબંધ અને પારાયણનો પાઠ કરીને વાતાવરણને ભક્તિથી ભરી દીધું હતું.

# દાવાની પતાવટમાં ૩૫ દિવસના વિલંબ બદલ પ્રોવિડન્ટ ફંડ સંસ્થાને ૬% વ્યાજ ચૂકવવા આદેશ

મુંબઈઃ એક ગ્રાહક અદાલતે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન)ને એક નિવૃત્ત કર્મચારીને ૧૪ લાખ રૂપિયાથી વધુના પ્રોવિડન્ટ ફંડના દાવાની પતાવટમાં ૩૫ દિવસના વિલંબ બદલ ૬ ટકા વ્યાજ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે.

મુંબઈ ઉપનગરીય જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચે ગયા અઠવાડિયે આપેલા આદેશમાં ઈપીએફ યોજના, ૧૯૫૨ હેઠળ નિર્ધારિત ૨૦ દિવસના સમયગાળામાં દાવાનું સમાધાન કરવામાં નિષ્ફળ રહેવા બદલ સંસ્થાને સેવામાં ખામી બદલ દોષી ઠેરવી હતી.

ફરિયાદી ફ્લીટ મેરીટાઇમ સર્વિસીસ (ઇન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડના ભૂતપૂર્વ કર્મચારી છે. તેણે અરજીમાં જણાવ્યું હતું કે તેમણે ૧૯ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ સંપૂર્ણ પીએફ દાવો રજૂ કર્યો હતો, પરંતુ ઇપીએફઓ નિર્ધારિત સમયગાળામાં તેનો નિકાલ કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

ઈપીએફઓએ દલીલ કરી હતી કે તેમણે મૂળ દાવા સાથે જરૂરી સંયુક્ત ઘોષણાપત્ર નહોતું રજૂ કર્યું અને તે ૭ નવેમ્બર, ૨૦૧૬ના દિવસે પાછું આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨ ડિસેમ્બર, ૨૦૧૬ના દિવસે દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ મળ્યો હતો.

ત્યારબાદ, ૧૪ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ ૨૦ દિવસની અંદર પ્રોવિડન્ટ ફંડના દાવાનો નિકાલ કરવામાં આવ્યો હતો, સંસ્થાએ જણાવ્યું હતું કે, તેના તરફથી કોઈ વિલંબ થયો હોવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

# લાંચના કેસમાં ભૂતપૂર્વ સબ-રજિસ્ટ્રાર, ક્લર્ક અને સ્ટૅમ્પ વિક્રેતાને બે વર્ષની કેદ

લાતુરઃ જમીન પ્રકરણમાં પચીસ હજાર રૂપિયાની લાંચ સ્વીકારવાના કેસમાં લાતુરની સેશન્સ કોર્ટે ભૂતપૂર્વ સબ-રજિસ્ટ્રાર, જુનિયર ક્લર્ક અને ખાનગી સ્ટૅમ્પ વિક્રેતાને બે વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

એડિશનલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજે સોમવારે આપેલા ચુકાદામાં ત્રણેય આરોપીને દસ-દસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

ફરિયાદ પક્ષ અનુસાર ઔસા તહેસીલના શિંદાલા ગામમાં રહેતા ફરિયાદીએ જાન્યુઆરી, ૨૦૧૫માં કૃષિલક્ષી જમીન ખરીદી હતી અને રજિસ્ટર્ડ કરાવી હતી. આ માટે સ્ટેમ્પ ડ્યુટી પૂરી ભરી હોવા છતાં ઔસાના તે સમયના સબ-રજિસ્ટ્રાર અશોક પોમાજી બોરવકે (૪૭)એ રજિસ્ટર કરાવેલા ઑરિજિનલ દસ્તાવેજો સુપરત કરવા માટે પચીસ હજાર રૂપિયાની કથિત માગણી કરી હતી.

જોકે આ બોરવકેએ આ રકમ જુનિયર ક્લર્ક રાજેન્દ્રકુમાર નાનારાવ પાટીલ (૪૦) અને ખાનગી સ્ટૅમ્પ વિક્રેતા નીતિન લક્ષ્મીકાંતરાવ અપસિંગેકર (૪૫) મારફત સ્વીકારી હતી, એવું ફરિયાદ પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું. ફરિયાદીને લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી તેણે એસીબીમાં ફરિયાદ કરી હતી. અધિકારીઓએ તપાસ બાદ ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કોર્ટે પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ હેઠળ ત્રણેય આરોપીને કસૂરવાર ઠેરવ્યા હતા. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રમાં બાબા આમ્ટે દ્વારા સ્થાપિત કૉલેજનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપાશે

ચંદ્રપુર (મહારાષ્ટ્ર): ચંદ્રપુર સ્થિત જાણીતા સમાજસેવક બાબા આમ્ટે દ્વારા સ્થાપિત 'આનંદ નિકેતન કૉલેજ'ના સંચાલકોએ તેનું સંચાલન કોઈ ખાનગી સંસ્થાને સોંપવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેમ્પસના સમારકામ અને પુનઃનિર્માણ માટે અંદાજે ૧૧૧ કરોડ રૂપિયાની જરૂરિયાત હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના વારોરા ખાતે આવેલી આનંદ નિકેતન કૉલેજ ઑફ સાયન્સ, આર્ટસ ઍન્ડ કોમર્સની સ્થાપના બાબા આમ્ટે દ્વારા ૨૦ જૂન, ૧૯૬૪ના રોજ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં અહીં ૨,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ કર્મચારીઓ છે; સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કૉલેજ બંધ કરવાનો વિચાર નથી. તેમણે જણાવ્યું હતું કે, કૉલેજની જવાબદારી ખાનગી સંસ્થાને સોંપવાનો ઉદ્દેશ્ય સામાજિક-આર્થિક અને શારીરિક રીતે વંચિત વિદ્યાર્થીઓની સેવા કરવાની સંસ્થાની પરંપરાને જાળવી રાખવાનો તેમ જ સામાજિક ઉત્થાનના તેના ધ્યેયને આગળ ધપાવવાનો છે.

આ સંસ્થાનું સંચાલન કરતી 'મહારોગી સેવા સમિતિ'ના જણાવ્યા અનુસાર, ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં બંધાયેલી કૉલેજની ઇમારત ખૂબ જ જર્જરિત થઈ ગઈ છે. ૨૦૦૮માં નિષ્ણાત ઈજનેરોએ ઈમારતની તપાસ બાદ તારણ કાઢ્યું હતું કે વ્યાપક નુકસાનને કારણે હવે સમારકામ શક્ય નથી તેથી અઢાર વર્ષ બાદ પણ કામચલાઉ સમારકામ પર નિર્ભર રહેવું જોખમી છે.

અધિકારીઓનો દાવો છે કે ૨૫ કિલોમીટરના ઘેરાવામાં આવેલી કોલસાની ખાણોમાં થતા નિયંત્રિત વિસ્ફોટોને કારણે છેલ્લાં ત્રણ વર્ષમાં પહેલેથી જ નબળી પડી ગયેલી ઈમારતનું માળખું વધુ જોખમમાં મુકાયું છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાઓ અને સીએસઆર પહેલ દ્વારા ભંડોળ એકત્ર કરવાના વ્યાપક પ્રયાસો છતાં, આધુનિક અને સુરક્ષિત કેમ્પસ માટે જરૂરી ૧૧૧ કરોડ રૂપિયા એકત્ર કરવા અશક્ય છે. આ મર્યાદાઓને ધ્યાનમાં રાખીને, સમિતિએ હસ્તાંતરણનો નિર્ણય લીધો છે, તેમ તેમણે જણાવ્યું હતું.

એક ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે હાલમાં ચાર સંસ્થાએ રસ દાખવ્યો છે. જોકે, હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. (પીટીઆઈ) ■

# ખરાબ ભોજન મળતા પાલઘરની આશ્રમશાળાના આદિવાસી વિદ્યાર્થીઓમાં રોષ

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં આશ્રમશાળાના સેંકડો આદિવાસી વિદ્યાર્થીઓએ વાસી અને અસ્વચ્છ ભોજન પૂરું પાડવાના આક્ષેપ સાથે 'સેન્ટ્રલ કિચન સિસ્ટમ'ને તાત્કાલિક બંધ કરવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

લાંબા પરિવહન સમયને લીધે ફૂડ પોઈઝનિંગના જોખમ અંગે ચિંતા વ્યક્ત કરીને, વિદ્યાર્થીઓએ પોતાની ફરિયાદો રજૂ કરવા માટે મંગળવારે એક મોરચો કાઢ્યો હતો અને ધરણા પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે સેન્ટ્રલાઇઝ્ડ કિચનમાં તૈયાર થતું ભોજન લાંબા અંતર સુધી પહોંચાડવામાં આવતું હોવાથી તે શાળામાં પહોંચતા પહોંચતા વાસી હાલતમાં વિદ્યાર્થીઓને મળે છે.

વિદ્યાર્થીઓએ તેમની માગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિરોધ પાછો ખેંચવાનો ઇનકાર કર્યો હતો. બાદમાં અધિકારીઓએ તેમને ખાતરી આપી હતી કે ખોરાકની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે. ■

# કેડીએમસીમાં મહિલા કોર્પોરેટરે એન્જિનિયરનું ફાટેલી શાલ ઓઢાડી કર્યું વિચિત્ર 'સન્માન'



મુંબઈઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં રસ્તા પરના ખાડાઓની સમસ્યાથી કંટાળેલી મહિલા કોર્પોરેટરોએ વિરોધ કરવાની એક વિચિત્ર રીત અપનાવી હતી. કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ની બે મહિલા કોર્પોરેટરે એક એન્જિનિયરને ફાટેલી શાલ ઓઢાડી હતી અને કહ્યું હતું કે જ્યારે તેઓ તેમના વિસ્તારના રસ્તાઓને ખાડામુક્ત કરી દેશે ત્યારે તેઓ તેમને સારી શાલ આપીને સન્માનિત કરશે, પરંતુ અત્યારે તો તેમણે આ ફાટેલી શાલથી જ ચલાવવું પડશે.

**શું છે સમગ્ર મામલો?:** કલ્યાણ પશ્ચિમના રામબાગ નંબર ૪ વિસ્તાર અને કોર્પોરેટરની કચેરીઓની બિલકુલ સામેના રસ્તાઓનો સમાવેશ થાય છે ત્યાં રસ્તાઓ પર મોટા ખાડા પડી ગયા છે. સ્થાનિક કોર્પોરેટરોએ આક્ષેપ કર્યો છે કે અનેક ફરિયાદો કરવા છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશનનું વહીવટીતંત્ર કોઈ નક્કર પગલાં લેવામાં નિષ્ફળ રહ્યું છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્પોરેટર સ્વપ્નાલી કેણે અને અપર્ણા ભોઈરે અનોખી રીતે પોતાનો વિરોધ નોંધાવવા માટે મ્યુનિસિપલ ડેપ્યુટી એન્જિનિયર રાજપૂતની કચેરીની મુલાકાત લીધી હતી. તેમણે અધિકારીઓને એવી શાલ ઓઢાડીને 'સન્માનિત' કર્યા, જેની ડિઝાઈન ખાડાવાળા રસ્તાઓનું પ્રતીક હતી.

મહિલા કોર્પોરેટરોના જણાવ્યા અનુસાર માત્ર બે દિવસ પહેલાં જ સમારકામ કરાયેલા રસ્તાઓ પર ફરીથી ખાડા પડી ગયા છે. તેમણે માગ કરી હતી કે ગણેશોત્સવ પહેલાં નાગરિકોને ખાડા-મુક્ત રસ્તાઓ પૂરા પાડવામાં આવે. તેમણે કટાક્ષ કરતા એમ પણ કહ્યું હતું કે જો રસ્તાઓ સારી ગુણવત્તાના બનાવવામાં આવશે તો તેઓ અધિકારીઓનું સન્માન એક સુંદર શાલ આપીને કરશે. મહિલા કોર્પોરેટરોએ વહીવટીતંત્રને ચેતવણી પણ આપી છે કે જો ગણેશોત્સવ પહેલાં રસ્તાનાં કામો પૂર્ણ કરવામાં નહીં આવે, તો ઠાકરે જૂથ દ્વારા ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

**કેડીએમસીમાં અગાઉ થયો વિવાદઃ** મહારાષ્ટ્રના કોર્પોરેટરો અવારનવાર ચર્ચામાં રહેતા હોય છે. જુલાઈ ૨૦૨૬માં મહારાષ્ટ્રના ડોંબિવલીસ્થિત શાસ્ત્રી નગર હોસ્પિટલમાં ડોક્ટરો અને નર્સો પર કથિત હુમલાના મામલે શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રેની ધરપકડ કરવામાં આવી હતી, ધરપકડ બાદ તેમની તબિયત બગડતાં તેમને સારવાર માટે થાણે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બાબતે ડોંબિવલીના એસીપી સુહાસ હેમાડેએ પણ એક નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓને કારણે રમેશ મ્હાત્રેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ કાઉન્સિલર ભૂતકાળમાં પણ ઘણી વખત આવા વર્તન માટે ચર્ચામાં રહ્યા છે. ■

# ક્વિક-કૉમર્સ કંપનીમાં નોકરીને બહાને ૧૦ જણને છેતર્યાઃ બે વિરુદ્ધ ગુનો

થાણેઃ ક્વિક-કૉમર્સ કંપનીમાં નોકરીની લાલચે ૧૦ જણના મોબાઈલ નંબર અને બૅન્ક ખાતાંની વિગતો મેળવ્યા પછી આર્થિક વ્યવહાર માટે તેનો કથિત દુરુપયોગ કરવા બદલ ભિવંડી પોલીસે બે આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ કંપનીના ગોદામમાં પૅકિંગ જૉબની ખાતરી આપી બધાનો વિશ્વાસ જીત્યો હતો. નોકરીની પ્રક્રિયાના ભાગ રૂપે ૧૦ નોકરી ઇચ્છુક પાસેથી તેમની બૅન્કની પાસબુક અને તેની સાથે લિંક કરાયેલાં સિમ કાર્ડ્સ પ્રાપ્ત કર્યાં હતાં. જોકે ખાસ્સા દિવસો વીત્યા છતાં કોઈને નોકરી મળી નહોતી.

બાદમાં નોકરી ઇચ્છુકોને જાણ થઈ હતી કે તેમની જાણબહાર તેમનાં બૅન્ક ખાતાં અને મોબાઈલ નંબર્સનો ગેરકાયદે આર્થિક વ્યવહાર માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. આ વાતની જાણ થતાં છેતરાયેલી એક મહિલાએ તેના દસ્તાવેજો અને સિમ કાર્ડ્સ તાત્કાલિક પાછાં સોંપવાની વાત કરી હતી. જોકે દસ્તાવેજો પાછા આપવાનો ઇનકાર કરી આરોપીએ ગંભીર પરિણામ ભોગવવાં પડશે, એવી ધમકી ઉચ્ચારી હતી.

આખરે છેતરાયેલા લોકોએ ભિવંડીના ભોઈવાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે બે શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# ચાકુના ઘા ઝીંકી સાસુની હત્યાઃ ફરાર જમાઈની ધરપકડ

નાંદેડઃ ચાકુના ઘા ઝીંકી સાસુની હત્યા કરી અને પત્નીને ગંભીર રીતે ઘાયલ કર્યા બાદ ફરાર થયેલા આરોપીને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. આરોપીની ઓળખ ગગનસિંહ ઉર્ફે લકી ગણપત મિલવાલે તરીકે થઇ હોઇ તે નાંદેડના શાહીદપુરા વિસ્તારનો રહેવાસી છે.

પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર ગગનસિંહ અને તેની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ૨૧ ઑગસ્ટે રાતે પત્ની મોબાઇલ પર કોઇ સાથે ચૅટિંગ કરી રહી હતી, જેને કારણે ગગનસિંહ સાથે ફરી તેનો ઝઘડો થયો હતો, જે ઉગ્ર બન્યો હતો. એ સમયે ગગનસિંહની સાસુ ઘરમાં હાજર હતી. દરમિયાન ઉશ્કેરાયેલા ગગનસિંહે તેની પત્ની અને સાસુ પર ચાકુથી હુમલો કર્યો હતો અને બાદમાં ત્યાંથી ફરાર થઇ ગયો હતો. ગગનસિંહે કરેલા હુમલામાં બંને જાંભીર રીતે ઘવાઇ હતી. બંનેને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં સાસુને મૃત જાહેર કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# હિન્દુ મરણ

**દશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

ગુંદીયાલી કચ્છના હાલ મુલુંડ, ગં. સ્વ. અંજનાબેન રમેશભાઈ શાહ (ઉં. વ. ૮૦) ૭-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રમેશભાઈ ભગવાનદાસ શાહના પત્ની. પ્રશાંતના મમ્મી. કિરણના સાસુ. તન્વી વત્સલ શાહના દાદી. સ્વ. તારાબેન પ્રભુદાસભાઈ મેઘાણીના પુત્રી. સ્વ. વિરેશ મેઘાણી અને કલ્પના જયંતભાઈ દેસાઈના બેન. લૌકિક વ્યવહારો બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

વાસજાલિયા નિવાસી, સ્વ. દામોદરદાસ ગોવર્ધનદાસ રાજાણીના પુત્ર રાજેશ (ઉં.વ. ૬૦) તા. ૭-૯-૨૬ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કાશ્મીરાના પતિ. હર્ષ અને કિંજલના પિતા. ભરત તથા પીયુષના મોટાભાઈ. સ્વ. રજનીકાંત નાથાલાલ કાનાણીના જમાઈ. બંને પક્ષ પ્રાર્થનાસભા તા. ૧૦-૯-૨૬ને ગુરુવારે સવારે ૧૦.૩૦થી ૧૨.૦૦. સ્થળઃ ઠક્કરાઈ ભાટિયા હોલ, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) નમઃ હોસ્પિટલની સામે, મુંબઈ ખાતે રાખેલ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. કમળાબેન દિનકરલાલ શાહ (નાશિકવાળા)ની પુત્રવધૂ તે સુરેશભાઈ દિનકરલાલ શાહના ધર્મપત્ની. સંજય, સપના, સેફાલી તથા સ્વાતીના માતુશ્રી. સ્વ. પાર્થિવકુમાર, મનીષકુમાર તથા વિકાસકુમાર, ચૈતાલીના સાસુ. સ્વ. કમળાબેન ચીમનલાલ ધારિયા (રંગુનવાલા)ની પુત્રી. વિલાસ સુરેશભાઈ શાહ (ઉં.વ. ૮૫) તા. ૭-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખી છે.

**લેઉઆ પાટીદાર**

હાલ મુંબઈ વિલેપાર્લે, પાણેયાના સ્વ. ઉર્મિલા ગોરધનદાસ પટેલના સુપુત્ર મહેન્દ્રભાઈ પટેલ (ઉં.વ. ૮૭) તા. ૮-૯-૨૬ના રામશરણ પામેલ છે. તે કમળાબેનના પતિ. મનિષા-જીજ્ઞા-હેતલના પિતાશ્રી. દેવેન-શિવરાજ-ચિરાગના સસરા. ક્રિતાર્થ, ધ્રિતી, કાશ્વીના નાનાજી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર-સુથાર જ્ઞાતિ**

ગામ લુણસાપુર, હાલ ભાંડુપ, સ્વ. પ્રભાવતી રતિલાલભાઈ સિદ્ધપુરાના જયેષ્ઠ પુત્ર સ્વ. રાજેન્દ્રભાઈ સિદ્ધપુરા (ઉં.વ. ૬૩) તે કંચનબેનના પતિ. જિનેશભાઈ તથા મિલિનભાઈના પિતા. ઉન્નતિબેન તથા અશ્વિનીબેનના સસરાજી. જગદીશભાઈ, દીપકભાઈ તથા અલ્કાબેન અશોકભાઈ ચુડાસમાના મોટાભાઈ. સ્વ. શાંતાબેન જેરામભાઈ મકવાણાના જમાઈ. તા. ૭-૯-૨૬ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૬, શુક્રવારના ૫થી ૭. સ્થળઃ શ્રી લુહાર સુથાર હિતેચ્છક જ્ઞાતિ મંડળ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (ઈસ્ટ).

**કપોળ**

મહુવાવાળા, હાલ મલાડ, સ્વ. શાંતાબેન તથા સ્વ. જયંતિભાઈ નરોત્તમદાસ શેઠનાં પુત્રવધૂ. ગં.સ્વ. યામિની નરેન્દ્રકુમાર શેઠ (ઉં.વ. ૬૯) તા. ૮-૯-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રકુમાર શેઠનાં ધર્મપત્ની. સુરેશભાઈ, મુકેશભાઈ તથા હેમંતભાઈનાં ભાભી. રશ્મિબેન, વર્ષાબેન તથા ભાવનાબેનનાં જેઠાણી. મહુવાવાળા સ્વ. કપિલાબેન તથા સ્વ. ધીરજલાલ મોહનલાલ મહેતાનાં પુત્રી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

એકલેરાવાળા, હાલ કાંદિવલી, સ્વ. મંજુલા પ્રભુદાસ મોદીના પુત્ર સ્વ. શૈલેશ મોદી (ઉં.વ. ૭૮) તા. ૬-૯-૨૬, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. મીનાબેનના પતિ. હેતલ અને રોનકના પિતા. કિરણ, સતીશ, મધુસૂદન, અતુલ, સ્વ. સંગીતા તથા વીણાના મોટાભાઈ. સ્વ. જયાબેન હિમંતલાલ પરીખના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ઘાટકોપર, સ્વ. રંજનબેન રમણલાલ પારેખના પુત્ર બીપીનભાઈ (ઉં.વ. ૬૯) તા. ૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે જાગૃતિબેનના પતિ. નિશિત-ભક્તિના પિતા. નાયશાના દાદા. કિશોરભાઈ-કુસુમબેન, સ્વ. જયપ્રકાશભાઈ, અ.સૌ. ભારતીબેન અજીતભાઈ વોરા, અ.સૌ. વીણાબેન હર્ષદભાઈ મહેતાના ભાઈ. જામનગરવાળા સ્વ. ભાઈલાલભાઈ પ્રાગજીભાઈ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૬ શુક્રવારના સાંજે ૫ થી ૭. સ્થળઃ લવંડર બાગ, ૯૦ ફિટ રોડ, ઘાટકોપર ઇસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ નાગ્રેચા હાલ ડોમ્બિવલી, સ્વ. લીલહવંતિ વિઠ્ઠલદાસ પુરુષોત્તમ ઠક્કર(બળિયા)ના પુત્રવધૂ ગં.સ્વ. ભાનુમતી (ઉં.વ. ૭૭) તે સ્વ. હરેશ (રાજાભાઈ)ના ધર્મપત્ની. સ્વ. મમ્મીબેન વિઠ્ઠલદાસ જાધવજી તન્નાના પુત્રી. સ્વ. જયશ્રી હીરાલાલ અનમ, પૂર્ણિમા નટવરલાલ સસલાણી, કોકિલા મુકેશ આડઠક્કર, સ્વ. પરેશના ભાભી. ચેતન, પ્રશાંત, મનીષના માતુશ્રી. વિજયાલક્ષ્મી, તેજશ્રીના સાસુ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦/૯/૨૬ ગુરુવારના ૫:૩૦ થી ૭:૦૦. સફાઈર બેંકવેટ, ૩જે માળે, પી. પી. ચેમ્બર્સ, કે. ડી. એમ. સી. ઑફિસની સામે, ડોમ્બિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

બોરીવલી નિવાસી, અ.સૌ. વર્ષા પરેશ દલાલ (ઉં.વ. ૬૭) તે પરેશભાઈ વસંતલાલ દલાલનાં ધર્મપત્ની. દર્શિકા તથા અનુજનાં માતૃશ્રી. પ્રતીક વ્યાસ તથા યાશિકા કંપાણીના સાસુમા. ધ્રીતિના નાનીમા. પિયરપક્ષે સ્વ. માધુરી જિતેન્દ્ર જંબુસરિયાનાં પુત્રી. કૌશિકભાઈ તથા કલ્પનાનાં બહેન. તા. ૭-૯-૨૬, સોમવારના શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

ગામ રાજુલા હાલ મલાડ નિવાસી, બળવંતભાઈ ધનજીભાઈ ચોટલિયા (ઉં.વ. ૭૩) તે સ્વ. કાશીબેન ધનજીભાઈના પુત્ર. તે જયાબેનના પતિ. સ્વ. જીગ્નેશભાઈ, હરેશભાઇ-તેજલ, અ.સૌ. વૈશાલી દિલીપકુમાર ચૌહાણના પિતા. જસવંતભાઈ, મનસુખભાઈ, કનુભાઈ, સુમનભાઈ, જીતેન્દ્રભાઈ નિર્મળાબેન ટાંકના ભાઈ. ધ્રુવંશ, શુયાંશ, હેનિલ, પરીના દાદા/નાના. ગં.સ્વ. કસ્તુરીબેન નાનુભાઈ પરમારના જમાઈ, તા. ૮-૯-૨૬, મંગળવારના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૯-૨૬ના ગુરુવારના સાંજે ૫ થી ૭, સ્થળઃ શ્યામ વાડી, ઓબેરોય મૉલની સામે, મલાડ-ઈસ્ટ.

**શ્રીમાળી બ્રાહ્મણ**

કચ્છ માંડવી નિવાસી હાલ કાંદીવલી, સ્વ. કુંદનબેન તથા સ્વ. રમણિકલાલ મકનજી ઓઝાના સુપુત્ર મહેંદ્ર રમણિકલાલ ઓઝા (ઉં.વ. ૬૯) સોમવાર, તા. ૭/૯/૨૬ના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. તારાબેન તથા સ્વ. જીતેન્દ્ર નિર્ભય ઠાકરના જમાઇ. માલાબેનના પતિ. ખુશ્બુ તથા દિશાના પિતા. અ.સૌ. પૂર્ણિમા, જયશ્રી અને હર્ષાના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૦/૯/૨૬ના સાંજે ૫ થી ૭. કેવલ બાગ હોલ, કિલાચંદ રોડ, ડેલીકસી હોટલની ગલી, કાંદીવલી ફ્લાય ઓવરની નીચે, ઓફ એસ વી રોડ, કાંદીવલી વેસ્ટ.

# પારસી મરણ

ફલી બમનશા તવડીયા તે મરહુમો તેહમીના બમનશાહ તવડીયાના દીકરા. તે કેટી તથા મરહુમો એમી, ચાંદન, મીનુ, સોલે ને નરગેશના ભાઈ. તે ફરહાદ, ફ્રેયાના ગ્રેન બચ્ચાઓ. તે ફરહાદ, આરીશ, રૂસ્તમ, મહારૂખ, ઝરીર, ફરઝાના ને મરહુમ શાપુરના મામા. તે નરીના સાલા. (ઉં. વ. ૭૬) ઠે. ગોદરેજ બાગ, બિલ્ડીંગ એન, રૂમ નં. ૪, પહેલે માળે, નેપયન્સી રોડ ઓફ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાની ક્રિયાઃ ૧૦-૯-૨૬ને દીને બપોરે ૩-૪૫ વાગે ઉપરની બેનેટ નં.-૬માં ડુંગરવાડી પર.

# જૈન મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થા. જૈન**

દ્વારકાવાળા હાલ ઘાટકોપર સ્વ. મનુભાઈ ભીખાલાલ ભાયાણી અને સ્વ. જયશ્રીબેનના પુત્ર મનીષભાઈ (ઉં. વ. ૬૧) સોમવાર, ૭-૯-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે તૃપ્તીબેનના પતિ. ધ્રુવિકાના પિતાશ્રી. અ. સૌ. બીન્દુબેન અતુલકુમાર બાવીશીના ભાઈ. સ્વ. જયંતીલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. કાંતિલાલ તથા સ્વ. ડૉ. નટવરલાલ ભાયાણીના ભત્રીજા. શ્વસુર પક્ષે સ્વ. ચમનલાલ દામોદરદાસ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી (હાલ મુંબઈ) રાજેન (ઉં.વ. ૫૬) તા. ૮-૯-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હેમલતાબેન (ગોપીબેન) તથા રમેશભાઈ ધીરજલાલ શાહના સુપુત્ર. હેમાલી (પીંકી)ના પતિ. નીરવા-દેયાનના પિતા. વૈશાલી (પુની)ના ભાઈ. સ્વ. નીરાબેન તથા સ્વ. રમેશભાઈ વાડીલાલ મહેતાના જમાઈ. હાર્દિક-પુનીતા, નિશિથ-જલ્પના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

અશોકભાઈ પ્રેમચંદ કામદાર (ઉં.વ. ૭૩) બોટાદ નિવાસી, હાલ મલાડ, સ્વ. પ્રેમચંદ સુંદરજી કામદાર તથા સ્વ. સુશીલાબેનના સુપુત્ર. શ્રીમતી. ઉષાબેનના પતિ. અભિષેક તથા ડોલીના પિતાશ્રી. કરિશ્મા તથા પરાગના સસરાશ્રી. ગીતાબેન મોહનલાલ પાટીલ તથા જ્યોતિબેન મહેશભાઈ પારેખના ભાઈ. સ્વ. જયંતીલાલ ત્રંબકલાલ શાહના જમાઈ. તા. ૮-૯-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના શ્રી દીપક માવજી ગાલા (ઉં.વ. ૬૮) રવિવાર, તા. ૬-૯-૨૬ના અવસાન પામેલ છે. રતનબેન માવજીના પુત્ર. કુસુમના પતિ. મયંક, રજતના પિતા. શૈલેષ, નરેશ, દમયંતી (રેખા), જસ્મીનાના ભાઇ. શેરડીના મણીબેન લખમશી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિવાસ : દીપક માવજી ગાલા, અરિહંત, ૧૪૦ ભગવાનદીન નગર, ઇન્દૌર, મધ્ય પ્રદેશ - ૪૫૨૦૦૧.

છસરાના તલકશી વેલજી ગાલા (ઉં.વ. ૯૨) ૨૮-૦૮નાં અમેરીકા ડલ્લાસ મધ્યે અવસાન પામ્યા છે. માતુશ્રી પાનબાઇ વેલજી રવજીના સુપુત્ર. મયાના પતિ. કુંદરોડીના વેજબાઇ ડો. રતનશી વીરજી છેડાના જમાઇ. રીટા, સ્વ. રશ્મી-બીના, ચેતન, નીપાના પિતા. શામજી, લક્ષ્મીચંદ, વિનોદ, વડાલા રૂક્ષ્મણી હીરજી, કારાઘોઘા અનિતા વિનયચંદ, સમાઘોઘા તારા શાંતીલાલ, લાખાપુર હેમલતા કીરીટ, સુરેન્દ્રનગર પ્રવિણા જયેશના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતિભાઇ રાંભીયા, ૪૦૧, ચંદનબાળા એપાર્ટમેન્ટ, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ).

કોડાયના માતુશ્રી કસ્તુરબેન લક્ષ્મીચંદ લાલન (ઉં.વ. ૯૮) તા. ૮-૯-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી રતનબેન દામજી ભવાનજીના પુત્રવધૂ. નાના ભાડીયાના માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી કેશવજીના સુપુત્રી. પ્રબોધ, ભારતીના માતુશ્રી. જેઠાલાલ, કલ્યાણજી, હરખચંદ, શાંતીલાલ, ઝવેરબેનના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. પ્રબોધ લાલન, ૬૦૧, એ, સાઈ હેરીટેઝ, સંત તુકારામ રોડ, મુલુંડ (ઈ).

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જેતપુર થાણા ગોલળ નિવાસી હાલ મલાડ, આશિષભાઈ દડિયાના ધર્મપત્ની તથા પૂર્ણિમાબેન પ્રદીપભાઈ દડિયાના પુત્રવધૂ અ.સૌ. મનસ્વીબેન (ઉં.વ. ૪૧) ૮/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શીતલ દીપેન કોરડીયાના ભાભી. ઝીંઝુવાડા નિવાસી ચારુબેન હેમેન્દ્રભાઈ વોરાના દીકરી. કિંજલ દક્ષેશ બારભાયા, ઋષભના બહેન. ફોરમના નણંદ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલર વિશા શ્રીમાળી જૈન**

ભાણવડ જામનગરવાસી, સ્વ. મણિલાલ પાનાચંદ મહેતાના જયેષ્ઠ પુત્ર શ્રી પ્રવિણભાઈ મણિલાલ મહેતા હાલ બોરીવલીના ધર્મપત્ની અ.સૌ. સ્વ. કુંદનબેન (ઉં.વ. ૭૭) તે જેતપુર નિવાસી સ્વ. રતિલાલ પોપટલાલ વશાના સુપુત્રી તા. ૭-૯-૨૬ના મુંબઈ મુકામે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

વેરાવળ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રવિણચંદ્ર લીલાધર શાહના ધર્મપત્ની હીરાબેન (પ્રવિણાબેન) (ઉં.વ. ૮૯) તા. ૮-૯-૨૬ના અરીહંતશરણ પામેલ છે. તે અમીષ તથા ભાવના ગીરીશ સરવૈયાંના માતૃશ્રી. બીનાના સાસુ. મેધાના મોટાસાસુ. આનસી મોનીશ સલોત અને ભાવીનના દાદી. સ્વ. કાન્તીલાલ ભાઈચંદ લાઠિયાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


# પુરુષ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## મેન્સ ગ્રેસફુલ એજિંગ:
## જિંદગીની નવી ઈનિંગ વિશે વિચાર કર્યો છે ખરો?

જિંદગીની ભાગદોડમાં જ્યારે ચાળીસી વટાવ્યા પછી પચાસીનો પડાવ નજીક આવવા લાગે છે ત્યારે મોટાભાગના પુરુષોના મનમાં એક અજાણ્યો ભય અને ખાલીપો જગ્યા કરવા લાગે છે. વાળમાં ચાંદી જેવી સફેદાઈ, આંખોના ખૂણે ઊભરેલી કરચલીઓ અને સવારે ઊઠતી વખતે શરીરમાં અનુભવાતો સામાન્ય દુખાવો માત્ર ઉંમર વધવાનો સંકેત નથી હોતા, પણ એ વાતની યાદ અપાવે છે કે સમય ઝડપથી સરકી રહ્યો છે. દાયકાઓ સુધી પરિવારની જવાબદારીઓ, નાણાકીય સ્થિરતા, કારકિર્દીનાં લક્ષ્યો અને સામાજિક પ્રતિષ્ઠા પાછળ દોડતો પુરુષ અચાનક એક એવા મોડ પર આવીને ઊભો રહી જાય છે જ્યાં તેને લાગે છે કે તેનો મુખ્ય રોલ હવે પૂરો થવા આવ્યો છે. વાસ્તવમાં યોગ્ય દૃષ્ટિકોણ કેળવવામાં આવે તો ૪૦ કે ૫૦ પછીનો સમયગાળો એ જિંદગીનો અંત નથી, પણ પોતાની શરતો પર જીવવાની એક સુંદર સેકન્ડ ઇનિંગ્સની શરૂઆત છે.

ઉંમરના આ તબક્કે પુરુષોમાં આવતાં પરિવર્તનો માત્ર શારીરિક નથી હોતાં, પરંતુ ઊંડાં માનસિક અને મનોવૈજ્ઞાનિક પણ હોય છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં ‘એન્ડ્રોપોઝ’ અથવા ‘મિડ-લાઇફ ક્રાઇસિસ’ કહેવામાં આવે છે, તે સમયગાળામાં ટેસ્ટોસ્ટેરોન હૉર્મોનનું સ્તર ઘટવાને કારણે ઉત્સાહમાં કમી, થાક, સ્વભાવમાં ચીડચીડાપણું અને અકારણ એન્ઝાયટી જેવા ફેરફારો જોવા મળે છે. જે પુરુષ અત્યાર સુધી પરિવારનો મજબૂત સ્તંભ રહ્યો હોય તે અચાનક પોતાની જ અંદર એક પ્રકારની અસુરક્ષા અનુભવવા લાગે છે. સંતાનો પોતાના ભવિષ્યની દિશામાં આગળ વધી રહ્યા હોય અને કૉર્પોરેટ કે વ્યાવસાયિક જગતમાં નવી પેઢી સ્થાન લઈ રહી હોય ત્યારે પુરુષને પોતાનું મહત્ત્વ ઓછું થઈ રહ્યું હોવાનો ભ્રમ થાય છે. આ માનસિક તણાવ ઘણીવાર તેને એકલતા તરફ ધકેલે છે.



AI

આ સંવેદનશીલ તબક્કાને પાર કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે સ્વીકાર અને આત્મ-સંવાદ. ગ્રેસફુલ એજિંગ એટલે કે સન્માનપૂર્વક ઉંમરને સ્વીકારવી એ કોઈ હાર માનવાની પ્રક્રિયા નથી, પરંતુ પોતાના અનુભવોની પરિપક્વતાને માણવાનો ઉત્સવ છે. પુરુષોએ એ વાત સમજવી જરૂરી છે કે યુવાનીનો જોશ અને પચાસીનો હોશ - આ બંનેની પોતાની અલગ સુંદરતા છે. ઉંમર વધવાની સાથે શરીરની મર્યાદાઓ બદલાય છે અને તેને સ્વીકારીને પોતાની લાઇફસ્ટાઇલમાં સકારાત્મક ફેરફારો કરવા એ જ ખરી સમજદારી છે.

સેકન્ડ ઇનિંગ્સને સમૃદ્ધ બનાવવા માટે શારીરિક સ્વાસ્થ્ય પહેલી શરત છે. ચાળીસી કે પચાસી પછી કસરત એ માત્ર વજન ઘટાડવા કે મસલ્સ બનાવવા માટે નથી હોતી, પરંતુ હાડકાંની મજબૂતી, હૃદયની કાર્યક્ષમતા અને માનસિક તાજગી માટે અનિવાર્ય બની જાય છે. રોજિંદો વૉક, યોગ, પ્રાણાયામ અને સંતુલિત આહાર પુરુષને ઊર્જાવાન રાખવામાં મદદ કરે છે. તેની સાથે જ નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવાની આદત કેળવવી જોઈએ જેથી વધતી ઉંમર સાથે આવતી સ્વાસ્થ્ય સમસ્યાઓને સમયસર નિયંત્રિત કરી શકાય.

શરીરની સાથે મનનું સક્રિય રહેવું પણ એટલું જ જરૂરી છે. જીવનના પૂર્વાર્ધમાં જે સપનાંઓ, શોખ કે પેશન્સ કામ અને જવાબદારીઓના બોજ નીચે દબાઈ ગયાં હતાં તેમને પુનર્જીવિત કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. વાંચન, લેખન, સંગીત, ફોટોગ્રાફી, બાગાયત કે પછી પ્રકૃતિના ખોળે મુસાફરી - આ બધું જ મનને એક નવો ઉત્સાહ પૂરો પાડે છે. સામાજિક કાર્યો કે કમ્યુનિટી સર્વિસમાં જોડાઈને પોતાના જ્ઞાન અને અનુભવનો સમાજ માટે ઉપયોગ કરવો એ પણ એક અદ્ભુત આત્મસંતોષ આપે છે. જ્યારે પુરુષ કોઈ નવા લક્ષ્ય સાથે જોડાય છે ત્યારે નિવૃત્તિનો ભય આપોઆપ ગાયબ થઈ જાય છે.

કૌટુંબિક અને સામાજિક સંબંધોના સંદર્ભમાં પણ આ તબક્કો પુનઃમૂલ્યાંકનનો છે. વર્ષોની દોડધામમાં જે સંબંધોને પૂરતો સમય નહોતો આપી શકાયો, તેમને ફરીથી તાજા કરવાનો આ મોકો છે. જીવનસાથી સાથેનો સંબંધ હવે માત્ર જવાબદારીઓ નિભાવવાનો નથી રહેતો, પણ એકબીજાના સહારા અને સાચા મિત્ર બનવાનો બની જાય છે. સંતાનો સાથે મિત્રતાભર્યો વ્યવહાર રાખવો અને તેમના નિર્ણયોમાં માર્ગદર્શક બનવું, પણ તેમના પર પોતાના વિચારો ન થોપવા, એ આ ઉંમરની પરિપક્વતા દર્શાવે છે. પોતાના જૂના મિત્રો સાથે ફરી સંપર્ક સ્થાપવો અને અનૌપચારિક ગપશપ માટે સમય ફાળવવો એ માનસિક સ્વાસ્થ્ય માટે ટૉનિક સમાન સાબિત થાય છે.

છેવટે ગ્રેસફુલ એજિંગ એ બહારથી સુંદર દેખાવાની કળા નથી, પરંતુ અંદરથી શાંત અને સંતોષી રહેવાની માનસિકતા છે. ઉંમરનો દરેક આંકડો પોતાની સાથે અનુભવનું ભાથું લઈને આવે છે. પચાસી કે સાઠીનો પુરુષ જો પોતાના અનુભવને બોજ માનવાને બદલે સંપત્તિ માને તો તે પોતાના પરિવાર અને સમાજ માટે પ્રેરણાસ્રોત બની શકે છે. જિંદગીના આ બીજા અધ્યાયને ભય કે અસુરક્ષાથી નહીં પણ આત્મવિશ્વાસ, ગંભીરતા અને હળવાશથી જીવવો જોઈએ. જ્યારે તમે ઉંમરને એક સત્ય તરીકે સ્વીકારીને દરેક ક્ષણને માણવાનું શરૂ કરો છો ત્યારે વધતી ઉંમર તમને વૃદ્ધ નથી બનાવતી, પરંતુ વધુ સમૃદ્ધ બનાવે છે. ■



# ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## વહુ, મૂકો લાપસી...

*ડિયર હની,*

*વહુ સાસરે આવે ત્યારે એની પરીક્ષા કરવામાં આવે છે. આવો રિવાજ છે. એ રિવાજ એટલે નવી વહુ સાસરે પહેલા દિવસે લાપસી રાંધે.*

*લાપસી એ પવિત્ર અને સાત્ત્વિક પ્રસાદ ગણાય છે. નવું જીવન શરૂ કરતી વખતે ઘરમાં મીઠાશ અને સકારાત્મકતા આવે તે માટે લાપસીનું આગમન શુભ શુકન ગણવામાં આવે છે. એક લોકગીત પણ છે કે*

***પહેલે જ દિને રસોડે મારે લાપસીનો ભાર,***
***અજાણ્યું રસોડું ને અજાણ્યો સંસાર રે...***
***સાસુજી ઊભાં ઓસરીએ, નણંદલ જોતી વાટ,***
***કેવી રીતે પાર ઊતરું, આ તો અગ્નિપરીક્ષાની વાટ રે!***

*ઘી, ઘઉંના ફાડા અને ગોળથી બનતી લાપસી સમૃદ્ધિ, અન્ન અને લક્ષ્મીનું પ્રતીક છે. એવું માનવામાં આવે છે કે તેનાથી ઘરમાં કાયમ અન્ન-ભંડાર ભરેલા રહે છે. આમ તો આ પરંપરા માત્ર એક રિવાજ નથી, પરંતુ નવા પરિવારમાં સદ્ભાવ, મીઠાશ અને સ્નેહના સેતુ બાંધવાની એક સુંદર રીત છે, પરંતુ વાસ્તવમાં તે ઘણીવાર નવી વહુ માટે અજાણતાં જ એક મોટી માનસિક ‘પરીક્ષા’ બની જાય છે, કારણ કે દરેક ઘરના રસોડાની ગોઠવણ, વાસણો, મસાલા મૂકવાની જગ્યા અને ગૅસની આંચ અલગ હોય છે. લગ્નના થાક વચ્ચે, પહેલા જ દિવસે આ તદ્દન નવા માહોલમાં કામ કરવું કોઈ પણ માટે તણાવપૂર્ણ હોઈ શકે છે.*

*લાપસી બનાવવી એ એક કળા છે. તેમાં પાણી, ગોળ, ફાડા અને ઘીનું પ્રમાણ સચોટ હોવું જરૂરી છે. જો લાપસી છૂટી ન પડે, ચીકણી થઈ જાય કે કાચી રહી જાય તો સીધું જ વહુની ‘રસોઈ આવડત’ પર અનુમાન લગાવવામાં આવે છે.*

*વળી, સાસરીમાં સૌને સાસુના કે ઘરના જૂના સભ્યોના હાથના સ્વાદની ટેવ હોય છે. નવી વહુની લાપસીની સરખામણી, જાણ્યે-અજાણ્યે, તે જૂના અને પરિચિત સ્વાદ સાથે થવા લાગે છે. ઘણીવાર ઘરમાં અન્ય મહેમાનો કે સગાંવહાલાં પણ હાજર હોય છે જે ‘વહુના હાથનો સ્વાદ’ કેવો છે તે જોવા ઉત્સુક હોય છે. આ સ્થિતિ નવી વહુ માટે કોઈ પ્રૅક્ટિકલ એક્ઝામ આપવા જેવી ગભરામણ ઊભી કરે છે.*

*જોકે હવે ધીમે ધીમે સમાજમાં બદલાવ આવી રહ્યો છે. સમજદાર અને પ્રેમાળ પરિવારો હવે આ રિવાજને માત્ર એક ‘શુકન’ પૂરતો જ સીમિત રાખે છે. નવી વહુને એકલી મૂકી દેવાને બદલે સાસુ કે નણંદ તેની સાથે ઊભા રહીને હળવાશથી મદદ કરે છે.*

*સાચો આવકાર એ જ છે, જેમાં નવી વહુને ભૂલ કરવાની છૂટ હોય અને તેના પ્રયાસને પ્રેમથી સ્વીકારવામાં આવે, નહીં કે પહેલા જ દિવસે તેની કસોટી કરવામાં આવે. એક પરિવાર તરીકે આવો ટેકો જ તેના નવા જીવનની સાચી અને મીઠી શરૂઆત કરાવી શકે છે.*

*સમય મુજબ પરિવર્તન આવ્યું છે પણ કોઈ ને કોઈ પ્રકારે આ નિયમ જોવા તો મળે છે. આપણા જ ઘરનો પ્રસંગ છે. નવી વહુ આવી અને બીજા ત્રીજા દિવસે એ ઘરમાં ઢોસા બનાવાયા હતા. ઢોસા બધાને આવડતા નથી હોતા. સાસુએ ઢોસા ઉતારવાનું શરૂ કર્યું અને પછી આવ્યો વહુનો વારો. અને એય ઢોસા બનાવવા લાગી અને સાસુ કરતાં વધુ સારા ઢોસા બનાવ્યા ને વહુની વાહવાહી થઈ. એ સાસુને ગમ્યું નહોતું.*

*આપણા એક મિત્રના ઘરની વાત. લગ્ન હતાં દીકરાનાં. આ પરિવાર ચુસ્ત જૈન. ઘરમાં કોઈ કંદમૂળ ના ખાય અને વહુ બધું ખાતી. એણે ઘરમાં આવી ઘરની એ પરંપરા તો નિભાવી એટલું જ નહીં, કંદમૂળથી બનતી બધી વાનગીઓ કંદમૂળ વિના બનાવી અને એય સ્વાદિષ્ટ. જો નવી વહુને એની રીતે કામ કરવાની છૂટ મળે તો એનાં સારાં પરિણામ મળે જ છે. સમસ્યા એ છે કે સાસુ એમ વહુને રસોડું સોંપતી નથી. સાસુની ખુદની સાસુએ પણ એવો જ વ્યવહાર કર્યો હોય છે એ ભાર અજાણતાં પણ એના માથા પર હોય છે. પરિણામે એ વહુ સાથે એવો વ્યવહાર કરે છે.*

*ઘણી વહુ ગભરાઈ જાય છે. નવું ઘર અને એની રીતભાત અપનાવતાં વાર તો લાગે, પણ નવી વહુ એની જે રીતભાત હોય એ નવા ઘરમાં અપનાવે તો વાંધો શું? આ મુદ્દે પણ ટસલ થતી હોય છે.*

*હમણાં આપણે બહારગામ પિતરાઈના ઘેર રોકાયેલા.*

*પિતરાઈની પત્ની રસોઈમાં પારંગત, પણ કોઈ મહેમાન આવે તો એના મનમાં ફડકો હોય કે બધું સારું બનશે કે નહીં. અને એમાં કોઈ વાર વાનગી બગડી પણ જાય. પછી એ અફસોસ કરે કે ‘મારી રસોઈ બરાબર ના થઈ...’ આવો ફડકો શા માટે? ઘરનું વાતાવરણ જ એવું હોવું જોઈએ કે કોઈ કામ બરાબર ના થાય તો એનો ડર ના હોવો જોઈએ. તારે પણ ઘણીવાર એવું બને છે તો ઘરના બધા એ વાત તરફ ધ્યાન દોરે છે, પણ ડરનો માહોલ નથી હોતો. દરેક વેળા સારી રસોઈ બને જ એવું જરૂરી નથી... વિરાટ દર વખતે સેન્ચુરી ન પણ ફટકારી શકે!*

*વહુ રસોઈ કલામાં પારંગત હોવી જ જોઈએ એવો આગ્રહ શાનો? જોકે હવે આવી માનસિકતા ધીરેધીરે બદલાઈ રહી છે, છતાં હજુય જોવા તો મળે છે ખરી. આ દૃશ્ય ઝડપથી બદલાવું જોઈએ.*

*તારો બન્ની* ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/e0AmZZqkFM4
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# નમ્ર-વાણી
### વ્યાખ્યાન માળા

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



## મારો એકરાર
## ગુરુ શરણે થઈશ પ્રતિજ્ઞાબદ્ધ!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ રડતી આંખે, કાન પકડી, ભૂલોનો એકરાર કરી, ભૂલોનો સ્વીકાર કરી, ભાવોની વિશુદ્ધિ કરી, પ્રભુ સાથે એકાકાર થવા માટે હોય છે.

પર્વાધિરાજ પર્યુષણમાં આપણે પાપ-દોષો, ભૂલો અને ક્ષતિઓના પ્રતિક્રમણ સાથે મનના વિચારોનું, મનથી કરેલાં doubts, blames, assumption અને imaginationsનું પણ પ્રતિક્રમણ કરવાનું હોય છે એનો પ્રભુ સમક્ષ એકરાર કરી, મનને controlમાં રાખી, પ્રભુ સાથે એકાકાર થવાનું હોય છે.

મનને જીતનાર વ્યકિત સંસારને જીતી શકે છે. મનથી કરેલો એક નાનકડો વિચાર પણ તમારી ભવ પરંપરાને બદલી શકે છે.

મન જ મોક્ષનું કારણ બની શકે છે અને મન જ સંસાર પરિભ્રમણ વધારી શકે છે.

મુનિ બનેલા પ્રસન્નચંદ્રરાજાને ધ્યાનસ્થ અવસ્થામાં મગ્ન જોઈ, શ્રેણિક મહારાજા પ્રભુને પૂછે છે, પ્રભુ! આ આત્માની અત્યારે વિદાય થાય તો કઈ ગતિમાં જાય?

પ્રભુએ કહ્યું, રાજન! એ સાતમી નરકમાં જાય, કેમ કે અત્યારે બહારથી તેઓ ધ્યાનસ્થ છે, પણ મનથી પુત્રના રાગમાં છે અને દુશ્મન રાજા સાથે મનોમન યુદ્ધ કરી રહ્યા છે.

થોડી વાર પછી શ્રેણિકરાજા ફરી પૂછે છે, પ્રભુ! પ્રસન્નચંદ્ર મુનિ નરકગામી બને, એ વાત હું સ્વીકારી શકતો નથી.

પ્રભુએ કહ્યું, અત્યારે એમની વિદાય થાય તો તેઓ દેવલોકમાં જાય, કેમ કે અત્યારે એમને realise થઈ ગયું છે કે તેઓ રાજા નથી, સંસાર ત્યાગી મુનિ છે અને અત્યારે એ મનથી સતત પશ્ચાતાપ કરી રહ્યા છે. પસ્તાવાના પાવન ઝરણામાં મનથી કરેલા વિચારો અને અશુભ ભાવોને ધોઈ રહ્યાં છે.

હજુ તો આ વાર્તાલાપ ચાલી રહ્યો છે ત્યાં જ મુનિને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થઈ જાય છે. ‘ધન્ય છે... ધન્ય છે’નો નાદ ગુંજવા લાગે છે.

મુનિ હોવા છતાં પળમાં નરકગામી, પળમાં દેવલોકગામી અને પળમાં કેવળજ્ઞાની... માત્ર ને માત્ર મનના વિચારોના કારણે!

મન શુભભાવમાં હોય તો સદ્ગતિ અને અશુભભાવમાં હોય તો દુર્ગતિ!

માટે જ મનને controlમાં રાખવાનો શ્રેષ્ઠ ઉપાય છે, ગુરુના શરણે સમર્પિત થઈ, ગુરુના શ્રીમુખેથી પ્રતિજ્ઞા ગ્રહણ કરવી, ગુરુ શરણે પ્રતિજ્ઞાબદ્ધ થવું!

મોક્ષમાં પધારતાં પધારતાં પ્રભુએ મોક્ષ પ્રાપ્તિના જે 72 માર્ગ-સમ્યક પરાક્રમ ફરમાવ્યા છે એમાં એક માર્ગ પ્રતિજ્ઞાનો અથાત્ પચ્ચકખાણનો ફરમાવ્યો છે.

પ્રતિજ્ઞાબદ્ધ થવાથી, મન ઉપર control રાખી શકાય છે. ચંચળ મનને સંયમમાં રાખી શકાય છે. મન આત્માના commandમાં આવી જાય છે.

ગુરુના શ્રીમુખેથી પ્રતિજ્ઞા ગ્રહણ કરવાથી, અહંકાર અને ઇચ્છાઓ છૂટવા લાગે છે. ડગુંમગું થતાં મનને પ્રતિજ્ઞાનું બળ પ્રાપ્ત થાય છે. 'I can'નો આત્મવિશ્વાસ આવી જાય છે અને મન strong બને છે.

મોટાભાગે આ કાળમાં વ્યક્તિઓ મનથી શુભ ભાવ અને શુભ સંકલ્પના બદલે વધારે સમય મનથી કોઈને ને કોઈને blame કરતા હોય છે, કોઈના ઉપર doubt કરતા હોય છે. કાંઈ ને કાંઈ assumption કરતા હોય છે અથવા imaginationમાં ખોવાયેલા રહેતા હોય છે.

માનો કે તમારું volet કે jewellery ન મળતી હોય તો સૌથી પહેલાં, servant ઉપર doubt આવે કે મારાથી ક્યાંય મુકાઈ ગયું હશે, એ વિચાર આવે?

મનથી જ મનની courtમાં કોઈના ને કોઈના ઉપર doubt કરી, કોઈના પર blame બહુ સહજતાથી થઈ જાય છે.

થોડી વાર પછી ખોવાયલી વસ્તુ તો મળી જાય છે, પણ થોડી વાર માટે કરેલો એ આક્ષેપ, એ doubt તમારા અનંતકાળને બગાડી શકે છે.

પર્વાવિરાજ પર્યુષણ મહાપર્વ એકરારના પર્યુષણ છે. આજે, આજ સુધી જેના માટે, જે માની લીધું છે, જે ધારી લીધું છે, જેના માટે જે-જે કલ્પનાઓ કરી છે, મનની courtમાં ગુના વગર જેને-જેને ગુનેગાર માની લીધા છે, તે બધાનો એકરાર કરી, એ બધા વિચારોનું, ભાવોનું, કલ્પનાઓનું **तस्स भंते, पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि** કરી ધ્યો અને પ્રભુની સાથે કરાર કરી લ્યો પ્રભુને વચન આપી ધ્યો કે,

પ્રભુ! એકરાર કર્યા પછી હવે જ્યારે હું આપને નમન કરીશ ત્યારે આપનું અને મારું મન એક થઈ જશે અને પ્રભુ, ત્યારે મારો ભક્ત ધર્મ સાર્થક થઈ જશે.

ઘણાનો મનમાં કોઈ ને કોઈ વાત કે વસ્તુનો fear હોય. મોટા ભાગે fear imaginationનો હોય. મને આમ થઈ જશે તો? મારી job જતી રહેશે તો? મને bussinesમાં loss થશે તો? મારાં સંતાનો મારુંનહીં માને તો?

Fear પણ એક પ્રકારનો મનનો દોષ છે. ભગવાને fearને, ભયને પાપ કહ્યો છે. હિંસાનું પાપ આપણને પાપ લાગે છે, પણ ‘ભય’ પાપ લાગતું નથી.

જેનામાં સ્વાર્થ અને સુખબુદ્ધિ વધારે હોય એનામાં fear વધારે હોય.

ભય આપણને ભગવાનથી અને ભગવાનના ગુણોથી દૂર લઈ જાય છે.

જ્યાં સુધી વ્યક્તિ ભયમુક્ત નથી થતી ત્યાં સુધી તે ભગવાન બનવાની રાહ પર નથી આવી શકતી.

ભયથી મુક્ત થવાનો ઉપાય શું?

ભયથી મુક્ત થવાના બે ઉપાય છે.

૧. ભયની સામે મહાભય લાવો.

જેમને અંધારાથી ડર લાગે છે એમને થોડીવાર અંધારામાં એકલા રાખો.

૨. અનન્ય શરણદાતા એવા પ્રભુ કે ગુરુના શરણમાં surrender થઈ જાવ.

જે surrender હોય તેને ક્યારેય કોઈનો ડર ન હોય!

ભયમુક્તિનો બીજો એક ઉપાય છે, નમોત્થુણંની આરાધના! **નમોત્થુણં**ની આરાધના થાય, એટલે વ્યક્તિમાં નિર્ભયતા, શૂરવીરતા અને અડગતા આવી જાય.

મનમાંથી ભય નીકળે તે શ્રેષ્ઠ છે પણ ભયનું કારણ નીકળી જાય તે સર્વશ્રેષ્ઠ!

ભયભીત વ્યક્તિ જ્યારે પ્રભુના કે ગુરુના શરણમાં સમર્પિત થાય છે, surrender થાય છે ત્યારે ગુરુ એના ભયને તો દૂર કરાવે છે, પણ પ્રતિજ્ઞા દ્વારા ભયના કારણને અને ભયના કારણે જે કર્મબંધ થતાં હોય તેનો પણ ક્ષય કરાવે છે. મન પર વિજય પ્રાપ્ત કરાવે છે.

જે મન મોક્ષ અપાવી શકે છે એ જ મનને અયોગ્ય વિચારો કરીને સંસારનું કારણ બનાવી દીધું છે.

એ દરેક પાપ કરી, અયોગ્ય વિચારોનું પ્રતિક્રમણ કરી, પ્રભુ સમક્ષ એકરાર કરી, મનને નિર્મળ બનાવી, દોષ વિશુદ્ધિની સાધના દ્વારા પર્યુષણ મહાપર્વને સાર્થક કરવા જોઈએ.

જ્યારે-જ્યારે મન મળ્યું ત્યારે- ત્યારે પ્રભુ સાથે મન ન મળ્યું એટલે આજે પ્રભુથી દૂર... દૂર... દૂર છીએ.

જ્યારે-જ્યારે મન મળ્યું ત્યારે-ત્યારે મન મળ્યું વ્યક્તિમાં, પદાર્થમાં અને સુખના ભોગમાં!

મનના દોષોનો એકરાર કરી, પ્રભુ સાથે કરાર કરવાનો છે કે પ્રભુ, હવે આ મન તારા સિવાય કોઈની સાથે નહીં મળે.

પ્રભુ! ગુરુમુખે પ્રતિજ્ઞા ગ્રહણ કરી, મારા મનને ઇચ્છાઓથી અને ભયથી મુક્ત બનાવી, ગુરુ શરણે સમર્પિત થઈ, મારું મન, મારું ‘મન’ ન રહે એવું ‘ન-મન’ બનાવી, તારા ચરણે નમન કરીશ, જેથી તારું અને મારું મન એકરાર થઈ જાય! ■

# મુંબઈ સમાચાર લાડકી

(ભાગઃ ૨)

**નામઃ એન બોલેઇન**
સમયઃ જાન્યુઆરી, ૧૫૫૯
સ્થળઃ વેસ્ટમિનિસ્ટર એબે, લંડન
ઉંમરઃ ૫૮ વર્ષ (જો જીવિત હોત તો)

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## હું જીવી ત્યાં સુધી મારું વેર પણ જીવ્યું!

**મારા મામા,** થોમસ હાવર્ડ, નોરફ્લોકના ત્રીજા ડ્યૂક. ઇંગ્લૅન્ડથી થોડા દિવસ માટે હીવર કાસલ-એની બહેન એલિઝાબેથ હાવર્ડને ત્યાં રજાઓ ગાળવા આવ્યા હતા. મેરીનાં લગ્ન મારા મામાને બહુ ગમ્યા નહોતા, કારણ કે, એણે એક ઉમરાવ સાથે લગ્ન કર્યા હોવા છતાં લંડન જઈને વસવાને બદલે હીવર કાસલની સાદી અને કંટાળાજનક જિંદગી પસંદ કરી હતી. મારા મામા ખૂબ મહત્ત્વાકાંક્ષી હતા, એવી જ હું પણ હતી. મેરીને લંડનના મહાલયોમાં કોઈ રસ નહોતો, પણ મને તો ત્યાં જ પહોંચવું હતું. મારા મામાની ઇચ્છા હતી કે, મેરીને ઇંગ્લૅન્ડના રાજા હેન્રી ૮માની સામે રજૂ કરવામાં આવે, પરંતુ એણે લગ્નની ઉતાવળ કરી એટલે હવે મારા મામાની નજરમાં હું હતી. એમણે મારા પિતાને સમજાવ્યું કે જો ઇંગ્લૅન્ડનો રાજા મારામાં રસ લે તો આવનારાં વર્ષોમાં થોમસ બોલેઇન કેટલો પ્રભાવશાળી બની શકે! એની દીકરી જ્યારે ઇંગ્લૅન્ડની રાણી બને ત્યારે થોમસ બોલેઇન પાસે કેટલી સત્તા હોઈ શકે એ વિચારે મારા પિતા લલચાઈ ગયા. એમણે ઇંગ્લૅન્ડના રાજાને પોતાના મિત્ર થોમસ હાવર્ડ સાથે રજાઓ ગાળવાનું આમંત્રણ આપ્યું. રાજા જ્યારે અહીં આવે ત્યારે એમનું ધ્યાન ખેંચવું, એમને મારામાં રસ પડે એ રીતે વર્તવું અને એમને મારા પ્રેમમાં પાડવાનું કામ મને સોંપવામાં આવ્યું. મેં ખુશી ખુશી સ્વીકારી લીધું, કારણ કે મને તો એમાં મોટી ચૅલેન્જ દેખાતી હતી, પણ મારી મા આ પ્રપંચથી ખુશ નહોતી. એણે મારા પિતાને ચેતવણી આપી કે ઇંગ્લૅન્ડના રાજાના જીવનમાં કોઈ સ્ત્રી લાંબો સમય ટકી શકતી નથી. એમની પ્રેમિકાઓ બદલાતી રહે છે, એટલું જ નહીં, બદલાયેલી પ્રેમિકા પછી જૂની પ્રેમિકાના હાલ પૂછવા જેટલું પણ રાજામાં સૌજન્ય નથી. મારી માને ભય હતો કે ઇંગ્લૅન્ડના રાજા હેન્રી ૮માને કદાચ મારામાં રસ પડી જાય, એ મને લંડન લઈ જાય તો પણ એ સંબંધ લાંબો સમય નહીં ટકી શકે. મારી માને ખાતરી હતી કે હું એમની અનેક રખાતોમાંથી એક બનીને રહી જઈશ! હેન્રી ૮મો પરિણીત હતો અને પ્રથમ પત્ની જીવતી હોય ત્યાં સુધી બીજાં લગ્ન કરવાની કે છૂટાછેડાની કેથલિક સમાજમાં છૂટ નહોતી.


એન બોલેઇન

રાજા હેન્રીની પત્ની કેથરિન ઑફ આરાગોન એક સજ્જન પતિવ્રતા સ્ત્રી હતી, પરંતુ એ વારંવાર મૃત સંતાનોને જન્મ આપતી રહી. ઇંગ્લૅન્ડને રાજ્ય વારસ મળતો નહોતો એવામાં એમની એક દીકરી જીવિત રહી, પરંતુ દીકરો ન થયો. કેથરિનની તબિયત ખૂબ ખરાબ રહેતી અને હેન્રી ૮મો રસિક સ્ત્રીઓમાં રત રહેતો, આસક્ત પુરુષ હતો. એને રાજ્યના વારસની જરૂર હતી, પરંતુ કેથરિનના મૃત્યુ સુધી એ બીજાં લગ્ન કરી શકે નહીં, એવો વેટિકનનો કાયદો હતો. હેન્રી ૮મો મનોમન અકળાતો હતો, કારણ કે બીમાર, પથારીમાં પડેલી અનેક બાળકો જણી જણીને થાકી ગયેલી કેથરિન એને કશું જ આપી શકતી નહોતી. હેન્રી યુવાન હતો, એની સત્તા મજબૂત હતી, મગજમાં એ સત્તાનો મદ હતો અને ઇંગ્લૅન્ડ જેવા રાજ્યના રાજા હોવાનો ગર્વ હતો. એને એક સ્ત્રીની જરૂર હતી... મારા મામાએ મને હેન્રીની સામે ચારો બનાવીને ફેંકવાનું નક્કી કર્યું, જેમાં મારા પિતા સહમત થયા! એથી વધુ નવાઈની વાત તો એ છે કે હું મારી જાતને વસ્તુ તરીકે પ્રદર્શિત કરવા, રાજાનું ધ્યાન આકર્ષવા અને એને મારા પ્રેમમાં ગિરફ્તાર કરવા માટે પેંતરા કરવા તૈયાર હતી! ઇંગ્લૅન્ડનો રાજા મારા પિતાનું નિમંત્રણ સ્વીકારીને હીવર કાસલ આવવા તૈયાર થયા. એમના પરમ મિત્ર એવા મારા મામા અહીં હતા, વળી એમને મારા સૌંદર્ય વિશે, મારી આવડત વિશે જાતભાતની વાતો કરવામાં આવી. કદાચ એથી પણ એમનો રસ જાગૃત થયો હોવો જોઈએ. ઇંગ્લૅન્ડનો રાજા પોતાના અનેક સૈનિકો અને તંબુનો રસાન લઈને હીવર કાસલ આવી પહોંચ્યો...

પહેલા દિવસે તો એમને મારી સાથે મજા પડી, પરંતુ બીજે દિવસે શિકાર કરવા નીકળતા હતા ત્યારે એમણે મને પૂછ્યું, તું કોના ઘોડાની પાછળ બેસીશ? મેં કહ્યું, મારા પોતાના ઘોડા પર. રાજાને આ જવાબ ગમ્યો નહીં એટલું ઓછું હોય એમ શિકાર વખતે મેં એમની પણ આગળ મારો ઘોડો દોડાવ્યો. એમના રાજસી અભિમાન અને પુરુષત્વને ઠેસ પહોંચી, એટલે એમણે મારી આગળ નીકળવાનો પ્રયત્ન કર્યો જેમાં એ ઘોડા પરથી પડ્યા... એમનો પગ મચકોડાઈ ગયો, ને મારા વિશે એમના મનમાં ચીડ બેસી ગઈ. આમ જોવા જાઓ તો મેં કંઈ કર્યું નહોતું. હું સ્પષ્ટ વક્તા, ઉદ્દંડ, તોફાની હતી જ... પરંતુ ઇંગ્લૅન્ડના રાજાને આવી સ્ત્રી નહીં ગમે એવી મને ખબર નહોતી! મારા મામા અને પિતા ઘણા નિરાશ થયા, કારણ કે એ પછીના દિવસોમાં રાજાએ મને એમની સેવામાં મોકલવાની કડક ના પાડી...

મારે બદલે મેરીને મોકલવામાં આવી. મેરીની સરળતા, સ્નેહભીનો સ્વભાવ, કાળજી અને નમ્રતા સામે હંમેશની જેમ મારા અવગુણો વધારે કાળા અને કડવા દેખાયા. હેન્રી સ્ત્રીઓનો સ્વભાવ જાણતો જ હશે એટલે એણે પાછા જતી વખતે મેરીની સામે ઊભા રહીને કહ્યું, તું સુંદર છે. તારી નમ્રતા, કાળજી અને સ્નેહ જેવા ગુણોથી હું અભિભૂત થયો છું. હું તારા પતિને ઇંગ્લૅન્ડના દરબારમાં બોલાવીશ. તારે ના નથી પાડવાની, કારણ કે મારે તારી ત્યાં જરૂર છે... મારા મામા, થોમસ હાવર્ડ પોતાના મિત્ર અને ઇંગ્લૅન્ડના રાજાનો આટલો ઇશારો ન સમજે એટલા ભોળા નહોતા. એમણે મારા પિતાને પોતાની બીજી દીકરીને ઇંગ્લૅન્ડના રાજાને આકર્ષવા માટે મોકલવા મનાવી લીધા. મેરી પરિણીત હતી, એનાં પ્રેમ લગ્ન હતાં, એ વિલિયમને ચાહતી હતી તેમ છતાં મારા પિતા અને મામાએ એને ફરજ પાડી કે એ રાજાના રસને થોડો વધુ બહેલાવે. એમને પોતાના તરફ આકર્ષે એટલું જ નહીં, એમની સાથે શારીરિક સંબંધ બાંધવા પણ એને મજબૂર કરી. મેરીએ શરૂઆતમાં વિરોધ કર્યો, પરંતુ પિતાની લાલચ અને મામાના દુરાગ્રહ સામે મેરીનું કંઈ ચાલ્યું નહીં... ટૂંકમાં, મેરી અને વિલિયમ ઇંગ્લૅન્ડના મહેલમાં વસવા માટે પોતાનો નાનકડો સુખી સંસાર લઈને લંડન પહોંચી ગયાં.

શરૂઆતમાં મેરીએ આનાકાની કરી હશે, પરંતુ હેન્રી દેખાવમાં આકર્ષક હતો. ઇંગ્લૅન્ડ જેવા માતબર રાજ્યનો રાજા હતો. વૈભવ અને મહાલયનું જીવન જોઈને મેરીની 'ના' બહુ ટકી નહીં હોય એમ હું માનું છું... હેન્રી મેરીના પ્રેમમાં પાગલ થઈ ગયો. એણે કેથરિનને પોતાના મુખ્ય મહાલયથી દૂર એક નાનકડા, પરંતુ સગવડભર્યા આવાસમાં રહેવાની ફરજ પાડી. હવે મેરી જ હેન્રીના દિવસ-રાતની ઝંખના બની ગઈ. મેરીના પતિ વિલિયમને રાજા હેન્રીએ નેધરલૅન્ડના રાજદૂત તરીકે મોકલી આપ્યો, જેથી એ ઇંગ્લૅન્ડથી દૂર રહે અને મેરીને એના પ્રશ્નોનો ઉત્તર આપવો ન પડે. રાજા અને મેરી એકબીજાના પ્રેમમાં પાગલ હતાં. મારા મામા ખુશ અને પિતા સંતુષ્ટ હતા.

હું અપમાનિત અને તિરસ્કૃત હતી. મેરી ઉપરનો મારો ગુસ્સો ફૂંફાડા મારતો હતો ત્યારે અચાનક મારી નજરમાં હેન્રી પર્સી વસી ગયો. એ ઇંગ્લૅન્ડના શક્તિશાળી અને અમીર ઘરનો દીકરો હતો. અમે એકમેકને પ્રેમ કરવા લાગ્યાં. પર્સીના વિવાહ મેરી ટેલ્બોટ સાથે નક્કી થઈ ચૂક્યા હતા અને એના પિતા એ વિવાહ કોઈ રીતે તોડે એમ નહોતા. રાજાના મુખ્ય સલાહકાર હોવાને નાતે જો હેન્રી પર્સી સાથેના એન્ગેજમેન્ટ તૂટે તો ટેલ્બોટ પરિવાર પર્સી પરિવારને ખતમ કરી શકે... હેન્રીને તાત્કાલિક મેરી ટેલ્બોટ સાથે લગ્ન કરવાં પડ્યાં, ને હું ફરીથી એકલી પડી. થોમસ વોલ્સી, જે રાજાના સલાહકાર હતા એમણે મારા અને હેન્રી પર્સીના સંબંધને તોડાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. હું એમને ક્યારેય માફ કરી શકી નહીં.

હું એવી જ હતી... જીવી ત્યાં સુધી મારું વેર પણ જીવ્યું. મારી બહેન હોય કે દરબારના સલાહકાર, મારા પ્રેમને, મારા અહમને ચોટ પહોંચાડનાર દરેક વ્યક્તિને મેં બરાબરનો પાઠ ભણાવ્યો. મેરી મારી સાથેની હરીફાઈમાં જીતીને ઇંગ્લૅન્ડના રાજાની પ્રેમિકા બની, એ માટે એને સજા કરવાની મારા મનમાં સતત ઇચ્છા રહેતી. એવી જ રીતે વોલ્સી, જેમણે મારો અને હેન્રી પર્સીનો સંબંધ તોડાવ્યો એમને પણ મારે સીધા કરવા હતા... હું ફાંસમાં રહેતી હતી, પરંતુ મારા મગજમાં ઇંગ્લૅન્ડ પહોંચવાના રસ્તા શોધ્યા કરતી. કહે છે ને, તમે બહુ હૃદયથી કશુંક ઇચ્છો તો યુનિવર્સ ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બનાવી આપે છે-મારી સાથે પણ એવું જ થયું. મેં ધાર્યું નહોતું એવી રીતે મારી સામે લંડન પહોંચવાનો રસ્તો આપમેળે ખૂલી ગયો.

(ક્રમશઃ) ■

## જ્યારે સંબંધનો સેતુ બને છે દીકરી...

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

**સાંજનું** આકાશ ધીમે ધીમે રંગ બદલતું હતું. સૂર્યાસ્તનો કેસરી રંગ હવે રાખોડી થઈ રહ્યો હતો અને ફૂટબૉલના મેદાન પર લાંબા પડછાયાઓ ઊતરવા લાગ્યા હતા. મેદાનના એક ખૂણે સુપ્રિયા ઊભી હતી. એની નજર સતત દીકરી દેવયાનીને શોધી રહેલી.

મૅચ પૂરી થઈ. રેફરીએ સીટી વગાડી. ખેલાડીઓ મેદાનમાંથી બહાર આવવા લાગ્યા. દેવયાનીની ટીમ જીતી હતી અને વિજયી ગોલ પણ દેવયાનીએ જ કર્યો હતો. સાથી ખેલાડીઓ એને ઘેરીને અભિનંદન આપી રહી હતી. સુપ્રિયાએ દૂરથી હાથ હલાવ્યો. દેવયાનીએ એને જોઈ, પણ એના ચહેરા પર ખુશી નહોતી. એ ધીમા પગલે મા પાસે આવી. 'મમ્મી, તમે ફરી મોડાં આવ્યાં.' સુપ્રિયાએ હળવું સ્મિત કર્યું.

'માફ કરજે બેટા... ઑફિસમાં કામ વધારે હતું.'

'દર વખતે એવું જ હોય છે.'

દેવયાની આગળ ચાલી ગઈ. સુપ્રિયા એની પાછળ જોતી રહી. એને ખબર હતી કે દેવયાનીની નારાજગી માત્ર આજે મોડા આવવા માટે નહોતી. છેલ્લા ઘણા મહિનાઓથી ઘરમાં જે કંઈ ચાલી રહ્યું હતું એની અસર દીકરીના મન પર પડી રહી હતી. સુપ્રિયા અને એના પતિ વચ્ચે મતભેદો વધી રહ્યા હતા. શરૂઆતમાં નાની નાની વાત પર થતી દલીલો હવે લાંબા મૌનમાં ફેરવાઈ ગઈ હતી. બન્ને એક જ ઘરમાં રહેતાં હતાં, પરંતુ દુનિયા અલગ હતી. અને વચ્ચે દેવયાની ઊભી હતી. ઘરે પહોંચ્યા પછી સુપ્રિયાએ દીકરી માટે એની મનપસંદ સૅન્ડવિચ બનાવી.

'દેવુ, તને ભૂખ લાગી હશે.' દેવયાનીએ માત્ર માથું હલાવ્યું. જમતી વખતે સુપ્રિયાએ વાત કરવાનો પ્રયત્ન કર્યો.

'આજે મૅચમાં તારો ગોલ સરસ રહ્યો હશેને?'

'હા.'

'પપ્પા આવ્યા નહોતા?'

દેવયાની થોડી વાર ચૂપ રહી.

'પપ્પા પાસે સમય ક્યાં છે?'

આ વાક્ય સુપ્રિયાના હૃદયમાં ઊતરી ગયું. દેવયાની જમવાનું પૂરું કરીને પોતાના રૂમમાં ચાલી ગઈ. રાત્રે સુપ્રિયા એની પાસે ગઈ.

'ગુડ નાઇટ, બેટા.'

કોઈ જવાબ ના મળ્યો. સુપ્રિયા પાછી ફરી રહી હતી ત્યારે પાછળથી અવાજ આવ્યો.

'મમ્મી...'

એ અટકી.

'હા?'

'તમે પપ્પાને હજુ પ્રેમ કરો છો?'

સુપ્રિયા થોડી ક્ષણ માટે નિઃશબ્દ રહી.

'હા.'

'તો પછી તમે બંને સાથે કેમ નથી રહેતાં?'

સુપ્રિયા પાસે જવાબ નહોતો. ક્યારેક બાળકનો એક સીધો પ્રશ્ન વર્ષોથી છુપાવેલી સત્યતાને બહાર લાવી દે છે. સુપ્રિયાએ માત્ર એટલું કહ્યું, 'કેટલાક સંબંધોમાં પ્રેમ હોવા છતાં ગેરસમજો ઊભી થઈ જાય છે.'

દેવયાનીએ ધીમેથી કહ્યું, 'પણ ગેરસમજ માટે ઘર કેમ તૂટવું જોઈએ?'

સુપ્રિયાની આંખો ભીની થઈ ગઈ. એ રાત્રે તેને ઊંઘ ન આવી. દિવસો પસાર થતા ગયા. દેવયાની અભ્યાસમાં સતત આગળ વધતી ગઈ. શાળાની ડિબેટમાં પ્રથમ, ક્વિઝમાં વિજેતા, વક્તૃત્વમાં પ્રશંસા અને રમતગમતમાં પણ અગ્રેસર. પેરેન્ટ્સ-ટીચર મીટિંગના દિવસે શિક્ષકે સુપ્રિયાને કહ્યું, 'તમારી દીકરી ખૂબ જ પ્રતિભાશાળી છે, પરંતુ બહુ સંવેદનશીલતા છે.' સુપ્રિયાએ સ્મિત



કર્યું, પરંતુ શિક્ષકના શબ્દો સાંભળીને એને અંદરથી એક ચિંતા થઈ. સંવેદનશીલ બાળકો ઘણી વખત ઘરમાં બોલાતી વાતો કરતાં વધુ, મૌન વધુ અનુભવતા હોય છે. તે સાંજે દેવયાની ઘરે આવી અને સીધી પોતાની મા પાસે બેસી ગઈ.

'મમ્મી, તમે મને એક વાત કહેશો?'

'પૂછ.'

'જો બે લોકો એકબીજાને પ્રેમ કરતા હોય, તો શું તેઓ પોતાના અહંકારને કારણે અલગ થઈ શકે?'

સુપ્રિયા દીકરી તરફ જોઈ રહી.

'હા... ક્યારેક એવું થાય છે.'

દેવયાનીએ તેનો હાથ પકડી લીધો.

'તો તમે અને પપ્પા પણ એવો અહંકાર રાખો છો?'

સુપ્રિયા પાસે ફરી કોઈ જવાબ નહોતો. થોડા દિવસ પછી દેવયાનીએ એક નાનું કાર્ડ બનાવ્યું. એના પિતાનો જન્મદિવસ હતો. કાર્ડમાં એણે લખ્યું, 'પપ્પા, હું તમને બન્નેને પ્રેમ કરું છું.' સુપ્રિયાએ કાર્ડ વાંચ્યું ત્યારે એની આંખોમાં આંસુ આવી ગયાં. એને સમજાયું કે દીકરીએ પોતાનાં માતા-પિતાના ઝઘડાને ક્યારેય પક્ષપાતથી જોયો નહોતો. એ બન્નેને પ્રેમ કરતી હતી. અને કદાચ આ જ કારણ હતું કે એ બન્નેને ફરી સાથે જોવા માગતી હતી.

થોડા દિવસ પછી દેવયાનીએ કહ્યું,

'હું તમારી બંનેની દીકરી છું. મને બન્ને જોઈએ છે.'

આટલું સરળ વાક્ય સુપ્રિયાને અંદરથી તોડી ગયું. એણે સાંજે પતિ સાથે સામેથી સંવાદ શરૂ કર્યો. બન્નેની આંખોમાં વર્ષોની ફરિયાદ હતી, પરંતુ પાછળ હજુ પણ ક્યાંક પ્રેમ જીવતો હતો.

સુપ્રિયાએ ધીમેથી કહ્યું, 'મને માફ કરજો.' જવાબમાં એણે પણ કહ્યું, 'મારે પણ માફી માગવી જોઈએ.' દેવયાની થોડે દૂર ઊભી રહીને બન્નેને જોઈ રહી હતી. એની આંખોમાં સંતોષ હતો. એ દિવસે સુપ્રિયાને સમજાયું કે મા તરીકે પોતે દીકરીને ભલે જીવનના ઘણા પાઠ શીખવતી આવી હોય, પરંતુ આજે દીકરીએ જ એને સૌથી મોટો પાઠ શીખવ્યો હતો. 'સંબંધમાં જીતવું એટલે પોતાના અહંકારને ઓગાળી આગળ વધવું.' અને એક દીકરીને માતા-પિતામાંથી કોઈ એકની જીત જોઈતી નથી. એને બંનેનો સાથ જોઈએ છે.

દેવયાનીની અનેક સિદ્ધિઓ હતી. રમતમાં વિજય, અભ્યાસમાં સફળતા, વક્તૃત્વમાં ઇનામો અને શાળામાં મળેલી અનેક ટ્રોફીઓ, પરંતુ એની સૌથી મોટી સિદ્ધિ કોઈ ટ્રોફીમાં નહોતી. એણે પોતાનાં માતા-પિતા વચ્ચેનું મૌન તોડી નાખ્યું હતું. એણે ઘરમાં ફરી હૂંફ ઊભી કરી હતી. બસ, એ જ એની સૌથી મોટી સિદ્ધિ હતી કદાચ.

સુપ્રિયા દીકરીને ભેટી પડી. દેવયાનીએ આંખો બંધ કરી. એના ચહેરા પર શાંતિ અને મનમાં સુકુન હતું. ■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

## સ્ત્રીશિક્ષણનાં પ્રેરકઃ સિસ્ટર નિવેદિતા

નામઃ સિસ્ટર નિવેદિતા
ઓળખઃ સ્ત્રી શિક્ષણ
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખઃ ૨૭.૧૦.૧૯૬૮
ટિકિટનું મૂલ્યઃ ૨૦ પૈસા

માગરિટ એલિઝાબેથ નોબેલ... આ નામ સાંભળ્યું છે?

જવાબમાં ના કહેતાં પહેલાં જાણી લેજો કે ભારતમાં ભગિની નિવેદિતા કે સિસ્ટર નિવેદિતા તરીકે જાણીતાં થયેલાં મહિલા એ જ માગરિટ એલિઝાબેથ નોબેલ. સ્વામી વિવેકાનંદનાં પટ્ટશિષ્ય. ભારતીય સંસ્કૃતિનાં અનુરાગી અને સેવાભાવી પરદેશી મહિલા. શિક્ષણ ક્ષેત્રે અત્યંત મહત્ત્વનું કામ કરેલું એમણે.

આયર્લૅન્ડમાં ૨૮ ઑક્ટોબર ૧૮૬૭ના જન્મ. મૃત્યુ ૧૩ ઑક્ટોબર ૧૯૧૧ના દાર્જિલિંગમાં. મૂળ નામ માગરિટ નોબેલ. માતાનું નામ મેરી અને પિતાનું નામ સેમ્યુઅલ ઇચમન્ડ નોબેલ. પિતા ખ્રિસ્તી ધર્મગુરુ, માગરિટને વક્તૃત્વ અને સેવાની ભાવના પિતા પાસેથી વારસામાં મળેલાં. ૧૮૮૪માં તેમણે કૉલેજની છેલ્લી પરીક્ષા પસાર કરીને કેસ્વિક શહેરની એક નિશાળમાં સ્વેચ્છાએ શિક્ષિકા તરીકે કાર્ય કર્યું. ૧૮૮૬માં રેક્સહામની શાળામાં શિક્ષિકાનું કામ સ્વીકાર્યું.

ગૌતમ બુદ્ધના જીવનચરિત્રની તેમના માનસ પર ઊંડી અસર થઈ. એવામાં ૧૮૯૫માં સ્વામી વિવેકાનંદ લંડન ગયા. તે સમયે નિવેદિતા સ્વામીજીને મળવા અને સાંભળવા ગયાં. વિવેકાનંદનાં વ્યક્તિત્વ અને વ્યાખ્યાનની ઊંડી છાપ તેમના મન પર પડી. ૧૮૯૬માં સ્વામીજીએ હિંદુ ધર્મના વર્ગો શરૂ કર્યા તેમાં તેઓ જોડાયાં. વેદાંતના સાર્વત્રિક સિદ્ધાંતો અને વિવેકાનંદના માનવતાવાદી ઉપદેશો પ્રત્યે આકર્ષાયાં. ૧૮૯૬માં ઇંગ્લૅન્ડ છોડતાં પહેલાં તેમને પોતાના ગુરુ તરીકે સ્વીકારીને, તેમણે ૧૮૯૮માં ભારત ગયા ત્યાં સુધી ઇંગ્લૅન્ડમાં વેદાંત ચળવળ માટે માગરિટે કામ કર્યું . હિન્દુ ધર્મ વિશે તેમણે ઇંગ્લૅન્ડમાં જ ખૂબ જ્ઞાન મેળવ્યું. તે ખૂબ જ પ્રશ્નો કરતાં ને ચર્ચામાં ઊતરતાં. વિવેકાનંદે આ સ્ત્રીમાં રહેલું 'હીર' પારખ્યું. સ્વામી વિવેકાનંદે ઇંગ્લૅન્ડમાં રહીને જ સેવા કરવાનું કામ તેમને સોંપ્યું. જ્યારે તેમની ખૂબ આતુરતા વધી ત્યારે ભારત આવવાની અનુમતિ આપી.




૧૮૯૮ના જાન્યુઆરીની ૨૮મી તારીખે મુખ્યત્વે વિવેકાનંદને મહિલાઓને શિક્ષિત કરવાની તેમની યોજનાઓને સાકાર કરવામાં મદદ કરવા માટે માગરિટ ભારત આવ્યાં. સૌપ્રથમ તેમણે સ્વામીજી સાથે ભારતમાં ઉત્તરનાં સ્થાનો અલમોડા, અમરનાથ, શ્રીનગર કાશ્મીરનો પ્રવાસ કર્યો. ભારતનાં ધર્મ, ઇતિહાસ, રીતરિવાજો, સંસ્કૃતિ વિશે જાણકારી મેળવી. કોલકાતાના બેલૂરના એક મકાનમાં રહેવાનું શરૂ કર્યું. પ્રવાસમાંથી પાછાં ફર્યા બાદ કોલકાતા બોઝપરા વિસ્તારમાં કન્યાઓ માટે ૧૮૯૮ના નવેમ્બરની ૧૪મી તારીખે પ્રાથમિક શાળા શરૂ કરી. ત્યાં તેમણે ભારતીય પરંપરાઓને પશ્ચિમી વિચારો સાથે મિશ્રિત કરવાનો પ્રયાસ કર્યો. આ શાળાનું નામ 'ભગિની નિવેદિતા ગર્લ્સ સ્કૂલ' રાખવામાં આવ્યું. દીન-હીન સ્થિતિમાં સબડતી ભારતની સ્ત્રીઓ અને બાલિકાઓનાં શિક્ષણ અને ઉત્કર્ષ માટે તેમણે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી, પ્રેમ, નિષ્ઠા અને આત્મસમર્પણથી આ શાળાનો વિસ્તાર માત્ર બાલિકાઓ પૂરતો સીમિત ન રહ્યો. બાલવિધવાઓ, ત્યક્તાઓ, મોટી ઉંમરની સ્ત્રીઓ પણ આશ્વાસન, સહાય અને જ્ઞાન મેળવવા આવતી. એમાંથી જ 'બહેનોના ઘર'ની યોજના જન્મ પામી. અહીં શિક્ષણ, ચિત્રકામ, સીવણવર્ગ ચાલતા અને વિધવાઓનું જીવન પ્રવૃત્તિમય રહે, આવક વધે, જ્ઞાન મળે એવી યોજનાઓ થતી રહેતી. શાળાની આર્થિક મુશ્કેલીમાં યુરોપ-અમેરિકાના પ્રવાસે જઈ ફંડ પણ એકઠું કર્યું. જુદી-જુદી સંસ્થાઓના આશ્રયે તેમણે જુદા જુદા વિષયો પર ભાષણો આપ્યાં. એમાં આલ્બર્ટ હૉલમાં અપાયેલું 'કાલી' વિશેનું અને કાલિઘાટ મંદિરમાં અપાયેલું 'કાલીપૂજા' વિશેનું ભાષણ નોંધપાત્ર છે. તેમણે લખેલું પુસ્તક 'કાલી ધ મધર' નોંધપાત્ર છે. ૨૫મી માર્ચ ૧૮૯૮ના શુક્રવારે હિંદુ ધર્મની દીક્ષા લીધી અને 'નિવેદિતા' નામ ધારણ કર્યું. નિવેદિતા એટલે સમર્પિત.

કોલકાતામાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે તે અવિરત શ્રમ કરી સતત ગરીબોની વસ્તીમાં ફરતાં રહ્યાં. પૂર્વ બંગાળમાં રેલ અને દુકાળનું સંકટ આવી પડ્યું ત્યારે ડૉક્ટરની સલાહને અવગણીને પણ સેવાકાર્ય સતત ચાલુ રાખ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે ઝંપલાવ્યું ને સમગ્ર ભારતમાં ફર્યાં, વ્યાખ્યાનો આપ્યાં. બંગભંગની લડતમાં અને સ્વદેશીની ચળવળમાં પોતાની તમામ શક્તિથી જોડાયાં અને જાગૃતિ લાવવાના સતત પ્રયાસો કર્યા. પોતે સદા સ્વદેશી વસ્તુઓ જ વાપરતાં. અરવિંદ ઘોષ, ગોપાળ કૃષ્ણ ગોખલે, રવીન્દ્રનાથ ટાગોર, સુભાષચંદ્ર બોઝ, જગદીશચંદ્ર બોઝ વગેરે સાથે તેમને ઘણા સારા સંબંધો હતા.

દરમિયાન, ૧૯૦૨માં વિવેકાનંદના મૃત્યુ પછી નિવેદિતાએ ભારતની રાજકીય મુક્તિ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે ૧૯૦૫માં બંગાળના ભાગલાનો સખત વિરોધ કર્યો. સ્વદેશી ચળવળને ટેકો આપ્યો. આયાતી બ્રિટિશ વસ્તુઓનો બહિષ્કાર કરવા અને સ્થાનિક રીતે ઉત્પાદિત હાથથી બનાવેલી વસ્તુઓને પ્રોત્સાહિત કરવાની હાકલ કરવામાં આવી. તેમણે ભારત અને વિદેશમાં પ્રવચનો આપવાનું ચાલુ રાખ્યું. ભારતીય કળા અને ભારતીય મહિલાઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું.

જીવનનાં છેલ્લાં ત્રણ વર્ષ તેમણે ઇંગ્લૅન્ડ-અમેરિકામાં ગાળ્યાં. ૧૯૧૧માં ભારત પાછાં આવ્યાં. તેમનું ૧૩ ઑક્ટોબર ૧૯૧૧ના રોજ દાર્જિલિંગમાં અવસાન થયું. આજે તેમનું સ્મારક રેલવે સ્ટેશનની નીચે વિક્ટોરિયા ધોધ દાર્જિલિંગના માર્ગ પર સ્થિત છે. તેમના શિલાલેખ પર લખ્યું છે : અહીં સિસ્ટર નિવેદિતા છે જેમણે પોતાનું સર્વસ્વ ભારતને આપી દીધું. સ્વામી વિવેકાનંદે સિસ્ટર નિવેદિતાને એક કવિતા લખેલી, જેનું શીર્ષક હતું : સિસ્ટર નિવેદિતાને આશીર્વાદ. કવિ રવીન્દ્રનાથ ટાગોરે તેમના મૃત્યુ પછી તેમને લોકમાતાનું બિરુદ આપ્યું.

સિસ્ટર નિવેદિતાનું અવસાન થયું, પણ તેમનો પ્રભાવ ઓસર્યો નહીં. તેમની યાદમાં સ્મારકો ને સ્મૃતિચિહ્નો ખડાં કરવામાં આવ્યાં. ૨૦૧૦માં કોલકાતાના સૉલ્ટ લેક સિટીમાં પશ્ચિમ બંગાળ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના બોર્ડનું નામ સિસ્ટર નિવેદિતાના નામ પરથી રાખવામાં આવ્યું. તમિળનાડુના ચેન્નાઈમાં તેમની સ્મૃતિને સમર્પિત સંસ્થા, સિસ્ટર નિવેદિતા ઍકેડેમીની સ્થાપના કરવામાં આવી છે. ઘણી શાળાઓ અને કૉલેજોનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. દક્ષિણેશ્વર, કોલકાતા નજીક નિવેદિતા પૂલનું નામ તેમના માનમાં રાખવામાં આવ્યું છે. ૨૦૧૫માં કોલકાતાના અલીપુરના હેસ્ટિંગ્સ હાઉસ ખાતે એક નવી સરકારી ડિગ્રી કૉલેજનું નામ સિસ્ટર નિવેદિતાના નામ પરથી રાખવામાં આવ્યું. ૨૦૧૮માં કોલકાતા ખાતે બારાનાગોર રામકૃષ્ણ મિશન આશ્રમ હાઈ સ્કૂલના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શાળાના મકાનનું નામ સિસ્ટર નિવેદિતાના નામ પરથી 'નિવેદિતા ભવન' રાખવામાં આવ્યું... તેમના યોગદાનને કારણે જ ભારત સરકારે તેઓ વિદેશી મૂળના હોવા છતાં તેમના નામે ટપાલ ટિકિટ બહાર પાડેલી. વિદેશી મહિલાના નામે ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હોય એવી બીજી મહિલા હતાં ભગિની નિવેદિતા! ■

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# આ તે કેવાં સંતાન?




**ભારતમાં** વૈદ્યકીય સારવાર અને સ્વસ્થ જીવનશૈલીને કારણે પ્રજાની આવરદા વધી છે. જેમ મનુષ્યનું આયુષ્ય વધે તેમ તેની તંદુરસ્તી પર અસર થતી જાય. જેવી રીતે જૂનું મશીન ખોટકાય અને રીપેરિંગની જરૂર પડે તેવી જ રીતે વૃદ્ધાવસ્થામાં વિવિધ અંગ શિથિલ બને તેને રીપેરિંગની જરૂર પડે. ક્યારેક રીપેરિંગ કામ આવે નહીં તો એ ખોડખાંપણથી જ ચલાવી લેવું પડે. આવી રીતે વૃદ્ધ જ્યારે અશક્ત થઈ જાય, પોતાનું કામ પોતે કરી ન શકે, પરવશ થઈ જાય ત્યારે બહુ મુસીબત થઈ જાય છે. સંતાનો પાસે તેમની સારસંભાળ લેવાનો સમય નથી યા તો પછી તેમને પોતાનાં વૃદ્ધ માતા-પિતાની સેવાચાકરીમાં કોઈ રસ નથી.

અહીં વિરોધાભાસ એ છે કે વૃદ્ધ માતા-પિતાની સેવાચાકરીમાં રસ નથી, પણ તેમની મિલકત તો જોઈએ જ છે. તાજેતરમાં એક દિલ દ્રવી જાય તેવો બનાવ બન્યો.

હરિપ્રસાદને બે દીકરા અને ત્રણ દીકરી. સુખી કુટુંબ. હરિપ્રસાદે વ્યવસાયમાં નામ-ઈજ્જત-પૈસા બધું જ કમાયું હતું. પાંચેય સંતાનને સારી રીતે ભણાવી, ગણાવી, કામ ધંધે લગાડી અને વરાવ્યાં-પરણાવ્યાં. હરિપ્રસાદ અને તેમનાં પત્ની મોટા દીકરા સાથે રહેતાં હતાં. હજુ તો હરિપ્રસાદ કામધંધો કરતા હતા અને પત્ની પણ કડેધડે હોવાને કારણે વહુને ઘરના કામમાં મદદ કરતી હતી. સંસાર સારી રીતે ચાલતો હતો. દીકરાનાં બાળકો દાદા-દાદીની નિશ્રામાં ઉછરી રહ્યાં હતાં. પુત્રવધૂને બહાર જવું હોય તો ઘરની બિલકુલ ચિંતા રહેતી ન હતી, કારણ કે હરિપ્રસાદની પત્ની ઘરનું બધું જ કામ પુત્રવધૂના ગયા સંભાળી લેતી હતી. બાળકોને સંભાળી લેતી હતી. પુત્રવધૂ બહારથી પાછી આવે ત્યારે બાળકો ગરમાગરમ રસોઈ જમતાં હોય. હરિપ્રસાદ અને પોતાના પુત્રને જમવા બેસાડીને પુત્રવધૂને પણ ગરમાગરમ જમવા બેસાડી દેતી.

આવી કામઢી સાસુ અને કમાતો સસરો હોય તો પુત્રવધૂને કે પછી પુત્રને શો વાંધો હોય? ચાલે જને? પણ કાળને કરવું તે હરિપ્રસાદની પત્નીને કૅન્સર ડિટક્ટ થયું. તેની શરીર અને શક્તિ બંને ક્ષીણ થવા લાગ્યાં. હવે તે ઘરમાં કોઈ કામ કરી શકતાં ન હતાં. પોતાનું કામ કરવા માટે પણ તેમને કોઈની મદદની જરૂર રહેતી હતી.

હરિપ્રસાદ પત્નીની બરાબર સંભાળ રાખતા હતા. હરિપ્રસાદે અત્યાર સુધી જોયું હતું કે પત્નીએ પોતાનું અને પરિવારની કેટલી કાળજી લીધી છે. ક્યારેય પોતાની વિશે નથી વિચાર્યું, પરિવાર માટે જ વિચાર્યું છે આ પત્નીને આજે જ્યારે જરૂર છે ત્યારે તેને સંભાળી લેવાની પોતાની ફરજ છે એ હરિપ્રસાદ સારી રીતે સમજતા હતા. તેથી તેમણે વ્યવસાય પુત્રને સોંપી દીધો અને પત્નીની સેવા-ચાકરી કરવા માંડી, પરંતુ કૅન્સર એટલે કૅન્સલ. પત્નીના અવસાન પછી હરિપ્રસાદ એકલા પડી ગયા. જીવનમાં ખાલીપો આવી ગયો. દીકરાનો પરિવાર પોતાની મોજમસ્તીમાં વ્યસ્ત હતો. પિતા સાથે વાત કરવાનો ન કોઈની પાસે સમય હતો, ન ઇચ્છા. હરિપ્રસાદ એકલા એકલા હિજરાતા હતા. આમને આમ સમય પસાર થતો રહ્યો એમાં અચાનક હરિપ્રસાદને બ્રેન સ્ટ્રોક આવ્યો. એ સાવ પરવશ થઈ ગયા, પણ સેવા સુશ્રુષા કરવાવાળું કોઈ ન હતું. હરિપ્રસાદ પાસે પૈસા હોવાને કારણે એક કૅરટેકર રાખવામાં આવ્યો, પણ ભાડાનો માણસ શું ધ્યાન રાખે?

પિતાની બીમારીની જાણ થતાં ત્રણે દીકરી વારાફરતી પિતાને મળવા આવતી. વાઘ જેવા પિતા સાવ અસહાય હાલતમાં જે રીતે જીવી રહ્યા હતા. તે વચલી દીકરીથી જોવાયું નહીં અને તે પિતાને પોતાને ત્યાં લઈ ગઈ. દીકરીના ઘેર હરિપ્રસાદની સરસ સંભાળ લેવાતી હતી. પિતા આગળ બેસીને ભજન ગાતી. હરિપ્રસાદને ગમતું હતું, પણ ધીરે ધીરે તેમનાં એક એક અંગ પર અસર થવા લાગી અને છેલ્લે તેઓ મૃત્યુ સામેનો જંગ હારી ગયા. હરિપ્રસાદનું અવસાન થયું એટલે દીકરી અને તેનો પરિવાર પિતાના શબને લઈને પિતાને ગામ ગયાં તેમની અંતિમક્રિયા કરવા માટે, પણ તેના બન્ને ભાઈઓએ પિતાના અગ્નિસંસ્કાર કરવાની ના પાડી દીધી.

વાત એમ બની હતી કે હરિપ્રસાદ પાસે પાંચ વીઘા જમીન હતી. હરિપ્રસાદના દીકરા-વહુએ તો તેનું ધ્યાન બરાબર રાખ્યું નહીં, સાચવ્યા નહીં. જ્યારે આ દીકરીએ પિતાની બહુ જ સારસંભાળ લીધી એટલે હરિપ્રસાદે ખુશ થઈને બે વીઘા જમીન આ દીકરીના નામે કરી દીધી. ભાઈઓને આ ગમ્યું નહીં તેથી તેમણે કહ્યું કે 'જ્યાં સુધી બહેન બે વીઘા જમીન પાછી નહીં આપે ત્યાં સુધી પિતાના અગ્નિસંસ્કાર નહીં થવા દઈએ.' ઝઘડાને કારણે બીચારી બહેને નમતું જોખ્યું અને બે વીઘા જમીન પાછી આપવા માટે રાજી થઈ ગઈ. પણ આ નફ્ફટ ભાઈઓને બહેનના બોલવા પર વિશ્વાસ ન હતો, પહેલાં જમીનનું રજિસ્ટ્રેશન પોતાના નામે થાય પછી જ પિતાના પાર્થિવદેહને અગ્નિદાહ અપાશે એવો આગ્રહ તેમણે રાખ્યો. ભાઈઓની આ શરતને માન્ય રાખીને પ્રૉપર્ટીના રજિસ્ટ્રેશન માટે બધાં કાર્યાલય પર ગયાં. પરંતુ ત્યાં ટેક્નિકલ ખામીના કારણે રજિસ્ટ્રેશન ન થઈ શક્યું. બીજા દિવસે ફરીથી બંને રજિસ્ટ્રેશન માટે બહેનને લઈને ગયા. એ દિવસે પણ સર્વર ડાઉન હોવાને કારણે કલાકો રાહ જોયા પછી સાંજે છેક કામ થયું અને તેઓ ઘેર પહોંચ્યા ત્યાં સુધીમાં ધોધમાર વરસાદ તૂટી પડયો. હવે પિતાના પાર્થિવદેહને ગામથી દૂર આવેલા મુક્તિધામમાં કઈ રીતે લઈ જવો એ મુશ્કેલી આવી. આખરે સ્થાનિક પોલીસની મદદથી છેક મોડી રાતે હરિપ્રસાદના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

સ્વાર્થી દીકરાઓની મિલકત માટેની લાલચને કારણે પિતાનો પાર્થિવદેહ બે દિવસ સુધી સડતો રહ્યો. જીવતા બાપની દરકાર તો ન કરી, મર્યા પછી પણ ચેન ન લેવા દીધું. આ તે કેવા દીકરા? ■

---

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# જીવનના રંગમંચ પર 'લાઈવ' નાટક




**વિવિધ** પ્રકારના સમારોહમાં જવાનું થતું હોય છે. ક્યારેક હાસ્યના કાર્યક્રમમાં તો ક્યારેક કવિતા પઠન કે વક્તા તરીકે પણ જવાનું થાય છે. ઉંમર સાથે દરેકને શારીરિક તેમજ માનસિક બીમારી આવે જ છે એ સ્વીકારવું અઘરું છે, પણ આ રમાએ સ્વીકાર્યું નથી!

હમણાં એક લગ્ન પ્રસંગે જવાનું થયું. સામેથી આવતા માનવસમૂહમાંથી એક ભાઈએ આવીને પૂછ્યું, 'કેમ છો, રમાબહેન? મજામાં ને?'

મને એ ભાઈની ઓળખાણ પડી નહોતી, પણ મેં તરત કહ્યું, 'કેમ નહીં ઓળખાણ પડી! તમે કેમ છો?'

મારી સાથે અમારા પતિદેવ પણ હતા અને મારા માટે અજનબી એવા એ ભાઈ મારા પતિદેવના મિત્ર હતા. બંનેએ ભેટીને ખુશી વ્યક્ત કરી. આમ તો મારા પતિદેવ મૌન બાબા, પરંતુ ટીખળખોરીમાં નંબર વન, એમણે મિત્રને કહ્યું, 'અમારાં ધર્મપત્નીને તમારી ઓળખાણ પડી છે એમ કહીને છટકી ગયાં લાગે છે. જરા એમને પૂછ કે તારું નામ શું છે?'

એટલે મારી બત્તી ચમકી કે પતિદેવ આજે મારી પરીક્ષા કરી રહ્યા છે. પેલા ભાઈ કે જેનું નામ હું સદંતર ભૂલી ગઈ હતી, એમણે પૂછ્યું, 'ભાભી, મારું નામ શું છે? કે પછી મને સાવ નામ સહિત જ ભૂલી ગયાં?'

અમારી આસપાસ અમે કુલ ત્રણ જ હતાં. એટલે લાજ બચાવવા દ્રૌપદીની જેમ હાકલ પણ કોને કરું? મેં થોડો સમય લીધો એટલે એ ભાઈ ફરી બોલ્યા, 'જોયું? સાવ જ ભૂલી ગયાં લાગો છો...'

મેં ન છૂટકે કહ્યું, 'અ... અ... અ... એ તો એમ છે કે આજકાલ મને સ્મૃતિભ્રમ જેવું થયું લાગે છે અને પાછા અમારા પતિદેવને આજે મશ્કરી કરવા કોઈ હજી સુધી મળ્યું નથી.'

પેલા ભાઈ મારી અવઢવ સમજી ગયા અને બોલ્યા, 'તમારા પિયરનો પડોશી ભુલાભાઈ ઉર્ફે ભૂલો. આમાં તમારો વાંક નથી. બાપાએ નામ જ ભૂલો પાડેલું, એટલે તમે ભૂલી ગયાં.'

આ વાત અમે બરાબર યાદ રાખી હતી. ભલે દ્રૌપદી ચીરહરણવાળી વાત ભૂલી ગઈ હશે, પણ મેં મારી આ મશ્કરી યાદ રાખેલી.

એકવાર ફરી લગ્ન પ્રસંગે જવાનું થયું. સામેથી અમારી સ્કૂલમાં ભણતી સખીઓનું વૃંદ ભેટી ગયું. પતિદેવને એમનાં સગાંવહાલાં ભેટી ગયાં. ત્યાં ફરી અમારી સ્મૃતિએ ટકોરા માર્યા.

મેં મારી પ્રિય સખીને કહ્યું, 'ચાલ, તને મારા પતિદેવ સાથે ઓળખાણ કરાવું, પણ પહેલાં એમને પૂછજે કે મારી ઓળખાણ પડી? એ કહેશે, 'ના, નથી પડી.' તો તારે કહેવાનું, 'કેમ? યાદ કરો... યાદ કરો...' ફરી ના કહે તો કહેવાનું, 'બહુ જલદી યાદશક્તિ ચાલી ગઈ? આજકાલ સ્મૃતિભ્રમના ઘણા કિસ્સા બહાર આવ્યા છે.' એમ થોડી મશ્કરી કરવાની છે. જસ્ટ નાટક!'

સખી શાણી સતેજ હતી. એટલે કહે, 'કેમ? કોઈ હિસાબ ચૂકતે કરવાની લાગે છે!'

ટીખળ કરવામાં માહિર સખીએ પતિદેવના ખભા ઉપર ધબ્બો મારીને કહ્યું, 'કેમ, કંઈ ઓળખાણ પડી કે નહીં? જૂનાં સગાંવહાલાંને આમ ભૂલી જવાનું?'

સ્મૃતિને પ્રદીપ્ત કરતા પતિદેવે અ... અ... અ...નો ઉદ્ગાર કરી કહ્યું, 'યાદ તો આવે છે. પણ ક્યાં... ક્યારે... અને નામ...'

સખીએ તરત ગંભીર બનીને કહ્યું, 'મને તો ખાતરી જ હતી કે ભાઈ ભૂલી જ ગયા હશે. આજકાલ પુરુષો નવી આવે એટલે જૂનીને ભૂલી જાય. નામ સુધ્ધાં પણ તમારી જેમ ભૂલી જાય. સૌથી વધુ દુઃખ મને આજે થયું. બોલ રમા... તું આને નથી ઓળખતી, પણ મેં તો બાંકડે બેસીને જીવનનાં અનેક સપનાંઓ આની સાથે જોયાં હતાં. ગાંધીબાગમાં બાપુના સોગંદ ખાઈને... કેટલા પત્રો લખ્યા... ફોન કર્યા...'

'પણ બહેન, મારી વાત સાંભળો.' પતિદેવે આર્દ્ર સ્વરે કહ્યું, 'આ મારી પત્ની છે અને એને ખબર જ છે કે મારો ભૂતકાળ સાવ ચોખ્ખો છે.'

'એવું તમારું કહેવું છે. મારી પાસે તો પુરાવા સુધ્ધાં છે. ઘરે જઈને પુરાવા લઈને સીધી તમારા ઘરના સરનામે આવું?'

મને ખબર નહોતી કે આ એકાકી ટાઇપ મશ્કરીની લંબાઈ ત્રિઅંકી નાટકમાં પરિવર્તિત થશે! પતિદેવને ગૂંચવાયેલા જોઈને મેં સખીને કહ્યું, 'બહેન, આ ખરેખર મારા પતિ છે. એ ખૂબ ભોળા, નિર્દોષ અને ક્લિનચીટ છે.'

'બસ, બહુ થયું! ભોળા અને નિર્દોષ તો તમે જ છો. જીવનમાં લોકો જે દેખાડે એનાથી ઊલટું જ કરતા હોય છે. ગાંધીબાગના બાંકડે અને બાપુનાં ચરણે જાતજાતનાં સપનાં અને સોગંદ ખાધાં હોય એવા પુરુષો પર ભરોસો કરવો? તું છેતરાય છે! પ્રૂફ જોઈએ તો મારી બીજી સખીઓનું ટોળું ઊભું જ છે.'

પતિદેવે મારો હાથ પકડી કહ્યું, 'આ મારે ગળે પડે છે. તું સાચું માનીશ નહીં.'

અંતે મેં આજીજી કરતાં કહ્યું, 'હું બધું ભૂલી જાઉં તે પહેલાં તારું નાટક બંધ કર અને મારી સખી હોવાના નાતે તારી સાચી ઓળખાણ આપ.'

'જીજાજી, મહાભારત થઈ જાય એ પહેલાં નાટક ટૂંકાવી દઉં છું. હું વર્ષા... રમાની સખી અને તમારો કાળ...! સ્કૂલની સખી, પણ કૃષ્ણ બનીને સહાય કરવા આવી હતી. તમે એકાદ વાર તો વસ્ત્રાહરણનો સીન ઊભો કર્યો જ હશે. નહીંતર મારી સખી આવું નાટક મારી પાસે કરાવે નહીં. ખરું ને?'


પતિદેવ હસી પડ્યા, 'સાચે જ મારી રમાની સ્મૃતિ અકબંધ છે એનો પુરાવો અને એની યુક્તિ માટે બંનેને મારા તરફથી ડિનર... ખરેખર સમય બળવાન છે અને સ્મૃતિ પણ બળવાન છે! પણ મને આ નાટક અને નાટકની ભજવનાર પણ ગમી ગઈ છે હોં!' ■

---

## ફૅશન

ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ઑલ ટાઈમ ફેવરિટ ઘાઘરો



**શ્રાવણ** મહિનાની શરૂઆત થાય એટલે કે તહેવારોની શરૂઆત થાય. સારાં કપડાં પહેરવાની અને શૉપિંગ કરવાની શરૂઆત. જો તમારે શૉપિંગનું બિલ થોડું ઓછું કરવું હોય તો તમારી પાસે અમુક કપડાં હોવાં જોઈએ કે ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન ન થતાં હોય, જેમ કે ગોલ્ડન કે કોઈ બ્રાઇટ કલરનો ઘાઘરો. ઘાઘરો એટલા માટે, કારણ કે ઘાઘરો ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતો નથી અને ગોલ્ડન સાથે તમે ઘણું મિક્સ ઍન્ડ મૅચ કરી શકો. ચાલો જાણીએ ગોલ્ડન ઘાઘરા સાથે કઈ રીતે મિક્સ ઍન્ડ મૅચ કરી શકાય.

ગોલ્ડન ઘાઘરા સાથે શૉર્ટ કાફતાન-ગોલ્ડન ઘાઘરા સાથે શૉર્ટ કાફતાન એક ટ્રેન્ડી લુક આપશે. શૉર્ટ કાફતાન એટલે સ્ટાઇલિંગ કાફતાનની જ હોય અને લેન્થ ઓછી હોય છે. આ લૂકમાં દુપટ્ટાની જરૂર હોતી નથી. જો તમારું શરીર ભરેલું હોય તો તમે કાફતાનની લેન્થ હિપ સુધી રાખી શકો. અને બ્રાઇટમાં કલરમાં રાખવું જેથી કરીને તમારી બૉડી લાઇન ટ્રીમ થઈ જાય. કફતાન અલગ અલગ ફેબ્રિકમાંથી બને છે. આ લુક માટે ફ્લોઇંગ ફેબ્રિકમાંથી બનેલું કફતાન વધારે સારું લાગશે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે ટ્રાન્સપરેન્ટ કાફતાન પહેરી શકાય અને અંદર ગલીટરી ટ્યૂબ ટૉપ પહેરી શકાય.

ગોલ્ડન ઘાઘરા સાથે કૉન્ટ્રાસ્ટ બ્લાઉસ - આ કૉમ્બિનેશન માટે તમારી પાસે બે ઑપ્શન છે. એક તો શૉર્ટ બ્લાઉસ અને બીજું લાંબુ. તમે તમારી હાઇટ અને બૉડી ટાઇપ પ્રમાણે બ્લાઉસની લેન્થનું સિલેક્શન કરી શકો. જેમ કે જો તમારું શરીર સુડોળ હોય તો તમે શૉર્ટ બ્લાઉસ પહેરી શકો. ગોલ્ડન ઘાઘરા સાથે જમેવર્ણું શૉર્ટ બ્લાઉસ સારું લાગશે. ગોલ્ડન સાથે તમે મરૂન, રાની, ગ્રીન કલરન બ્લાઉસનું કૉમ્બિનેશન કરી શકો. શૉર્ટ બ્લાઉસ સાથે તમે એલબો સ્લીવ્સ પહેરી શકો અથવા જો તમને વધારે ફૅન્સી લૂક જોઈતો હોય તો તમે હોલ્ટર નેકના બ્લાઉસ પહેરી શકો. અથવ અથવા તો સ્પેગેટી પૅટર્ન કરાવી પણ પહેરી શકાય. અને જો તમારું શરીર ભરેલું હોય તો તમારે શૉર્ટ બ્લાઉસ પહેરવાનું ટાળવું. તમે લાંબુ બ્લાઉજ એટલે કે કમર સુધી કે પછી કમરની નીચે ૨ ઇંચ સુધીની લંબાઈ રખાવી પહેરી શકો. જો બ્લાઉસની લેન્થ હોય તો ખાસ કરીને સાઇડમાં બે ઇંચની કટ રાખવી. જેમનું શરીર થોડું ભરેલું હોય તેમણે ખાસ ફિટિંગવાળા બ્લાઉસ પહેરવાં જેથી કરી શરીર વધારે ફૂલેલું ન લાગે.

ગોલ્ડન ઘાઘરા સાથે લૉન્ગ કુર્તા - આ એક સેફ કૉમ્બિનેશન છે. ગોલ્ડન કલર સાથે તમે કોઈ પણ બ્રાઇટ કલરનો કુરતો પહેરી શકો, શરત માત્ર એટલી જ કે તે કુરતો હેવી હોવો જોઈએ. જેમકે ગોલ્ડન ઘાઘર સાથે જામેવાર ફૅબ્રિકનો રાની કલરનો કુરતો એક બ્રાઇટ અને ફ્રેશ લુક આપશે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે એ લાઇન ઘાઘરો પણ પહેરી શકો. અને જો તમરું શરીર ભારે હોય તો તમે ગોલ્ડન ઘાઘરા સાથે સ્ટ્રેટ કુરતા પહેરી શકાય. જેનાથી વધારે બ્રૉડ લુક નહીં આવે. તમારી હાઇટ અને બૉડી પ્રમાણે તમે કુરતાની લેન્થ સિલેક્ટ કરી શકો. ગોલ્ડન ઘાઘરા સાથે મરૂન કલર સૌથી બેસ્ટ લાગશે. આ એક ક્લાસી કૉમ્બિનેશન છે જે ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતું નથી. અને કોઈ પણ ઉંમરની મહિલા કે યુવતીને સરું જ લાગે.

ગોલ્ડન ઘાઘરા સાથે શ્રગ - શ્રગમાં ઘણી વેરાઇટી આવે છે. ખાસ કરીને લેન્થના હિસાબે. જો તમારી હાઇટ સારી હોય અને શરીર પણ સુડોળ હોય તો તમે શૉર્ટ શ્રગ પહેરી શકો. લાંબી યુવતીઓને તો લૉન્ગ શ્રગ પણ સારું લાગશે. શ્રગની લેન્થ તમારી હાઇટ અને બૉડી ટાઇપ પ્રમાણે રાખવી. તમારું શરીર જો સુડોળ હોય તો જ તમે સી થ્રુ શ્રગ પહેરી શકશો. જો તમરા શરીર પર કમર અને પેટનો ભાગ વધારે હોય તો, તમે સિલ્ક કે ચંદેરીના ફૅબ્રિકનું શ્રગ પહેરી શકો.

આ બધી જ સ્ટાઇલિંગ તમારા ઘાઘરાને અનુરૂપ હોવી જોઈએ એટલે કે જો તમારો ઘાઘરો ગોલ્ડન કલરમા વર્કવાળો હોય તો તેની પર બ્લાઉસ કે કફતાન ટૉપ સિમ્પલ હોવું જોઈએ. જો ઘાઘરો સિમ્પલ હોય તો તમે ટૉપ કે કુરતો હેવી પહેરી શકો. અને આ બધા કરતાં એ ખાસ મહત્ત્વનું છે કે તમારે ક્યું ફંક્શન અટેન કરવાનું છે. પ્રસંગને અનુરૂપ તમે ગોલ્ડન ઘાઘરા સાથે મિક્સ ઍન્ડ મૅચ કરી શકો. દુપટ્ટાની પસંદગી તમે તમારા લુક પરથી નક્કી કરી શકો. ■

---

## ફૅશન પ્લસ

પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# ચોમાસામાં પરંપરા ને આધુનિકતાનો સંગમ બનીને પાછો આવ્યો છે હૅન્ડલૂમનો જલવો



**વરસાદનું** પહેલું ટીપું પડતાં જ ફૅશનની દુનિયામાં ઘણા નવા રંગો અને રુઝાન જોવા મળે છે. આપણે ત્યાં મૌસમ પોતાની સાથે ઘણી નવી માગ લઈને આવે છે. ચોમાસાની સિઝન પણ એમાં અપવાદ નથી. આ વખતે ચોમાસામાં ફૅશનની દુનિયામાં ખૂબ જ દિલચસ્પ બદલાવ જોવા મળી રહ્યો છે. એ છે દરેક તરફ હૅન્ડલૂમની માગ. હૅન્ડલૂમ એટલે કે હાથથી બનાવવામાં આવેલાં કપડાંની ફૅશનની દુનિયામાં પાછી જોરદાર વાપસી થઈ રહી છે. જે ફક્ત પારંપરિક અને ઔપચારિક વસ્રો પૂરતા સીમિત માનવામાં આવતાં હૅન્ડલૂમ વસ્રો આજે યુવાઓના વોર્ડરોબમાં પ્રમુખ રીતે સજી રહ્યાં છે. ખાદી, લિનન, કૉટન અને વિવિધ ક્ષેત્રોમાં હાથથી ગૂંથેલાં કપડાં અને આધુનિક કટ્સ ડિઝાઇન રંગોની સાથે નવા અંદાજમાં સામે આવી રહ્યાં છે. ફૅશનના જાણકારોનું માનવું છે કે હૅન્ડલૂમની વાપસી ફક્ત ટ્રેન્ડ પૂરતી નથી, પરંતુ બદલાતી જીવનશૈલી અને ઉપભોકતા વિચારનું પરિણામ છે. હવે લોકો એવાં કપડાં પસંદ કરે છે જે આરામદાયક હોય, વાતાવરણને અનુકૂળ હોય અને પોતાની સંસ્કૃતિની ઓળખને પણ વ્યક્ત કરતાં હોય.

### કેમ વધી રહી છે માગ?

વરસાદમાં સિન્થેટિક કપડાં ચીપચીપાહટ અને અસહજતાનું કારણ બની જતાં હોય છે, જ્યારે કૉટન અને લિનન જેવાં હૅન્ડલૂમ આધારિત કપડાં ભેજને સારી રીતે શોષી લેતાં હોવાથી સુકૂન આપે છે. એ હલકાં હોય છે અને લાંબા સમય સુધી પહેરવામાં આવે તો પણ આરામ આપતાં હોય છે. આને કારણે જ ફૅશન ડિઝાઇનર આ સિઝનમાં ખાસ કરીને હૅન્ડલૂમ ફૅબ્રિકને પ્રાથમિકતા આપી રહ્યા છે. હવે આ કપડાંમાંથી ફક્ત સાડી કે કૂરતા જ નહીં જૅકેટ, કો-ઑર્ડ સેટ, ડ્રેસીસ, ટ્રાઉઝર, શર્ટ અને ઇન્ડો વેસ્ટર્ન પોશાક પણ બનાવવામાં આવે છે. પરિણામે યુવાનોમાં એના પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે. એમાં સોશ્યલ મીડિયા અને ફૅશન ઇન્ફ્લ્યુઅન્સર્સની પણ મોટી ભૂમિકા છે. આજના યુવાનો એવાં કપડાં પસંદ કરે છે જેમાં ફૅશનની સાથે એક વાર્તા પણ હોય. તેમને એ જાણીને સારું લાગે છે કે તેમણે પહેરેલાં કપડાં કોઈ ગ્રામીણ વણકરની મહેનતથી બન્યાં છે. આમ ફૅશન એ ફક્ત દેખાડો જ કરવાનું માધ્યમ નથી, પરંતુ એ સામાજિક અને સાંસ્કૃતિક જોડાણનો એક હિસ્સો પણ બની જાય છે. એટલે આજના યુવાનો હૅન્ડલૂમ ખૂબ પસંદ કરી રહ્યા છે, કારણ કે તેમણે કપડાંની સાથે-સાથે એની સાથે જોડાયેલી કેટલીક વાર્તાઓ પણ પહેરવી છે. આ જ કારણ છે કે હૅન્ડલૂમ આજે સ્થિર ફૅશનની તરફ આગળ વધી રહ્યું છે.

ખાદી જે ક્યારેક સ્વતંત્રતા આંદોલનની સાદગી અને દેશી હોવાનું પ્રતીક હતી એ આજે ફૅશનનું પણ પ્રતીક બનતી જઈ રહી છે. આ જ કારણે આજે ખાદી રૅમ્પથી લઈને કૉર્પોરેટ ઑફિસ સુધી દરેક જગ્યાએ જોવા મળી રહી છે. ડિઝાઇનરો ખાદીને આકર્ષક રંગો અને સમકાલીન ડિઝાઇનો સાથે પ્રસ્તુત કરી રહ્યા છે. પરિણામે ખાદી આજે ફક્ત કુરતા પૂરતી સીમિત નથી રહી પરંતુ એ હવે બ્લેઝર, ડ્રેસીસ, સ્કર્ટ અને ટ્રેન્ડી શર્ટમાં પણ જોવા મળી રહી છે. હૅન્ડલૂમની વધતી જતી લોકપ્રિયતા પાછળનું એક કારણ પર્યાવરણ પ્રત્યેની જાગરૂકતા પણ છે. દુનિયામાં ફૅશન ઉદ્યોગ પર પ્રદૂષણ વધારવાનો આરોપ લાગી રહ્યો છે ત્યારે ગ્રાહકો હવે પર્યાવરણને અનુકૂળ હોય એવા વિકલ્પ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. હૅન્ડલૂમના ઉત્પાદનમાં ઓછી ઊર્જાની જરૂર પડતી હોવાથી એમાં વધારે મશીનોની જરૂરત નથી રહેતી. એનાથી કાર્બન ઉત્સર્જન પણ ઓછું થાય છે. આને કારણે જ ખાદીને સ્થિર ફૅશનનો મહત્ત્વપૂર્ણ હિસ્સો માનવામાં આવે છે. એનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ મદદ મળે છે. જો કોઈ વ્યક્તિ હૅન્ડલૂમનાં કપડાં ખરીદે તો એ ફક્ત કપડાં જ નથી ખરીદી રહી, પરંતુ દેશના લાખો વણકર પરિવારોના જીવનને પણ સમર્થન આપી રહી હોય છે. ભારતનો હૅન્ડલૂમ ઉદ્યોગ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો મહત્ત્વનો આધાર છે. એટલે બદલાતી ફૅશન પ્રાથમિકતાઓને કારણે વણકરોને નવો અવસર મળી રહ્યો છે અને હસ્તકલાને પણ સંરક્ષણ મળી રહ્યું છે. ■

# શેલ્ટન-અલ્કરાઝની વિક્રમી મૅચ સાડાચાર કલાક સુધી ચાલી, પરોઢિયે ૩.૩૩ વાગ્યે પૂરી થઈ!



ન્યૂ યૉર્ક: અમેરિકાના ૨૩ વર્ષીય બેન શેલ્ટન અને સ્પેનના ૨૩ વર્ષીય કાર્લોસ અલ્કરાઝ વચ્ચે બુધવારે રમાયેલી યુએસ ઓપનની ક્વૉર્ટર ફાઇનલ ચાર કલાક અને ૨૮ મિનિટ સુધી ચાલી હતી અને પાંચ સેટના એ મૅરથન મુકાબલામાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન અલ્કરાઝ સામે વિશ્વના ત્રીજા નંબરના પ્લેયર શેલ્ટને ૫-૭, ૬-૧, ૬-૩, ૧-૬, ૧૦-૭થી રોમાંચક વિજય મેળવ્યો હતો.

અમેરિકાના સમય અનુસાર આ મૅચ અગાઉની કેટલીક મૅચો વિલંબિત થવાને કારણે અમેરિકામાં મંગળવારે રાત્રે ૧૧.૦૫ વાગ્યે શરૂ થઈ હતી અને બુધવારે પરોઢિયે ૩.૩૩ કલાકે મૅચનો અંત આવ્યો હતો. યુએસ ઓપનના ઇતિહાસમાં સૌથી મોડે સુધી ચાલી હોય એવી મૅચોમાં આ નવો વિક્રમ છે. આ મૅચ મંગળવારે રાત્રે શરૂ થઈ અને બુધવારે મળસ્કે પૂરી થઈ હતી. ભારતીય સમય મુજબ આ મૅચ બુધવારે સવારે ૮.૩૫ વાગ્યે શરૂ થઈ હતી અને બપોરે ૧.૦૩ વાગ્યાની આસપાસ સમાપ્ત થઈ હતી.

અલ્કરાઝ છેલ્લી જે ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટોમાં રમ્યો એમાં તે ૧૮ મૅચ સુધી અપરાજિત રહ્યો હતો, પરંતુ શેલ્ટને તેની એ વિજયકૂચ રોકી દીધી હતી.

# ભારતીય ખેલાડીઓના બે દિવસમાં બાવીસ ગોલ!

મોકી (ચીન): અહીં ભારતના જુનિયર હૉકી ખેલાડીઓ એશિયા કપમાં ધૂમ મચાવી રહ્યા છે, કારણકે ભારતની મહિલા ટીમ મંગળવારે ક્વૉર્ટર ફાઇનલ જીતી ગઈ હતી અને પુરુષ ખેલાડીઓએ તો કમાલ જ કરી નાખી, કારણકે મંગળવારે તેમણે સાઉથ કોરિયાને ૭-૩થી હરાવ્યા બાદ બુધવારે તાઇપેઇની ટીમને ૧૫-૦થી કચડીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ, કોરિયાની ટીમ પણ સેમિમાં પહોંચી ગઈ છે, કારણકે એણે જાપાનને ૩-૨થી હરાવ્યું હતું. છેલ્લા બે દિવસમાં ભારતીય મેન્સ ટીમે કુલ બાવીસ ગોલ કર્યા. ભારતીય કૅપ્ટન અને ડિફેન્ડર અનમોલ એક્કાએ પેનલ્ટી કૉર્નર દ્વારા કુલ છ ગોલ કર્યા હતા. બીજા ગોલ કરનારાઓમાં આર્યન એક્સેસ, પ્રભદીપ સિંહ, ગુરસેવક સિંહ, અર્જુન સંતોષ હગુંડિ, અજીત યાદવ અને હરપાલ સિંહનો સમાવેશ હતો. ■

# તિલક ૬૦ દિવસે આઉટ થયો અને એ પણ ૯૯ રન પર!

## ઈસ્ટ ઝોનના લીડ સાથે ૫/૫૮૪, ટ્રોફી દૂર નથીઃ આખી મૅચમાં કિશનના ૩૫૦ રન





કૅપ્ટન તિલક ૯૯ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી બેઠો હતો (ડાબે). વૈભવ અને કિશન (જમણે)

ચેન્નઈ: અહીં પાંચ-દિવસીય દુલીપ ટ્રોફી ફાઇનલમાં સાઉથ ઝોન સામે ઈસ્ટ ઝોને ગુરુવાર, ૧૦મી સપ્ટેમ્બરના અંતિમ દિવસે જ્વલંત વિજય મેળવવાની પૂર્વતૈયારી સાથે ૧૩ વર્ષે ફરી ટ્રોફી પર કબજો જમાવવાની પૂરી તૈયારી કરી લીધી છે ત્યારે બીજી તરફ અફઘાનિસ્તાન સામે રવિવાર, ૧૩મી સપ્ટેમ્બરે દિલ્હીમાં શરૂ થનારી ટી-૨૦ સિરીઝમાં સારું રમવાનો મનોમન મનસૂબો ઘડનાર તિલક વર્માએ બુધવારે એક તબક્કે નિરાશ થવું પડ્યું હતું. સાઉથ ઝોનનો કૅપ્ટન તિલક દુલીપ ફાઇનલના ચોથા દિવસે પ્રથમ દાવમાં ૯૯ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી બેઠો હતો. વધુ નવાઈની વાત એ છે કે ૧૧મી જુલાઈ પછી (૬૦ દિવસ બાદ) તે પહેલી વખત આઉટ થયો હતો. ૧૧મી જુલાઈએ ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦માં તેણે વિકેટ ગુમાવ્યા બાદ પાંચ ઇનિંગ્સમાં તે આઉટ જ નહોતો થયો.

દુલીપ ટ્રોફીની ફાઇનલના પ્રથમ દાવમાં ઈસ્ટ ઝોને ૭૦૮ રન બનાવ્યા બાદ બુધવારના ચોથા દિવસે સાઉથ ઝોનની ટીમ ૩૩૬ રન પર ઑલઆઉટ થતાં ઈસ્ટ ઝોને ૩૭૨ રનની સરસાઈ લીધી હતી. જોકે ઈસ્ટ ઝોને સાઉથ ઝોનને ફૉલો-ઑન આપવાનું ટાળીને બીજા દાવમાં બૅટિંગ કરી હતી અને રમતના અંત સુધીમાં પાંચ વિકેટે ૨૧૨ રન બનાવ્યા હતા અને સરસાઈ સાથે ઈસ્ટ ઝોનના ૫૮૪ રન હતા. ઈસ્ટ ઝોનના કૅપ્ટન ઇશાન કિશને આખી મૅચમાં કુલ ૩૫૦ રન બનાવ્યા છે. પ્રથમ દાવમાં તેણે ૩૩૪ બૉલમાં સાત સિક્સર અને ૩૦ ફોરની મદદથી ૨૭૦ રન બનાવ્યા બાદ બુધવારે બીજા દાવમાં ૯૮ બૉલમાં ત્રણ સિક્સર અને નવ ફોરની મદદથી ૮૦ રન કર્યા હતા. ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી ફરી બિગ શૉટની લાલચમાં ફક્ત આઠ રનમાં આઉટ થઈ ગયો હતો, પરંતુ કિશન અને શિખર મોહન (બાવન રન) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૬ રનની ભાગીદારી થઈ હતી.

તિલક પોતાના ૨૧૦મા બૉલ સુધી ઈસ્ટ ઝોનના બોલર્સ (મોહમ્મદ શમી, મુકેશ કુમાર વગેરે) સામે ઝઝૂમ્યો હતો, પણ ૨૧૧મા બૉલ પર સેન્ચુરી પૂરી કર્યા વિના આઉટ થઈ ગયો હતો. તે ૯૯ રન પર હતો અને નવમી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરીથી એક જ ડગલું દૂર હતો, પરંતુ મોહમ્મદ કોનૈન કુરેશી નામના ૨૩ વર્ષીય ઑફ સ્પિનરના બૉલમાં તેણે ધીરજ ગુમાવી હતી.

તિલકે ૧૧મી જુલાઈએ સધમ્પ્ટનમાં બ્રિટિશરો સામેની ટી-૨૦માં પોતાના ૫૩ રનના સ્કોર પર વિકેટ ગુમાવ્યા બાદ પાંચ ઇનિંગ્સમાં આ મુજબ રન બનાવ્યા હતાઃ ઝિમ્બાબ્વે સામે છ અણનમ, ઝિમ્બાબ્વે સામે ૬૦ અણનમ, ઝિમ્બાબ્વે સામે ૧૧ અણનમ, નૉર્થ ઝોન સામે ૧૧૬ અણનમ અને ૫૧ અણનમ. ■

# મહિલા એશિયા કપની સેમિ ફાઇનલમાં આજે ભારત-બાંગ્લાદેશ વચ્ચે ટક્કર

દુબઈ: હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ક્રિકેટ ટીમ આ વખતના ટી-૨૦ એશિયા કપમાં અપરાજિત રહીને સેમિ ફાઇનલમાં પહોંચી છે જેમાં આજે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) એનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. સામાન્ય રીતે ભારત-પાકિસ્તાન વચ્ચેની કોઈ પણ મૅચ ખૂબ રોમાંચક બનતી હોય છે અને આખી દુનિયાની નજર એના પર રહેતી હોય છે, પરંતુ હવે પાકિસ્તાનની કોઈ પણ ટીમ દમ વિનાની હોવાથી ભારત સામેના મુકાબલાની અસર ઘટી ગઈ છે, પરંતુ આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટક્કર સૌનું ધ્યાન ખેંચી શકે.

કારણ એ છે કે સાત વખત ચૅમ્પિયન બનનાર ભારતને નિગાર સુલતાના જૉટીના નેતૃત્વમાં બાંગ્લાદેશની ટીમ સારી એવી ટક્કર આપી શકે. બન્ને દેશ વચ્ચેના રાજકીય સંબંધો ઘણા મહિનાઓથી બગડ્યા છે અને સરહદ પર પણ તંગદિલી હોવાથી આજની મૅચમાં બન્ને ટીમના ખેલાડીઓ વધુ ઝનૂનપૂર્વક રમતા જોવા મળી શકે.

રાજકીય તંગ વાતાવરણને લીધે ભારતના પુરુષ ક્રિકેટરોને બાંગ્લાદેશ-પ્રવાસ ઘણી વખત રદ કરાયો છે. ભારતની મહિલા ટીમ જબરદસ્ત ફૉર્મમાં છે અને ફરી ટાઇટલ જીતવા માટે ફેવરિટ છે. લીગ રાઉન્ડમાં તો ભારતે પાકિસ્તાનને માત્ર પંચાવન રનમાં આઉટ કરીને સાત વિકેટે મૅચ જીતી લીધી હતી.

બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં ભારતીય ટીમમાં બહુ સારું ડેપ્થ છે, જ્યારે બાંગ્લાદેશની ટીમ યુએઇ સામે ૩૪ રનથી જીત્યા બાદ હવે ભારત સામે રમવાની છે, પણ ભારતની જેમ મૅચમાં પ્રભુત્વ જમાવવાની એનામાં તાકાત નથી. જોકે ૨૧ વર્ષની સ્પિનર રબેયા ખાન તેમ જ બીજી સ્પિનર નાહિદા અખ્તર અને પેસ બોલર મારુફા અખ્તરથી ભારતીય બૅટર્સે ખાસ સંભાળવું પડશે. ભારતનો ટૉપ-ઑર્ડર દમદાર છે. ■

# ન્યૂ ઝીલૅન્ડમાં ૫૦,૦૦૦ ટિકિટ વેચાઈ ગઈ!

ઑકલૅન્ડ: ભારતની ક્રિકેટ ટીમ સમગ્ર ક્રિકેટ જગતમાં સૌથી લોકપ્રિય છે અને ટીમ ઇન્ડિયા જ્યારે કોઈ દેશના પ્રવાસે જવાની હોય એના ઘણા અઠવાડિયા કે ઘણા મહિના પહેલાં એ દેશના ક્રિકેટપ્રેમીઓ મૅચ જોવાની તૈયારી કરી રાખતા હોય છે અને ન્યૂ ઝીલૅન્ડ ખાતેના ભારતીય ટીમના આગામી પ્રવાસ બાબતમાં પણ એવું જ બની રહ્યું છે. આવતા મહિનામાં છેવટના દિવસોમાં ન્યૂ ઝીલૅન્ડમાં ભારતની ટી-૨૦ સિરીઝ શરૂ થવાની છે, પણ એની ૫૦,૦૦૦ ટિકિટ અત્યારથી વેચાઈ ગઈ છે. ■

# ભારતીય ક્રિકેટરો માટે બુલેટ ટ્રેનનો પ્રવાસ પણ ‘ખૂબ લાંબો!’: બીસીસીઆઇએ કહ્યું ‘નાગોયામાં જ રહેજો’

નવી દિલ્હી: સામાન્ય રીતે બુલેટ ટ્રેનનો પ્રવાસ કરવાથી પૅસેન્જરનો ઘણો સમય બચી જતો હોય છે અને તેઓ દિવસ દરમ્યાન ખૂબ ઓછા સમયમાં ઘણા કામ કરી શકતા હોય છે, પરંતુ જાપાનમાં આગામી એશિયન ગેમ્સ માટેના નાગોયા શહેરથી ટોક્યો અને નાગોયાથી ઓસાકા શહેર વચ્ચેનું અંતર ભારતીય ક્રિકેટરો માટે ‘લાંબું’ નીવડી શકે એમ હોવાથી તેમને નાગોયાની જ ખાસ બનાવવામાં આવેલી હૉટેલમાં રહેવાની સલાહ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ખેલાડીઓને આપી છે.

૧૯મી સપ્ટેમ્બરે જાપાનના આઇચી-નાગોયામાં એશિયન ગેમ્સ યોજાવાની છે અને એમાં મેન્સ તથા વિમેન્સ, બન્નેમાં ટી-૨૦ ફૉર્મેટમાં ટૂર્નામેન્ટ રમાશે. ભારત આ બન્ને કૅટેગરીમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. આ વખતે ભારતની પ્રથમ ક્રિકેટ મૅચ ૨૮મી સપ્ટેમ્બરે રમાશે.

વાત એવી છે કે નાગોયામાં બહુ ઓછી હૉટેલો છે. એશિયન ગેમ્સ માટે ઍથ્લીટો અને ખેલાડીઓ માટે કોઈ ગેમ્સ વિલેજ પણ નથી બનાવાયું. જોકે એશિયન ગેમ્સના સત્તાવાળાઓએ શિપિંગ કન્ટેનરમાં હૉટેલ જેવી જ રૂમો બનાવી છે તેમ જ ઍથ્લીટોને ક્રૂઝ શિપમાં પણ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય રીતે ભારતીય ક્રિકેટરોને દેશ-વિદેશના પ્રવાસમાં ફાઇવસ્ટાર હૉટેલમાં રાખવામાં આવતા હોય છે. એનું ખાસ કારણ ખેલાડીઓને પૂરતી સલામતી પૂરી પાડવાનું હોય છે. જોકે અગાઉ એવા અહેવાલો વહેતા થયા હતા કે નાગોયામાં ખાસ કોઈ મોટી હૉટેલ ન હોવાથી બીસીસીઆઇ દ્વારા શ્રેયસ ઐયરની ટીમ અને હરમનપ્રીત કૌરની ટીમ માટે ટોક્યોની અથવા ઓસાકાની હૉટેલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

જોકે રમતોત્સવ નાગોયામાં અને ક્રિકેટરોએ રહેવાનું ટોક્યો કે ઓસાકામાં એ સંભવ નહોતું. કારણ એ છે કે નાગોયાથી ક્રિકેટરો કલાકે ૨૮૫ કિલોમીટરની ઝડપવાળી બુલેટ ટ્રેનમાં દોઢ કલાકે ટોક્યો કે ઓસાકા પહોંચે. જવા-આવવાના તેમના ત્રણ કલાક બગડે અને ટી-૨૦ મૅચ હોય ત્રણ કલાકની! બીજું, ભારતના તમામ ૫૦૦-પ્લસ ઍથ્લીટો નાગોયામાં ‘એક પરિવારની જેમ’ રહેતા હોય અને ક્રિકેટરો માટે ટોક્યો કે ઓસાકા જેવા મોટા શહેરમાં રહેવાની વ્યવસ્થા કરાઈ હોય એ પણ ઠીક ન કહેવાય.’



## ક્રિકેટરોને ફાઈવસ્ટાર સુવિધા નહીં મળે

મુંબઈ/ટોક્યો: ભારતીય ક્રિકેટરોને સામાન્ય રીતે દેશ-વિદેશના કોઈપણ પ્રવાસ દરમ્યાન ફાઈવસ્ટાર સગવડો પૂરી પાડવામાં આવતી હોય છે, પરંતુ આ મહિને જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ક્રિકેટરોને એવી કોઈ સુવિધા નહીં મળે. એશિયન ગેમ્સ દરમ્યાન ભારતીય ક્રિકેટરો રમતોત્સવની આયોજન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી હૉટેલોમાં જ રહેશે. જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ક્રિકેટરો તેમ જ અન્ય ઍથ્લીટો અને ખેલાડીઓ માટેની રહેવાની સુવિધાઓ ફાઈવસ્ટાર સ્તરની નથી.

બીસીસીઆઈ ના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ મંગળવારે ભારતીય ક્રિકેટ ટીમના સૅન્ડ-ઓફને લગતા ઍડવાન્સ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ‘ખેલાડીઓ માટે જાપાનમાં રહેવાની અને બીજી તમામ પ્રકારની વ્યવસ્થા ફાઈવસ્ટાર લેવલની નથી, પરંતુ ખૂબ સરસ છે. આયોજકો તરફથી અમને નાગોયા શહેરમાં હૉટેલ અને બીજી વ્યવસ્થાને લગતા ફોટોગ્રાફ અને વીડિયો મોકલવામાં આવ્યા છે જેના પરથી અમને ત્યાંની બધી વ્યવસ્થા કમ્ફર્ટેબલ લાગી છે. જો ક્રિકેટરો માટે આ વ્યવસ્થા નકારવામાં આવે તો પછી તેમણે ઓસાકા અથવા ટોક્યો શહેરની હૉટેલમાં રહેવા જવું પડે અને એ શહેરો એશિયન ગેમ્સના સ્થળથી ઘણા દૂર છે.’ ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| बायको | પતિ |
| मेवणा | પત્ની |
| आत्या | બહેન |
| ताई | ફોઈ |
| नवरा | સાળો |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | | ૮ | | | |
| | | | ૯ | ૧૦ | | | | | |
| | ૧૧ | | | | | | ૧૨ | | |
| ૧૩ | | | | | | ૧૪ | | | |
| | | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | |
| ૧૮ | | | | | | ૧૯ | | | |
| | | | ૨૦ | | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | ૨૪ | | | | | | | ૨૫ | |
| ૨૬ | | | | | ૨૭ | | | | |

### આડી ચાવી

૧. સુખશાંતિ અને આરોગ્યવાળું (૫)
૪. મૂર્ખ (૪)
૭. એકથી દસની અંદરની એક સંખ્યા (૨)
૮. શંકર (૨)
૯. સંશયગ્રસ્ત (૪)
૧૧. ચામડી (૨)
૧૨. હવાઈજહાજ (૩)
૧૩. ઘડપણ, વૃદ્ધાવસ્થા (૨)
૧૪. બાકી બચેલું (૨)
૧૫. ધ્વનિ, અવાજ (૨)
૧૮. પાંદડું, કૂંપળ (૩)
૧૯. ઉધરસ (૨)
૨૦. ફરિયાદ, ભૂલ કાઢવી તે (૪)
૨૩. અનુકૂળ પ્રસંગ લાગ (૨)
૨૫. જુસ્સો, બળ (૨)
૨૬. ઉઠવેઠ, પરવર (૪)
૨૭. ગુજરાતની એક મોટી નદી (૫)

### ઊભી ચાવી

૧. જ્ઞાની, ચતુર (૨)
૨. એક જૂનું તોલમાપ (૨)
૩. સોમો ભાગ (૩)
૪. પુષ્કળ, હદ વગરનું (૩)
૫. ઉત્તમ, ચડિયા (૨)
૬. આદેશ, હુકમ (૪)
૧૦. --- નું મોં કાળું (૩)
૧૧. ઝડપ (૨)
૧૨. ઝેર (૨)
૧૫. હોડી (૨)
૧૬. દીકરો (૩)
૧૭. ખૂનીને ---ની સજા થાય (૨)
૧૮. અર્જુનનું એક નામ (૪)
૨૦. કેળવણી, અભ્યાસ (૩)
૨૧. બરબાદી (૩)
૨૨. રાંક, કંગાલ (૩)
૨૪. કંકાસ, કકળાટ (૨)
૨૫. જોગવાઈ, અનુકૂળતા (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખા | | ૨ પા | ર | ૩ કી | | ૪ ત | ૫ ડા | મા | ૬ ર |
| ૭ ધો | મ | | | ૮ ડિ | સેં | બ | ર | | મ |
| ડ | | ૯ પ | | યા | | ફો | | ૧૦ હા | ણ |
| ૧૧ કું | જ | ર | | રું | | | ૧૨ ભા | લ | |
| | | ૧૩ વા | ૧૪ લ | | ૧૫ ફ | ૧૬ ના | | ૧૭ ત | ક |
| ૧૮ ખુ | ૧૯ દા | | ૨૦ ગી | ત | | ૨૧ કું | ૨૨ તા | | |
| | ૨૩ મિ | શ્ર | | | ૨૪ સ | | ૨૫ પ | ગા | ૨૬ ર |
| ૨૭ ના | ની | | ૨૮ સ | | હ | | ણું | | ળિ |
| હ | | ૨૯ કા | વા | દા | વા | | | ૩૦ મા | યા |
| ૩૧ ક | લ | ક | લ | | ૩૨ સ | મ | ળી | | ત |

## જાણવા જેવું

જહાજ એટલે દરિયા ઉપર સફર કરનારું માલ અને ઉતારુનું મોટું વહાણ, નાવ, નૌકા વગેરે વ્યાખ્યા અત્યંત પ્રચલિત છે. જોકે એક જાતનું રૂપાળું દરિયાઈ પક્ષી પણ જહાજ નામથી જાણીતું છે. તે ઉષ્ણકટિબંધમાં જમીનથી બહુ દૂર દેખાય છે અને ઊડતી માછલીનો શિકાર કરે છે. ખલાસીઓ તેને મનવાર પક્ષી પણ કહે છે.

## ઓળખાણ પડી?



આ વર્ષે એપ્રિલ મહિનામાં ‘નાસા’ના મિશનમાં ચંદ્રની ફરતે ઉડ્ડયન કરનારી વિશ્વની પ્રથમ મહિલાની ઓળખાણ પડી?

અ) વેલેન્તિના તેરેશ્કોવા બ) પેગી વ્હિટસન ક) ક્રિસ્ટિના કોચ ડ) રોઝમેરી કુગન

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | | | |
| ૨ | ૬ | | ૫ | | ૧ | | | |
| ૧ | ૪ | | | | | | ૨ | |
| ૬ | ૭ | ૫ | | ૯ | | | | ૩ |
| ૯ | ૨ | | | | | | ૪ | ૬ |
| ૩ | | | | ૨ | | ૯ | ૫ | ૭ |
| | ૧ | | | | | | ૮ | ૪ |
| | | | ૨ | | ૪ | | ૭ | ૫ |
| | | | | | | ૩ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૮ | ૪ | ૨ | ૬ | ૩ | ૧ | ૯ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૨ | ૭ | ૪ |
| ૧ | ૪ | ૨ | ૮ | ૩ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૬ | ૩ | ૯ | ૭ | ૫ | ૨ | ૪ | ૮ | ૧ |
| ૭ | ૮ | ૫ | ૬ | ૧ | ૪ | ૯ | ૨ | ૩ |
| ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૫ | ૭ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| खप | ઉપયોગ |
| गड | કિલ્લો |
| चव | સ્વાદ |
| छळ | પજવણી |
| जड | ભારે |

**ગુજરાત મોરી મોરી રેઃ** સસરા

**ઓળખાણ પડી?** માધવી પુરી બુચ

**માઈન્ડ ગેમ :** ઓપરા વિન્ફ્રે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** કરા

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના ભાણેજની પત્નીની સાસુ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) સાળી બ) મામી
ક) ભાણેજ ડ) બહેન

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં ગુજરાતનું એક શહેર લપાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

તમે ગાયેલા બધા ધોળ કાગળ પર લખી જવાનું ભૂલતા નહીં.

## નોંધી રાખો

*યાદ રાખજો, જો માણસમાં યોગ્ય સમય અને યોગ્ય દિશાનું ભાન ન હોય તો સૂર્યોદય સૂર્યાસ્ત હોય એવું લાગી શકે છે.*

## માઈન્ડ ગેમ

ભારતીય કવિયત્રી, સ્વાતંત્ર્યસેનાની અને પ્રથમ મહિલા રાજ્યપાલ તેમજ ‘હિંદની બુલબુલ’ તરીકે કોણ ઓળખાતું હતું?

અ) મૃણાલિની સારાભાઈ બ) લતા મંગેશકર
ક) સરોજિની નાયડુ ડ) ટેસી થોમસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) લજિતા ખોના (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૩) મીનળ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) પ્રવીણ વોરા (૧૭) કમલ માતલિયા (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) નિતીન જયંતીલાલ બજરિયા (૨૦) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૧) નંદુભાઈ અ. ગોઠી (૨૨) ભાવના કર્વે (૨૩) અંજુ ટોલિયા (૨૪) ઉર્મિલા કનકલાલ વોરા (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) અલકા વાણી (૩૦) અરવિંદ કામદાર (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) તાહેર ઔરંગાબાદવાલા (૪૦) શીરીન ઔરંગાબાદવાલા (૪૧) ધિરેન્દ્ર મુલરાજ (૪૨) પ્રતિમા પમાણી (૪૩) ભામિની સંપટ (૪૪) રસિક જુથાણી - ટોરંટો - કેનેડા

# પ્લોટના રિઝર્વેશન બદલવાને મુદ્દે પાલિકામાં ભાજપ-શિંદેસેના સામ-સામે

## ભાજપનો સુધાર સમિતિમાં અને શિંદે સેનાનો સ્થાયીમાં સભાત્યાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ અને શિંદેસેના વચ્ચે મતભેદો દિવસેને દિવસે બહાર આવી રહ્યા છે. જોગેશ્વરીના ઓપન પ્લોટનું રિઝર્વેશન બદલવાના પ્રસ્તાવને નોટ ટેકનની ભાજપની માગણીને નહીં ગણકારતા શિંદેસેનાના સુધાર સમિતિના અધ્યક્ષે પ્રસ્તાવને મંજૂર કરી દીધો હતો. તેથી નારાજ થયેલા ભાજપે સભામાંથી વોકઆઉટ કર્યું હતું. તો સ્થાયી સમિતિમાં શિવસેનાએ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) એમનેસ્ટી સ્કીમ વોકઆઉટ કરતા દાવો કર્યો હતો કે પ્રશાસન તેમને ગણકારતી નથી. શિવસેનાએ એવી પણ ચેતવણી આપી કે શાસક પક્ષમાં રહીને લોકોના કામ ન થાય ત્યારે લાચાર બનીને જોવા કરતાં સત્તા છોડી દેવાનું પસંદ કરીશું.

ભાજપના નગરસેવકોએ મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમ સહિત પાર્ટીના નેતાઓ સાથે વારંવાર વાંધો ઉઠાવ્યો છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પાલિકાના મહત્ત્વના પ્રસ્તાવો તેમના વિરોધ છતાં અને મતદાન વિના સુધાર સમિતિ દ્વારા આગળ ધપાવવામાં આવી રહી છે. તાત્કાલિક ટ્રિગર ૧,૮૦૨.૭૫ ચોરસ મીટર મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના મજાસ, જોગેશ્વરી પૂર્વ ખાતેના પ્લોટ હતો, જ્યાં પાલિકાએ આરઆર ૨.૧ અનામતને રદ કરવાનો અને અનામત મુક્ત જમીનને નજીકના રહેણાંક ઝોનમાં સમાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

ભાજપનો અગાઉથી તેની સામે વિરોધ હતો. તેથી તેમણે પ્રસ્તાવને નોટ ટેકન કરવાની શિંદેસેના સમક્ષ માગણી પણ મૂકી હતી. છતાં તેમના વિરોધને નહીં ગણકારતા બુધવારે સુધાર સમિતિમાં તેને મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો. સુધાર સમિતિના અધ્યક્ષ અને શિંદેસેનાની નગરસેવિકા સંધ્યા દોશીએ આ પ્રસ્તાવ બહુમતીએ મંજૂર કરાવી લેતા ભાજપે નારાજ થઈને તાત્કાલિક મીટિંગમાંથી વોકઆઉટ કર્યું હતું. પાલિકામાં સાથે સત્તા ભોગવી રહેલા ભાજપ અને શિંદેસેના એક પ્લોટના આરક્ષણને લઈને બાખડી પડતા બંને પક્ષો વચ્ચેની તિરાડ વધુ સ્પષ્ટ દેખાઈ આવી હતી.

### કોના ફાયદા માટે પ્લોટના આરક્ષણ બદલવામાં આવ્યા?

સુધાર સમિતિમાં છેલ્લા અનેક દિવસથી મોટામોટા પ્લોટના આરક્ષણ બદલવાના પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં કે-પશ્ચિમ વોર્ડના વર્સોવામાં લગભગ ૪,૧૮૦ ચોરસ મીટરના મ્યુનિસિપલ ચોકી અને ફાયર સ્ટેશન માટેના આરક્ષિત પ્લોટનું રિઝર્વેશન બદલીને તેને રેસિડેન્શિયલ ઝોનમાં કરવામાં આવ્યું છે. તેની સામે કૉંગ્રેસે આકરો વિરોધ નોંધાવીને તેને સ્થગિત કરવાની માગણી કરી છે. ■

# બાય રોડ ગુજરાત જવાનું કે ગુજરાતથી આવવાનું ટાળજો, કારણ કે... આજે મુંબઈ-અમદાવાદ હાઈવે પર છે રસ્તારોકો

## સ્માર્ટ મીટર સંબંધી વિવિધ માગણીઓને લઈ દહાણુમાં હજારો રહેવાસીઓ હાઈવે જૅમ કરશે: વાહનવ્યવહાર માટે વૈકલ્પિક માર્ગો જાહેર, પણ ટ્રાફિક જૅમની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્માર્ટ મીટર સંદર્ભે વિવિધ માગણીઓ માટે ભારતના કમ્યુનિષ્ટ પક્ષ (માર્ક્સવાદી) દ્વારા મુંબઈ-અમદાવાદ નૅશનલ હાઈવે પર દહાણુ નજીક ગુરુવારે રસ્તારોકો આંદોલનની જાહેરાત કરવામાં આવી હોવાથી બાય રોડ ગુજરાત જવાનું કે ગુજરાતથી આવવાનું વિચાર્યું હોય તો માંડી વાળવું હિતાવહ છે. વાહનવ્યવહાર માટે પાલઘર પોલીસે વૈકલ્પિક માર્ગોની જાણકારી આપી હોવા છતાં રસ્તારોકોને કારણે ટ્રાફિક જૅમની શક્યતા વ્યક્ત કરી છે. પરિણામે વાહનધારકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ શકે છે. આંદોલનના સમય દરમિયાન જ્વલનશીલ પદાર્થનું વહન કરનારા ટૅન્કરના ડ્રાઈવર અને માલિકોને વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરી દેવાની ખાસ સૂચના પણ આપવામાં આવી છે.

પાલઘર પોલીસના જણાવ્યા મુજબ સ્માર્ટ મીટરને મુદ્દે ગુરુવારની સવારે નવ વાગ્યાથી મુંબઈ-અમદાવાદ હાઈવે પર રસ્તારોકો આંદોલન કરવામાં આવશે. આ આંદોલનને કારણે હાઈવે પર દહાણુ નજીક ચારોટી નાકા પાસે ભારે ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થવાની શક્યતા નકારી શકાતી નથી. પરિણામે પાલઘર ટ્રાફિક વિભાગ દ્વારા ટ્રાફિક સંબંધી આદેશ બહાર પાડવામાં આવ્યો છે. સવારે નવ વાગ્યાથી આંદોલન પૂરું થાય ત્યાં સુધી ડ્રાઈવરોએ પોતાનાં વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરી દેવાં અથવા વૈકલ્પિક માર્ગે પસાર થવાનો પ્રયત્ન કરવો. ખાસ કરીને જ્વલનશીલ પદાર્થ વહન કરનારાં ટૅન્કરના ડ્રાઈવરો અને માલિકોએ હાઈવે પાસેના ઢાબા તેમ જ હોટેલ નજીક સુરક્ષિત સ્થળોએ ટૅન્કર પાર્ક કરી રાખવાં અને આંદોલન પૂરું થાય ત્યાં સુધી વાહનો હાઈવે પર લાવવાં નહીં, એવી સૂચના આપવામાં આવી છે. આંદોલનમાં પાંચથી છ હજાર રહેવાસીઓ જોડાય એવી શક્યતા છે. આ સમય દરમિયાન વાહનવ્યવહાર માટે ત્રણ રૂટ પોલીસે જાહેર કર્યા હતા, જેમાં ધુંદલવાડી, ઉધવા, સાયવન, કાસા, તલવાડા, વિક્રમગડ, પાલી, મનોર, વાડાથી થઈને આગળ પોતાના માર્ગે વાહનધારકો જઈ શકે છે. બીજા માર્ગ તરીકે ધુંદલવાડી, આશાગડ, સારણી, નાગઝરી, ચિલ્હારફાટા માર્ગે વાહનો આગળ જઈ શકશે. એ સિવાય મહાલક્ષ્મી, વાઘાડી, સાયવાન નાકા, તલવાડા, વિક્રમગડ, પાલી માર્ગે પણ જઈ શકાશે, એવું પોલીસનું કહેવું છે.

# મુંબઈમાં બાંધકામ અને તોડકામ દરમ્યાન નીકળનારા કાટમાળને ગમે ત્યાં ફેંકવા પર નિયંત્રણ

## કાટમાળ લઈ જનારા વાહનોનું રજિસ્ટ્રેશન અને ડિજિટલ ટ્રૅકિંગ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ કન્સ્ટ્રકશન અને ડિમોલિશન (સીઍન્ડડી) કચરાનું વહન કરતા વાહનોની નોંધણી અને ડિજિટલ ટ્રૅકિંગ ફરજિયાત બનાવ્યું છે. પાલિકાએ તે માટે બિલ્ડરો, ડેવલપર, કૉન્ટ્રાક્ટરો, સરકારી એજન્સીઓ અને ટ્રાન્સપોર્ટરોને તેની મુંબઈ ડેબ્રિઝ કંટ્રોલ ઍન્ડ ટ્રૅકિંગ સિસ્ટમ (એમડીસીટીએસ)નું પાલન કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

બુધવારે પાલિકા પ્રશાસને એક જાહેર નોટિસ જારી કરીને સીઍન્ડડી કચરાના ઉત્પાદન, પરિવહન, પ્રક્રિયા, રિસાયક્લિંગ, અનલોડિંગ અથવા બેકફિલિંગ સાથે સંકળાયેલા તમામ હિસ્સેદારોને નિર્ધારિત સમયગાળામાં એમડીસીટીએસ પોર્ટલ પર તેમના પ્રોજેક્ટ અને વાહનોની નોંધણી કરાવવાનો નિર્દેશ આપ્યો છે. સિસ્ટમ હેઠળ સીઍન્ડડી કચરો અથવા ખોદકામ સામગ્રીનું પરિવહન કરતા દરેક વાહનમાં પાલિકા-એમ્પેનલ્ડ દ્વારા પૂરી પાડવામાં આવેલ સક્રિય વેહિકલ ટ્રૅકિંગ અને મોનિટરિંગ સિસ્ટમ (વીટીએમએસ) ફીટ કરવી પડશે.

માન્ય એમડીસીટીએસ રજિસ્ટ્રેશન અથવા માન્ય વીટીએમએસ વગરનાં વાહનોને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ, ૨૦૨૫ હેઠળ પ્રતિ વાહન ૨૫,૦૦૦ રૂપિયાનો દંડનો સામનો કરવો પડશે. પાલિકાના અધિકારીના કહેવા મુજબ આ પગલાનો હેતુ કાટમાળના પરિવહનના નિરીક્ષણમાં રહેલી ખામીઓને દૂર કરવાનો અને શહેરભરમાં અનધિકૃત સ્થળોએ બાંધકામ કચરાના ડમ્પિંગને રોકવાનો છે.

મુંબઈ દરરોજ લગભગ ૮,૫૦૦ મેટ્રિક ટન સીઍન્ડડી કચરો ઉત્પન્ન કરે છે. પાલિકાએ પ્રોજેક્ટના સમર્થકો અને કચરાના જનરેટર્સને નિર્ધારિત સીઍન્ડડી કચરો વ્યવસ્થાપન યોજના સબમિટ કરવા અન્ય સીઍન્ડડી કચરામાંથી ખોદકામ સામગ્રીને અલગ કરવા અને ફક્ત નોંધાયેલા અને અધિકૃત ટ્રાન્સપોર્ટરોને જોડવાનો નિર્દેશ આપ્યો છે. આ દરમ્યાન ટ્રાન્સપોર્ટરોએ ખાતરી કરવાની જરૂર પડશે કે કાટમાળ ફક્ત અધિકૃત પ્રક્રિયા, રિસાયક્લિંગ, અનલોડિંગ અથવા બેકફિલિંગ સુવિધાઓ પર જ લઈ જવામાં આવે.

મુંબઈમાં એક સ્થળેથી બીજા સ્થળે જતા સમયે વાહનોમાંથી છલકાતા અને ધૂળના ઉત્સર્જનને રોકવા માટે સામગ્રી વહન કરતાં વાહનોને યોગ્ય રીતે આવરી લેવા પડશે. એમડીસીટીએસનો હેતુ સીઍન્ડડી કચરાના દરેક લૉડ માટે ઍન્ડ-ટુ-ઍન્ડ ડિજિટલ ટ્રેઇલ બનાવવાનો છે. આ સિસ્ટમ પાલિકાના વહીવટને તેના ઉત્પાદન કેન્દ્રથી અધિકૃત ગંતવ્ય સ્થાન સુધી કાટમાળની ગતિવિધિને ટ્રૅક કરવામાં સક્ષમ બનાવશે.

પાલિકાએ જણાવ્યું હતું કે આ માળખું ખાનગી, સરકારી, અર્ધ-સરકારી અને માળખાગત પ્રોજેક્ટને એક સામાન્ય દેખરેખ પદ્ધતિ હેઠળ લાવશે. રજિસ્ટ્રેશન અને ટ્રૅકિંગ આવશ્યકતાઓનું પાલન ન કરનારા પ્રોજેક્ટ અને વાહનોને ઓળખવા માટે વોર્ડ સ્તરે વેરિફિકેશન બાદ તેનું અમલીકરણ પણ હાથ ધરશે. ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ઉપરાંત ગેરકાયદેસર ડમ્પિંગ, અનધિકૃત પરિવહન અથવા સીઍન્ડડી કચરાના નિકાલ પર વધુ કડક કાર્યવાહી થઈ શકે છે, જેમાં સ્ટોપ-વર્ક ઓર્ડર, પરવાનગીઓ સસ્પેન્ડ કરવી, બૅંક ગેરંટી સામે કાર્યવાહી અને લાગુ કાયદા હેઠળ અન્ય કાર્યવાહીનો સમાવેશ થાય છે. પાલિકાએ આ પગલું ત્યારે લીધું છે જ્યારે શહેર પુનર્વિકાસ, માળખાગત સુવિધાઓ અને માર્ગ પ્રોજેક્ટ દ્વારા ઉત્પન્ન થતા મોટા પ્રમાણમાં બાંધકામ કાટમાળથી ઝઝૂમી રહ્યું છે.

# ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬

## મહારાષ્ટ્રને 'વૈશ્વિક ફિનટેક ઈનોવેશનનું હબ' બનાવવાની ફડણવીસની જાહેરાત

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આજે મુંબઈમાં આયોજિત ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬ના એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે ફિનટેક ક્ષેત્રમાં કામ કરતી વિવિધ કંપનીઓ દ્વારા રજૂ કરવામાં આવેલાં ઉત્પાદનો, સેવાઓ અને નવી ટેક્નોલોજીઓનું નિરીક્ષણ કર્યું હતું.

ગ્લોબલ ફિનટેક ફેસ્ટની સાતમી આવૃત્તિને સંબોધતા તેમણે જણાવ્યું કે ભારતની ફિનટેક ક્રાંતિ માત્ર ટેક્નોલોજીના વિકાસને કારણે નથી થઈ, પરંતુ ડિજિટલ પેમેન્ટ અને નાણાકીય સેવાઓને સામાન્ય લોકો સુધી પહોંચાડવાની પ્રક્રિયાએ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ભારતમાં ડિજિટલ પેમેન્ટના ઝડપથી વધતા સ્વીકારનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે ભારતના ફિનટેક ઈકોસિસ્ટમએ સાબિત કર્યું છે કે નવી અને ઊભરતી ટેક્નોલોજીને સામાન્ય લોકોના જીવનમાં ઉપયોગી લાભોમાં કેવી રીતે પરિવર્તિત કરી શકાય છે. તેમણે કહ્યું હતું કે ડિજિટલ પેમેન્ટના વિસ્તરણથી નાણાકીય સેવાઓ વધુ લોકો સુધી પહોંચી છે અને ટેક્નોલોજી આધારિત નાણાકીય વ્યવસ્થામાં ભારતે વૈશ્વિકસ્તરે એક મહતત્ત્વપૂર્ણ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મુખ્ય પ્રધાન ફડણવીસે મહારાષ્ટ્રને ફિનટેક ઈનોવેશન માટે વિશ્વના સૌથી મોટા રિયલ-વર્લ્ડ ટેસ્ટબેડ પૈકીનું એક બનાવવાની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરી હતી. તેમણે ટેક્નોલોજી કંપનીઓ અને ઇનોવેટર્સને મહારાષ્ટ્રમાં આવીને નવી ટેક્નોલોજી આધારિત ઉકેલો વિકસાવવા અને તેનું પરીક્ષણ કરવા આમંત્રણ આપ્યું હતું. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), ટોકનાઈઝેશન અને બ્લોકચેન જેવાં ક્ષેત્રોમાં કામ કરતા સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓને રાજ્ય સાથે મળીને કામ કરવા માટે તેમણે અપીલ કરી હતી.

ફડણવીસે કહ્યું હતું કે, "મહારાષ્ટ્ર સૌથી મોટા ફિનટેક ઈનોવેશન માટેનું સૌથી મોટું રિયલ-વર્લ્ડ ટેસ્ટબેડ બનશે. અમારા માટે સમસ્યાઓનું સમાધાન લઈને આવો અને અમે તમારી સાથે મળીને કામ કરીશું." મુખ્ય પ્રધાને કહ્યું કે વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા હવે માત્ર ન્યૂયોર્ક, લંડન અને સિંગાપોર જેવા પરંપરાગત નાણાકીય કેન્દ્રો સુધી મર્યાદિત રહી નથી.

ભારત નવી નાણાકીય ટેક્નોલોજીના વિકાસ અને તેને મોટા પાયે અમલમાં મૂકવા માટે એક મહત્વપૂર્ણ વૈશ્વિક સ્થળ તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે ભારતની નાણાકીય રાજધાની તરીકે મુંબઈનું સ્થાન, અહીંનું મજબૂત નાણાકીય ઈકોસિસ્ટમ અને ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર શહેરને વિશ્વના ફિનટેક સેન્ટરોમાં સ્થાન મેળવવા માટે મજબૂત આધાર આપે છે.

આ વર્ષની ગ્લોબલ ફિનટેક ફેસ્ટની થીમ 'પોટેન્શિયલ ટૂ ઈમ્પેક્ટ' છે. આ સંદર્ભમાં ફડણવીસે કહ્યું કે એજન્ટિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ટોકનાઈઝેશન અને ક્વાન્ટમ ટેક્નોલોજી જેવી ઊભરતી ટેક્નોલોજીઓ આગામી સમયમાં નાણાકીય ક્ષેત્રમાં મોટો બદલાવ લાવી શકે છે.

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સૌથી મોટો પડકાર માત્ર આ ટેક્નોલોજીઓની ક્ષમતાને ઓળખવાનો નથી, પરંતુ તેમની ક્ષમતાને ગ્રાહકો અને વ્યવસાયોને વાસ્તવિક અને અર્થપૂર્ણ લાભ મળે તેવાં પરિણામોમાં પરિવર્તિત કરવાનો છે.

ફડણવીસે નાણાકીય નિર્ણય લેવામાં એજન્ટિક એઆઈની સંભાવનાઓ પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નાણાકીય ક્ષેત્રમાં વધુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે ત્યારે મુંબઈ નવી પેઢીની ફિનટેક ટેક્નોલોજીના વૈશ્વિક ટેસ્ટિંગ ગ્રાઉન્ડ તરીકે ઉભરી શકે છે.

તેમણે જવાબદાર નાણાકીય એઆઈ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આવી ટેક્નોલોજી ગ્રાહકોને પોતાના નાણાકીય નિર્ણયો પર વધુ નિયંત્રણ આપે તેમ જ જવાબદારી, પારદર્શિતા અને વિશ્વાસ જાળવી રાખે તે જરૂરી હોવાનું તેમણે જણાવ્યું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રને ફિનટેક ઈનોવેશનનું વૈશ્વિક હબ બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ઊભરતી નાણાકીય ટેક્નોલોજી વિકસાવતી કંપનીઓને મહારાષ્ટ્રમાં રિયલ-વર્લ્ડ વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્ય તૈયાર છે. ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં નાણાકીય સેવાઓ, ટેક્નોલોજી, નીતિ અને ઈનોવેશન ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ હિસ્સેદારો એકત્ર થયા છે.

ફેસ્ટ દરમિયાન નાણાકીય ક્ષેત્રનું ભવિષ્ય, નવી ટેક્નોલોજી અને તેના કારણે ઊભા થનારાં પરિવર્તનો અંગે ચર્ચા થઈ રહી છે. મહારાષ્ટ્ર સરકારની આ પહેલથી મુંબઈને માત્ર ભારતની નાણાકીય રાજધાની તરીકે જ નહીં, પરંતુ નવી પેઢીની વૈશ્વિક ફિનટેક ટેક્નોલોજીના વિકાસ અને પરીક્ષણ માટેના મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં વધુ વેગ મળવાની અપેક્ષા છે.

# મરાઠા આંદોલનકારી જરાંગેની ભૂખ હડતાળ ૧૨મા દિવસે પણ ચાલુ

## એકનાથ શિંદે, વિખે પાટિલની નિંદા કરી

જાલના: મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગેનું અનામત માટેનું આંદોલન બુધવારે ૧૨મા દિવસમાં પ્રવેશ્યું હતું. તેમણે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર આકરા પ્રહારો કરતા કહ્યું કે તેઓ ઈચ્છે છે કે સમાજના સભ્યો પરસ્પર લડે. પરંતુ તેમણે આવું પાપ ન કરવું જોઈએ. અન્યથા, તે દરેક બાબત માટે એકલા જ જવાબદાર રહેશે.

રાજ્યના પ્રધાન અને મરાઠા અનામત પેટા-સમિતિના અધ્યક્ષ રાધાકૃષ્ણ વિખે પાટીલ પર માત્ર મીઠી વાતો અને આશ્વાસનો દ્વારા સમાજ સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ મૂકતા, તેમણે ચેતવણી આપી હતી કે જો ૧૨ સપ્ટેમ્બર સુધીમાં તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે તો તેઓ મુંબઈ તરફ કૂચ કરશે.

જારંગે જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામમાં મરાઠા સમુદાય માટે 'અન્ય પછાત વર્ગ' (ઓબીસી) શ્રેણી હેઠળ અનામતની માગણી સાથે આંદોલન કરી રહ્યા છે. તેઓ હૈદરાબાદ અને સતારાના ગેઝેટ રેકોર્ડ્સના અમલીકરણ તેમજ મરાઠા સમુદાયના પાત્ર સભ્યોને 'કુણબી' જાતિના પ્રમાણપત્રો જારી કરવાની પણ માગ કરી રહ્યા છે.

છત્રપતિ સંભાજીનગરમાં કુણબી પ્રમાણપત્રો અને મરાઠા અનામત સંબંધિત રેકોર્ડ્સ અંગેની એક ઉચ્ચ-સ્તરીય સમિતિની બેઠક બાદ રાજ્યના પ્રધાન ઉદય સામંતે દાવો કર્યો હતો કે મરાઠવાડા ક્ષેત્રમાં કુણબી પ્રમાણપત્રો આપવાની પ્રક્રિયામાં અરજીઓ નામંજૂર થવાનો દર માત્ર ૦.૩ ટકા હતો.

સામંત અને ભાજપના એમએલસી પ્રસાદ લાડ દ્વારા યોજાયેલી બેઠકનો ઉલ્લેખ કરતા જરાંગેએ કહ્યું કે સરકાર માત્ર બેઠકો યોજી રહી છે અને એવો દાવો કરી રહી છે કે તેમની માંગણીઓ સંતોષવામાં આવી છે.

તેમણે દાવો કર્યો હતો કે છત્રપતિ સંભાજીનગરમાં યોજાયેલી બેઠક મરાઠા આંદોલનને પાટા પરથી ઉતારી દેવાના 'ષડયંત્ર'નો એક ભાગ હતી. રાજકીય નેતાઓ તરફથી મળતી કથિત ધમકીઓને ફગાવી દેતા જરાંગેએ કહ્યું કે, દબાણ હેઠળ આંદોલન પાછું ખેંચવામાં આવશે નહીં. આગામી કાર્યવાહી અંગે જરાંગેએ કહ્યું કે આ મુદ્દાના ઉકેલ માટે સરકાર પાસે ૧૨ સપ્ટેમ્બર સુધીનો સમય છે.

### મરાઠા આંદોલન વચ્ચે જાલનાના કેટલાક વિસ્તારોમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ

જાલના: મહારાષ્ટ્રના જાલના જિલ્લાના વહીવટીતંત્રે કાર્યકર મનોજ જરાંગેના વિરોધ પ્રદર્શનના સ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને અમુક વિસ્તારોમાં બે દિવસ માટે દારૂના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે.

જરાંગે મરાઠા સમુદાય માટે અનામત અને જાતિ પ્રમાણપત્રની માન્યતા સહિતની વિવિધ માગણીઓ સાથે અંતરવાલી સારાટી ગામ ખાતે છેલ્લા ૧૨ દિવસથી અનિશ્ચિત મુદતના ઉપવાસ પર બેઠા છે. અત્યાર સુધી કોઈ નિવેડો ન આવતા, જરાંગેએ મુંબઈથી લગભગ ૪૦૦ કિમી દૂર આવેલા ગામમાં ૧૨ સપ્ટેમ્બરે મરાઠા સમુદાયના સભ્યોની બેઠક બોલાવી છે. આ બેઠકમાં જરાંગેના સેંકડો સમર્થકો પહોંચી શકે છે. વહીવટીતંત્રને આશંકા છે કે વિરોધ પ્રદર્શનકારીઓની ભીડ વચ્ચે દારૂનું વેચાણ ચાલુ રાખવાથી અનિચ્છનીય ઘટનાઓ બની શકે છે અને જાહેર શાંતિ જોખમાઈ શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટર અશિમા મિત્તલે ૯ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ ગોંડી પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. સત્તાવાળાઓએ ૨૦ સપ્ટેમ્બરની મધ્યરાત્રિ સુધી હથિયારો સાથે રાખવા અને પાંચથી વધુ લોકોના એકત્ર થવા પર પણ પ્રતિબંધો મૂક્યા છે.

### વધુ માનહાનિના ભયથી સરકાર જરાંગે સાથે ચર્ચા નથી કરતી: કૉંગ્રેસ

નાગપુર: મહારાષ્ટ્ર સરકાર વધુ પ્રતિષ્ઠા ગુમાવશે એ આશંકાથી મરાઠા અનામત માટે લડત ચલાવી રહેલા આંદોલનકર્તા મનોજ જરાંગેને મળવા માટે પ્રતિનિધિમંડળ નથી મોકલવા માગતી એમ કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે બુધવારે જણાવ્યું હતું. અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના અગ્રણી નેતાએ એમ પણ જણાવ્યું હતું કે નોકરીઓ અને શિક્ષણમાં અનામતની મરાઠા સમુદાયની માગ બંધારણીય ધોરણોને પૂર્ણ કરે તેવી હોવી જોઈએ.જરાંગે છેલ્લા ૧૧ દિવસથી મરાઠા સમુદાય માટે અનામત સંબંધિત માગણીઓ માટે ભૂખ હડતાળ પર છે. કોંગ્રેસ નેતાએ દાવો કર્યો કે સરકાર પહેલા વારંવાર તેમની સામે ઝૂકી ગઈ હતી, પણ હવે તેમને મળવા માટે પ્રતિનિધિમંડળ મોકલવાનું ટાળી રહી છે કારણ કે સર્જરીને વધુ બદનામ થવાનો ડર છે.મરાઠા સમુદાયને અનામત મળવી જોઈએ એ સવાલના જવાબમાં વડેટ્ટીવારે કહ્યું હતું કે 'આપણા દેશનું બંધારણ સર્વોચ્ચ છે. બંધારણની બહાર કરવામાં આવેલી માગણીને મંજૂરી આપવી જોઈએ કે નહીં અને બંધારણીય મર્યાદાઓ ઓળંગવી જોઈએ કે નહીં તે સરકારે નક્કી કરવાનું છે.

રાજ્યના ઓબીસી નેતાઓ મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્રો મેળવવાનો વિરોધ કરી રહ્યા છે જેનાથી તેઓ ઓબીસી ક્વોટામાં અનામત મેળવી શકશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનાં પત્ની અમૃતા ફડણવીસના તહેવારોમાં સહભાગી થવાની બધાને છૂટ હોવી જોઈએ અને જો કોઈ મુસ્લિમ વ્યક્તિ ઉજવણીમાં હાજરી આપે તો તેમાં કંઈ ખોટું નથી એ નિવેદન અંગે પૂછવામાં આવતા વડેટ્ટીવારે કહ્યું કે તેમનું આ વલણ આવકાર્ય છે.(પીટીઆઈ)

# જમીન માલિકી હક માટે કાયદો લાવનાર મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય

મુંબઈ: મહારાષ્ટ્ર ડિસેમ્બર સુધીમાં જમીન માલિકીની ચોકસાઈ જાળવવા અને જમીન સંબંધિત વિવાદો ઘટાડવા માટે જમીન માલિકીનો કાયદો લાવશે, એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે જણાવ્યું હતું.

આ પ્રકારનો કાયદો લાવનાર મહારાષ્ટ્ર દેશનું પહેલું રાજ્ય બનશે જેની હેઠળ મિલકતની માલિકી નક્કી કરવામાં આવશે એમ મહેસૂલ વિભાગના આધુનિકીકરણ અંગે પત્રકાર પરિષદમાં પ્રધાને જણાવી ઉમેર્યું હતું કે 'આવો કાયદો વિશ્વના લગભગ ૮૦ દેશોમાં અસ્તિત્વમાં છે, પરંતુ હાલમાં ભારતના કોઈપણ રાજ્યમાં આવો કોઈ કાયદો નથી. ડિસેમ્બરમાં જમીન માલિકી હક કાયદો લાવવાનું આયોજન છે.'

વર્તમાનમાં ૭/૧૨ ના અવતરણ, રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને મ્યુનિસિપલ અથવા ગ્રામ પંચાયત ટેક્સ રેકોર્ડ જેવા દસ્તાવેજો ફક્ત વ્યવહાર અથવા કબજાના પુરાવા પૂરા પાડે છે પરંતુ ચોક્કસ માલિક વિશે ફોડ નથી પાડતા એવી સ્પષ્ટતા કરી બાવનકુળેએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત પદ્ધતિ એક નિશ્ચિત પ્રોપર્ટી કાર્ડ પ્રદાન કરશે જેમાં મિલકતની વ્યાપક વિગતો ઉપરાંત તેનું સ્થાન, મૂલ્યાંકન, માપ અને માલિકીનો સમાવેશ થશે. પ્રોપર્ટી કાર્ડમાં એક ક્યૂઆર કોડ પણ હશે જેના દ્વારા સંપૂર્ણ પ્રોપર્ટી ડેટા મેળવી શકાય છે.

વર્ટિકલ પ્રોપર્ટી કાર્ડ સિસ્ટમ પણ રજૂ કરવાની સરકારનું આયોજન છે. એ અનુસાર બિલ્ડિંગમાં વ્યક્તિગત ફ્લેટ માલિકોના જમીનના હિસ્સાની સાથે ફ્લેટનો વિસ્તાર, પરિમાણો અને કિંમત જેવી વિગતો પણ નોંધવામાં આવશે. (પીટીઆઈ)

# મુંબઈ-થાણેમાં બનાવશે બે નવા રિંગ રોડ

મુંબઈ: મુંબઈ મહાનગર ક્ષેત્રમાં માર્ગ જોડાણને નવી ઝડપ આપવાની તૈયારી છે. એમએમઆરડીએ વધુ નવા બે રિંગ રોડ બનાવવાનું વિચારી રહ્યું છે. બંનેની કુલ લંબાઈ ૩૦૭ કિલોમીટર હશે. તેના જોડાણથી પ્રસ્તાવિત રિંગ રોડ નેટવર્ક સાતથી વધીને નવ કોરિડોરનું થઈ જશે. જેથી મુંબઈ, થાણે, નવી મુંબઈ અને આસપાસના વિસ્તૃત મહાનગર વિસ્તાર વચ્ચે રસ્તાઓનો સંપર્ક મજબૂત બનશે. સાથે જ વૈકલ્પિક માર્ગો વધશે અને મુસાફરીનો સમય ઘટશે. આ વિસ્તારિત નેટવર્ક મુખ્ય માર્ગો, સી લિંક, ટનલ અને વર્તમાન કોરિડોરને એકબીજા સાથે જોડીને વધુ સરળ રોડ બનાવવામાં આવશે.

પ્રસ્તાવિત યોજના અન્વયે વાહનચાલકોને એક જ માર્ગ પર નિર્ભર રહેવા સિવાય અનેક વૈકલ્પિક માર્ગો મળશે અને મુસાફરી વધારે સુવિધાપૂર્ણ અને સમયસર બનશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની મૂળ યોજના અનુસાર રિંગ રોડની વ્યવસ્થાનો ઉદેશ્ય વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ કરાવવા અને મુસાફરીનો સમય ઓછો કરવાનો છે.

સરકારે એ વાત પર ભાર મૂક્યો છે કે ઉત્તમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લોકોની સૌથી કિંમતી વસ્તુ એટલે કે સમય પરત આપી દે. વિકાસને ગતિ આપવાની દિશામાં મહત્ત્વનું પગલું એમએમઆરડીએનો આ વિસ્તાર ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે જોડાણ મજબૂત બનાવશે. આ સાથે જ અડચણ વગર અવરજવર દ્વારા આર્થિક વિકાસને પણ ગતિ મળવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

થાણે માટે મેટ્રો સેવા શરૂ થવાની આશા હવે વધારે મજબૂત બની છે. થાણે મેટ્રો લાઈન ૪ના પહેલા ચરણનું બીજું પરીક્ષણ સફળતાપૂર્વક કરી લેવામાં આવ્યું છે. કાસારવડવલીથી નીતિન કંપની સ્ટેશન વચ્ચે થયેલી આ ટ્રાયલ રનની સાથે મેટ્રોએ પોતાના મુખ્ય માર્ગની ટેક્નિકલ તપાસનો વધુ એક મહત્ત્વનો પડાવ પણ પાર કર્યો છે. પ્રથમ ચરણ વર્ષના અંત સુધીમાં મુસાફરો માટે શરૂ થવાની સંભાવના છે.

અગાઉ કેડબરી જંકશન સુધી મેટ્રોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, આશરે ૧૦.૫ કિલોમીટર લાંબા પ્રથમ ચરણનું નિર્માણ હવે અંતિમ પડાવમાં છે. કેડબરી, માજીવાડા, કપૂરબાવડી, માનપાડા, ડોંગ્રીપાડા અને ગાયમુખ સહિત ૧૦ મુખ્ય સ્ટેશનો પર કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યું છે.

મેટ્રો સેવા શરૂ થતા થાણે શહેરમાંથી કામકાજ અર્થે બહાર જનારા મુસાફરોને રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. શહેરમાં મુખ્ય વ્યવસાયિક કેન્દ્ર અને કાર્યાલય હોવાના લીધે નોકરિયાત વર્ગ માટે આ સેવા ઉપયોગી સાબિત થશે.

# સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટથી વધુ ગબડ્યો, નિફ્ટી ૨૩,૪૫૦થી નીચે સરક્યો: આઈટી, રિયલ્ટી શેરોમાં વેચવાલીનું દબાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો આગળ વધવાની આશંકા સાથે અન્ય નકારાત્મક પરિબળો વચ્ચે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર દબાણ આવતા બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો વધુ તીવ્ર બન્યો હતો.સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટથી વધુ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૫૦૦થી નીચે સરકી ગયો હતો. ખાસ કરીને આઇટી, રિયલ્ટી શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૮૧૩.૩૫ પોઇન્ટ અથવા ૧.૦૮ ટકાના ઘટાડા સાથે ૭૪,૭૬૪.૨૩ પોઇન્ટની સપાટીએ, જ્યારે નિફ્ટી ૨૦૩.૬૦ પોઇન્ટ અથવા તો ૦.૮૬ ટકાના ઘટાડા સાથે ૨૩,૪૩૧.૫૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એચસીએલ ટેકનોલોજી ૪.૫૫ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. અન્ય ઘટનારા શેરોમાં ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, ટીસીસ, એચડીએફસી બેન્ક અને હિંદ લીવરનો સમાવેશ હતો. જ્યારે ટોપ વિનર્સમાં અદાણી પોર્ટ, ટાટા સ્ટીલ, ટ્રેન્ટ અને એનટીપીસીનો સમાવેશ હતો. શેરબજારમાં વધેલી વેચવાલી પાછળ છ મુખ્ય ટ્રિગર્સ હતા, જેમાં ઈરાન-યુએસ વચ્ચે વધેલો તણાવ, બેરલદીઠ ઝડપથી ૧૦૦ ડોલર તરફ આગળ વધી રહેલા ક્રૂડ ઓઇલના ભાવ, આઇપીઓની તેજી, આઇટી શેરોની વેચવાલી, રૂપિયામાં ઘટાડો અને એફઆઇઆઇની વધેલી વેચવાલીનો સમાવેશ હતો.

એનએસઇના કેટલાક ઇન્વેસ્ટર્સે ઓએફએસમાં સહભાગી થવામાંથી પીછેહઠ કરી હોવાથી તેના આપિીઓનું કદ ઘટીને રૂ. ૨૫,૦૦૦થી રૂ. ૨૭,૦૦૦ જેવું રહે એવી શક્યતા છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલે લાઇફ બીએસઇ ૫૦૦ મોમેન્ટ્મ વેલ્યુ ૫૦ ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યો છે, જે પસંદગીના યુનિટ લિન્કડ ઇન્સ્યોરન્સ પ્લાન મારફત લોંગ ટર્મ ઇક્વિટીમાં તકો મેળવશે. ફંડ બીએસઇ - ૫૦૦માંથી પંસંદગીના ડાઇવર્સિફાઇડ ૫૦ શેરમાં રોકાણ કરશે.

લાર્સન એન્ડ ટૂબ્રોને ઓએનજીસી તરફથી મોટો ઇપીસી કોન્ટ્રેક્ટ મળ્યો છે. ઓયોની પેરેન્ટ કંપની પ્રિસ્મ ચાલુ નાણાકીય વર્ષમાં આઇપીઓ લાવવા ધારે છે. સિંગાપોરમાં મુખ્ય મથક ધરાવતી એઆઇ-નેટિવ ટેલેન્ટ કંપની મેનિફેસ્ટ ગ્લોબલમાં ભારતના ટી-ટ્વેન્ટિ કેપ્ટન શ્રેયસ ઐયરે વ્યૂહાત્મક રોકાણ કર્યું છે. કંપની ૧૫૦ દેશોમાં દર વર્ષે આશરે પાંચ લાખ વિદ્યાર્થીઓને ટેલેન્ટને તકમાં ફેરવવા અને ફંડ મેળવવા માર્ગદર્શન આપે છે.

તેજાનાનું ઉત્પાદન અને પ્રોસેસિંગ કરતી જયપુર સ્થિત ફૂડ પ્રોસેસિંગ કંપની શ્યામ ધાની ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે આઇપીઓમાંથી મળેલા ભંડોળમાંથી, બે વર્ષના સમયગાળામાં બ્રાન્ડ બિલ્ડિંગ અને માર્કેટિંગ માટે રૂ. ૬૩૫.૬૩ લાખના રોકાણ સાથે, ઉત્પાદન શ્રેણીનું પુનર્ગઠન હાથ ધર્યુ છે. કંપનીની કુલ આવક નાણાકીય વર્ષ ૨૦૨૬માં




૧૭.૨૧ ટકા વધીને રૂ. ૧૪,૬૨૧.૮૮ લાખ થઈ છે, જ્યારે કર પછીનો નફો ૬.૧૬ ટકા વધીને રૂ. ૮૫૩.૭૦ લાખ થયો છે.

દરમિયાન વિશ્વબજારમાં મિશ્ર ચિત્ર રહ્યું હતું. વૈશ્વિક બજારોમાં ટોક્યો સમય મુજબ બપોરે ૧:૪૮ વાગ્યા સુધીમાં એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સમાં ૦.૧ ટકાનો સુધારો હતો. જ્યારે નિકેઈ ૨૨૫ ફ્યુચર્સમાં ૦.૨૦ ટકા, જાપાનના ટોપિક્સમાં ૦.૨૦ ટકાનો વધારો હતો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટ્યો હતો. હોંગકોંગના હેંગ સેંગમાં સાધારણ ફેરફાર હતો. શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૨૦ ટકા વધ્યો હતો, જ્યારે યુરો સ્ટોક્સ ૫૦ ફ્યુચર્સમાં ૦.૫૦ ટકાનો ઘટાડો હતો.

સેકટરલ ધોરણે આઇટી શેરોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું, ત્યારબાદ આઇટી ઇનેબલ્ડ સર્વિસિસનો ક્રમ આવ્યો હતો. ઓટો, બેંકો, ફાઇનાન્શિઅલ સર્વિસિસ, એફએમસીજી, મીડિયા અને રિયલ્ટી પણ દબાણ હેઠળ રહ્યા. મેટલ શરોએ મજબૂત વધારા સાથે વલણને ટેકો આપ્યો, જ્યારે ઓઇલ અને ગેસ, હેલ્થકેર અને પસંદગીના આરોગ્ય-કેન્દ્રિત શેરોમાં નજીવો સુધારો જોવા મળ્યો. એકંદર સેન્ટિમેન્ટ સાવચેતીનું રહ્યું હતું. બજારમં એકદંરે વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

આ સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં નવા જાહેર ભરણાંનો વરસાદ થઇ રહ્યો છે. આઠમીમી નવમ્બરે એકસાથે ત્રણ ભરણા અને નવમી સપ્ટેમ્બરે તો એકસાથે છ ભરણાં એક જ દિવસે બજારમાં પ્રવેશ્યા હતા. આવનારા આઇપીઓ ઘણાં અલગ ઓદ્યોગિક ક્ષેત્રોની કંપનીના છે, જેમાં સ્પેશિયાલિટી કેમિકલ્સ, રિયલ એસ્ટેટ, ઔદ્યોગિક ગેસ, ફિનટેક, ઓનલાઈન રેન્ટલ, ઇલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ છે.

ઓમ ગેલેક્સીનો આઇપીઓ આજે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. માનીકા પ્લાસ્ટેકનો રૂ. ૧૨૫.૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. મહારાજા એન્ડ સ્પીડેક્સ ઇન્ડિયાનો રૂ. ૮૦.૧૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યુ૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

પ્રાસોલ કેમિકલ્સનો આઇપીઓ આજે ૧૦ સપ્ટેમ્બરે બંધ થશે. કનોહર ઇલેક્ટ્રિકલ્સનો આઇપીઓ આજે ૧૦ સપ્ટેમ્બરે બંધ થશે. એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (આર્સિલ)નો બુક બિલ્ડ ઇશ્યુ ૧૧ સપ્ટેમ્બર બંધ થશે.

ગ્લાસ વોલ સિસ્ટમ્સનો ૧૦ સપ્ટેમ્બરે બંધ થશે. એલસીસી પ્રોજેક્ટ્સનો આઇપીઓ ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. રેન્ટોમોજો લિમિટેડનું સબ્સ્ક્રિપ્શન ૧૧મી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. મનિપાલ પેમેન્ટ એન્ડ આઇડેન્ટિટી સોલ્યુશન્સનો આઇપીઓ ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. સ્ટીમહાઉસ ઇન્ડિયાનો આઇપીઓ ૧૧મી સપ્ટેમ્બરે બંધ થઇ રહ્યો છે. કરમતારા એન્જિનિયરિંગનો આઇપીઓ ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. કર્ણાટક એન્જિનિયરિંગનો આઈપીઓ પણ અગિયાર છે.

મૂડીબજારમાં જેની રાહ જોવાઇ રહી છે તે નેશનલ સ્ટોક એક્સચેન્જનો લગભગ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનો પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) ૧૮ સપ્ટેમ્બરે જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલવાની શક્યતા છે અને ૨૫ સપ્ટેમ્બરે સૂચિબદ્ધ થવાની શક્યતા છે, એમ જાણકાર સાધનોએ મંગળવારે જણાવ્યું હતું. આઇપીઓ માટે પ્રાઇસ બેન્ડ ૧૫ સપ્ટેમ્બરે જાહેર થવાની ધારણા છે, ત્યારબાદ ૧૭ સપ્ટેમ્બરે એન્કર બુક જાહેર થવાની ધારણા છે, એમ તેમણે જણાવ્યું હતું. જાહેર ઇશ્યૂ ૧૮ સપ્ટેમ્બર, ૨૧ સપ્ટેમ્બર અને ૨૨ સપ્ટેમ્બરે ખુલ્લો રહેવાની શક્યતા છે. પ્રાઇમરી માર્કેટમાં સપ્તાહ દરમિયાન નવા લિસ્ટિંગમાં મિશ્ર અથવા વિરોધાભાસી વલણ જોવા મળ્યું હતું. કેટલાક નવા શેર જોરદાર પ્રીમિયમ સાથે અને કેટલાક ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. દીપા જ્વેલર્સનો શેર મંગળવારે ૨૫ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો છે. સ્કાય એક્ર સર્વિસના ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ બાદ બુધવારે અન્નું પ્રોજેકટના શેર બુધવારે તેના ઇશ્યુ ભાવ સામે ૨૭ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, ગુરુવારે લ્યુમિનો ઇન્ડસ્ટ્રીઝનો શેર ૩૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. ઇએસડીએસ સોફ્ટવેર સોલ્યુશન્સના શેર શુક્રવારે ૭૬ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા અને સત્ર દરમિયાન ૧૧૧.૭૫ ટકા સુધી ઊંચે જઇને અપર સર્કિટમાં અથડાયા હતા. પ્રાયોરિટી જ્વેલ્સના શેર શુક્રવારે ૧૫ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થઇ સત્ર દરમિયાન ૨૦.૭૫ ટકા સુધી વધ્યા બાદ અપર સર્કિટ લાગી હતી. ■

## રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૪૦૯નો અને ચાંદીમાં ₹ ૧૪૨૩નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલના વધેલા ભાવ અને તેને કારણે ફુગાવામાં વધારાની ચિંતા ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ તેમ જ અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવાનાં ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સોના-ચાંદીમાં સાવચેતીનું વલણ અપનાવતા આજે ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. જોકે, આજે ક્રૂડતેલના ભાવ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૪ પૈસા ગબડ્યો હોવાથી આયાત પડતરો વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૭થી ૪૦૯નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૨૩નો વધારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૨૩ વધીને રૂ. ૨,૩૫,૨૪૯ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવા છતાં રૂપિયો નબળો પડતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૦૭ વધીને રૂ. ૧,૫૨,૮૭૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦૯ વધીને રૂ. ૧,૫૩,૪૮૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સોનાના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૮૫.૦૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકાના ઘટાડા સાથે ૪૪૩૦.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૬૬.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સોનાના ભાવ રેન્જબાઉન્ડ રહ્યા હોવાનું સ્ટોન એક્સનાં માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવિલોનીસે જણાવતાં ઉમેર્યું હતું કે યમન સમર્થક હુતીઓએ સઉદીની એનર્જી સુવિધાઓ પર હુમલો કર્યાનાં અહેવાલ અને અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદવાની ચેતવણી આપતા વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવે બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવી હતી.

બજારે અમેરિકાનાં પ્રોત્સાહક જોબ ડેટા પચાવી લીધા છે. હવે બજાર વર્તુળોની નજર અમેરિકાનાં જાહેર થનારા ઑગસ્ટ મહિનાના કન્ઝ્યુમર અને પ્રોડ્યુસર ડેટા પર સ્થિર થઈ છે. પરંતુ ક્રૂડતેલના ભાવવધારાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બની હોવાનું ઝેનર મેટલ્સનાં સ્ટ્રેટેજિસ્ટ પીટર ગ્રાન્ટે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા. ■

## ખાદ્યતેલમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૪૦ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં નવ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવા છતાં વિશ્વ બજાર અને મથકો પાછળ ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે ગુજરાતના રાજકોટ મથકે સિંગતેલમાં દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઉછાળો આવતા સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હતા, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આયાતી તેલમાં શિકાગો પાછળ માત્ર સન રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા અને અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, એવીઆઈના સન રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રેડી ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના આગામી શુક્રવારે ડિલિવરી શરતે રૂ. ૧૭૦૦ અને જી-વનના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

દરમિયાન આજે ગોંડલ મથકે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૫૦થી ૧૪૫૦માં થયા હતા. જોકે, તેમાં ૧૦૦૦ ગૂણી નવા માલની આવકો હતી અને તેના વેપાર રૂ. ૧૫૦૦થી ૧૭૫૦માં થયા હતા. તેમ જ આજે રાજકોટ મથકે ૨૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી૧૪૮૦માં થયા હતા અને તેમાં નવી ૧૨૦૦ ગૂણીની આવક સામે વેપાર રૂ. ૧૬૦૦થી ૧૮૦૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૭૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૨૫માં થયાના અહેવાલ હતા. ■

## ક્રૂડતેલે બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા રૂપિયો ૩૪ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી લશ્કરી દળોએ ગઈકાલે ઈરાનનાં તેલનાં પાંચ ટેન્કરનો નાશ કર્યો હતો અને તેનાં વળતા જવાબમાં ઈરાને અમેરિકાના સહયોગી દેશ જોર્ડન પર હુમલો કરતાં પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વધવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવે છ મહિનાના સમયગાળા બાદ પહેલી વખત બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવતા ડૉલર સામે રૂપિયો ૩૫ પૈસા પટકાઈને ૯૫ની સપાટી વટાવીને ૯૫.૦૮ના મથાળે બંધ રહ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૭૪ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૪.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ ક્રૂડતેલના ભાવ વધી આવ્યાના નિર્દેશો સાથે સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૨ અને ઉપરમાં ખૂલતી જ ૯૪.૮૦ની સપાટીએ રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૫ પૈસા ગબડીને ૯૫.૦૮ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૯૮.૮૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૯૪ ટકાની તેજી સાથે બેરલદીઠ ૧૦૦.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૩.૧૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાતા ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવમાં વધારો અને ક્રૂડતેલના વધી રહેલા ભાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૧૩.૩૫ પૉઈન્ટનો અને ૨૦૩.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું. ■

## કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગળ ધપતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવને કારણે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે તણાવ વધતાં વિવિધ કૉમૉડિટીમાં પુરવઠાખેંચની સ્થિતિ સર્જાવાની ભીતિ હેઠળ આજે લંડન ખાતે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૧૨ની તેજી આવી હતી, જ્યારે વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા. જોકે, આજે નિરસ માગે



એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૪૮૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૮૦ અને રૂ. ૩૬૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૩૮૮ અને રૂ. ૧૩૭૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૩૬૧ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૯૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૫૩૩૯ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૦૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૪૩૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૫૦, રૂ. ૨૦૨ અને રૂ. ૧૬૨૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## સ્ટીલ એક્સચેન્જ ઈન્ડિયાએ આયર્ન ઑરના સ્રોત માટે એનએમડીસી સાથે કરાર કર્યા

નવી દિલ્હી: સ્ટીલ એક્સચેન્જ ઈન્ડિયાએ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં જાહેર ક્ષેત્રની ખનન કંપનીની આગામી સુવિધાઓમાંથી આયર્ન ઑરના સ્રોત માટે એનએમડીસી સાથેના કરાર પર સહીસિક્કા કર્યા છે. આ કરારનો મુખ્ય હેતુ તેના ઈન્ટિગ્રેટેડ સ્ટીલ ઉત્પાદનની આવશ્યકતા માટે લાંબા સમયગાળા સુધી ૬૧થી ૬૩ ટકા ફેરસ ધરાવતા ગ્રેડ આયર્ન ઑર ફાઈન્સની સાતત્યતાપૂર્ણ ઉપલબ્ધિ જળવાઈ રહે એ માટે હોવાનું સ્ટીલ એક્સચેન્જ ઈન્ડિયા લિ.એ તાજેતરમાં સ્ટોક એક્સચેન્જને એક યાદીમાં જણાવ્યું છે. ■

## તહેવારોની માગ ખૂલતાં મથકો પાછળ ખાંડમાં ₹ ૨૪૦થી ૨૬૦નું બાઉન્સબૅક

નવી મુંબઈ: મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સહિતનાં ખાંડના મુખ્ય ઉત્પાદક મથકો પર છેલ્લા બે દિવસથી ખાસ કરીને ગણેશ ચતુર્થી અને ઓનમ જેવાં તહેવારોની પ્રબળ માગ રહેતાં ખાંડના ભાવમાં ઘટ્યા મથાળેથી ભાવમાં ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૪૦થી ૨૬૦નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫૦થી ૨૬૦ ઉછળી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજર ભાવમાં પણ તેજીનું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૦થી ૨૫૦ની તેજી સાથે રૂ. ૪૯૭૦થી ૫૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૬૦ની તેજી સાથે રૂ. ૫૦૯૦થી ૫૨૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગ અને મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૦થી ૨૬૦ વધીને રૂ. ૪૮૦૦થી



૪૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૦થી ૨૫૫ વધીને રૂ. ૪૯૦૦થી ૪૯૮૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

## ગુજરાત વિધાનસભામાં પહેલા જ દિવસે વંદે માતરમ્ રાષ્ટ્રગીત મામલે વિવાદ

# કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ઊભા ન થતા ભાજપે માગ્યો જવાબ, ખેડાવાલાની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર બુધવારથી શરૂ થયું હતું. પહેલા જ દિવસે વંદે માતરમ્ રાષ્ટ્રગીતને મામલે વિવાદ ઊભો થયો હતો. કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા વંદે માતરમ ગીત સમયે ઊભા થયા બાદ તરત જ બેસી જતા ભાજપે કૉંગ્રેસ પાસેથી જવાબ માગ્યો હતો. ભાજપે તેને રાષ્ટ્રગીતનું અપમાન ગણાવ્યું હતું. જોકે ખેડાવાલાએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે અમારા ધર્મમાં ખુદાની ઈબાદતનો હુકમ હોવાથી તેઓ જરૂરી કડીઓ પૂરતા ઊભા રહ્યા અને પછી બેસી ગયા હતા, જે તેમનો અંગત મંતવ્ય છે.

તેમણે જણાવ્યું હતું કે હું રાષ્ટ્રગીતના માનમાં ઊભો થયો હતો અને મહત્વની કડીઓ સુધી ઊભો રહ્યો હતો, ત્યારબાદ હું બેઠો હતો.

જોકે ભાજપે તેમના પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમના પર વંદે માતરમના અપમાનનો ગંભીર આરોપ લગાવ્યો હતો. ભાજપના રાજ્યકક્ષાના પ્રધાન પ્રવિણ માળીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે સંસદીય પ્રણાલી અનુસાર સત્રનો પ્રારંભ વંદે માતરમથી થાય છે. ખેડાવાલાએ પ્રણાલીનું અપમાન કર્યું છે અને રાષ્ટ્રગીતનું અપમાન કર્યું છે. આ મામલે કૉંગ્રેસે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ, તેમ પણ માળીએ જણાવ્યું હતું. માળીએ એમ પણ જણાવ્યું હતું કે પ્રશ્નકાળમાં ધારાસભ્યો માટે જનતા સંબંધિત મુદ્દાઓ ઉઠાવવા માટે હોય છે અને તે સમયગાળા દરમિયાન પૉઈન્ટ ઓફ ઑર્ડર ઉઠાવી શકાતો નથી. તેથી, એક પ્રતિનિધિમંડળ આ મુદ્દે સ્પીકરને મળશે અને કાર્યવાહીની વિનંતી કરશે.

સરકારી પ્રતિનિધિમંડળ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને મળશે અને ઔપચારિક રીતે આ મુદ્દો ઉઠાવશે અને ખેડાવાલા સામે યોગ્ય કાર્યવાહીની માંગ કરશે તેવી અપેક્ષા છે. ■

## પતિ અશોક ચૌધરીની ધરપકડને વચગાળાનો સ્ટે

# કિંજલ રબારીને હાઈ કોર્ટે રાહત આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાણીતી સિંગર કિંજલ રબારી હાલ ફરી એક વખત ચર્ચામાં છે. થોડા દિવસ પહેલા તેનું અપહરણ થયાના સમાચાર વહેતા થયા હતા. જોકે તેણે વીડિયો જાહેર કરી આ મુદ્દે સ્પષ્ટતા કરી હતી. ત્યારબાદ બુધવારે કિંજલ રબારી ગુજરાત હાઇ કોર્ટના શરણે પહોંચી હતી. તે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે હાજર રહી હતી અને નિવેદન નોંધાવ્યું હતું.

કોર્ટ સમક્ષ કિંજલ રબારીએ ખુલાસો કર્યો હતો કે તેમનું કોઈ અપહરણ થયું નથી. તે પોતાની મરજીથી પતિ અશોક ચૌધરી સાથે આવી છે. તેનાં ખુલાસા બાદ અશોક ચૌધરી સામે દાખલ થયેલી અપહરણની પોલીસ ફરિયાદ સંપૂર્ણપણે શંકાસ્પદ હોવાનું જણાતા ગુજરાત હાઇકોર્ટે તેમને મોટી રાહત આપી હતી અને અશોક ચૌધરીની ધરપકડ પર સ્ટે લગાવી દીધો હતો. જેથી હાલ પોલીસ તેમની ધરપકડ કરી શકશે નહીં. કિંજલ રબારીએ બે દિવસ પહેલાં પોલીસ કમિશ્નરને પત્ર લખ્યો હતો. જેમાં તેણે લખ્યું કે, અશોક ચૌધરી સાથે ડિવોર્સ નહોતા લેવા પણ પરિવારે બળજબરીથી કોર્ટમાં જવાબ લખાવ્યો હતો. કિંજલ રબારી પોલીસ કમિશ્નર અને ચાંદખેડા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટરને પત્ર લખીને પોતાનું અપહરણ થયું ન હોવાનું જણાવ્યું હતું. કિંજલ ફરી અશોક ચૌધરી સાથે જતા તેના ગામ સીનાડમાં અશાંતિ સર્જાઈ હતી. અહીં પોલીસ અધિકારી અને કર્મચારીઓ પર પણ હુમલાની ઘટના બની હતી, જેમાં પોલીસે દસ જણની અટકાયત કરી હોવાના અહેવાલો બહાર આવ્યા હતા. ■

# કુશલ ડાયમંડ્સ લિમિટેડ સામે સીબીઆઈ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો, બે ડિરેક્ટરને પાંચ વર્ષની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સીબીઆઈ કોર્ટે ક્રિમિનલ કૉન્સ્પિરન્સી અને છેતરપિંડીના કેસમાં ખાનગી કંપની એમએસ. કુશલ ડાયમન્ડ તેમજ તેના ચીફ મેનેજિંગ ડિરેક્ટર બકુલ ઝવેરી અને ડિરેક્ટર મઝહર એસ. કાપડિયાને દોષિત ઠેરવી સજા ફટકારી છે. કોર્ટે કંપનીને રૂ.૩૦ લાખનો દંડ કર્યો છે, જ્યારે બકુલ ઝવેરી અને મઝહર એસ. કાપડિયાને પાંચ વર્ષની રિગરસ ઇમ્પ્રિઝનમેન્ટની સજા સાથે રૂ.૩૦-૩૦ લાખનો દંડ ફટકાર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સીબીઆઈ દ્વારા આ કેસમાં ૧૫ માર્ચ ૨૦૦૦ના રોજ ફરિયાદ નોંધવામાં આવી હતી. કેસમાં નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (એનએસઆઈસી), અમદાવાદના તત્કાલીન અધિકારીઓ વિરેન્દ્ર કુમાર સાવ્હની, રોહિત ધીંગરા અને રામ અવતાર અગ્રવાલ સહિત કુશલ ડાયમંડ્સ લિમિટેડના ડિરેક્ટરો સામે ગુનાહિત કાવતરું અને છેતરપિંડીના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન પ્રકાશમાં આવ્યું હતું કે એનએસઆઈસી દ્વારા બિલ ડિસ્કાઉન્ટિંગ ફેસેલિટી અને રૉ મટિરિયલ આસિસ્ટન્સ સ્કીમ હેઠળ કુશલ ડાયમંડ્સ લિમિટેડને કુલ રૂ.૨,૩૪,૮૫,૦૮૧ની રકમ આપવામાં આવી હતી. આ રકમમાંથી અગાઉની બાકી રકમ સામે એડજસ્ટ કરાયેલી રકમ, ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે મળેલી ચુકવણી, વિદેશી ખરીદદાર પાસેથી મળેલી રકમ તથા અર્નેસ્ટ મની ડિપોઝિટની એડજસ્ટમેન્ટ સહિત કુલ રૂ.૧,૩૪,૮૮,૭૧૭ની રકમ એડજસ્ટ થઈ હતી. આ તમામ એડજસ્ટમેન્ટ બાદ પણ ૩૧ માર્ચ ૧૯૯૬ના રોજ કુશલ ડાયમંડ્સ લિમિટેડ પાસેથી રૂ.૯૯,૯૬,૩૬૪ની રકમ બાકી રહી હતી. સીબીઆઈ મુજબ આ રકમ એનએસઆઈસીને થયેલા રૉંગફુલ લૉસ તરીકે દર્શાવવામાં આવી હતી.તપાસ પૂર્ણ થયા બાદ સીઆઈઆઈએ ૮ જાન્યુઆરી ૨૦૦૨ના રોજ આઠ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં કુશલ ડાયમંડ્સ લિમિટેડ, તેના ત્રણ ડિરેક્ટરો બકુલ ઝવેરી, મઝહર એસ. કાપડિયા અને સુભાષ છજ્ઞાણા તેમજ એનએસઆઈસીના ચાર અધિકારીઓ વિરેન્દ્ર કુમાર સાવ્હની, રોહિત ધીંગરા, રામ અવતાર અગ્રવાલ અને રાજેશ અરોરાનો સમાવેશ થતો હતો.

કેસની લાંબી સુનાવણી બાદ અમદાવાદની સીબીઆઈ કોર્ટે કંપની તથા બકુલ ઝવેરી અને મઝહર એસ. કાપડિયાને દોષિત ઠેરવી ઉપરોક્ત સજા ફટકારી છે. બીજી તરફ એનએસઆઈસીના જાહેર સેવક એવા વિરેન્દ્ર કુમાર સાવ્હની, રોહિત ધીંગરા, રામ અવતાર અગ્રવાલ અને રાજેશ અરોરાને કોર્ટે તેમની સામેના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસના અન્ય આરોપી અને કુશલ ડાયમંડ્સ લિમિટેડના ડિરેક્ટર સુભાષ છજ્ઞાણાનું ટ્રાયલ દરમિયાન અવસાન થયું હતું, જેના પગલે તેમની સામેની કાર્યવાહી કોર્ટ દ્વારા અબેટ કરવામાં આવી હતી. ■

# વડા પ્રધાનનાં નામે જાહેરાત કરી નિવૃત્ત આર્મી જવાન સાથે રોકાણના નામે ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઠક્કરનગરમાં રહેતા નિવૃત આર્મી જવાન સાથે સાયબર ગઠિયાઓએ રોકાણના નામે ૪૬.૯૨ લાખ રૂપિયા પડાવ્યા છે. આર્મીજવાને ફેસબુક પર રીલ જોઈ હતી જેમાં વડાપ્રધાનના નામે ખોટી જાહેરાત કરવામાં આવી હતી.

આર્મી જવાનને વિશ્વાસ આવતા ૭૦ લાખનું રોકાણ કર્યું હતું, જેમાંથી રૂ. ૨૩ લાખ જ પરત આપવામાં આવ્યા હતા. બાકીની રકમ પરત ના મળતા આર્મી જવાને સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે.

ઠક્કરનગરમાં રહેતા ૪૮ વર્ષીય આર્મીજવાને ફરિયાદ નોંધાવી હતી કે તેઓ ઘરે હતા ત્યારે ફેસબુક પર એક રીલ જોઈ હતી, જેમાં વડાપ્રધાન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે ૨૨,૦૦૦ નું રોકાણ કરવાથી મહિનાના ૩.૫૦ લાખ રૂપિયા કમાઈ શકો છો.આર્મી જવાને વિશ્વાસ કરી લીધો હતો અને એપ્લિકેશન ડાઉનલોડ કરી રજીસ્ટર કરાવ્યું હતું, જેમાં જાણીતા બિઝનેસમેન ,રાજકારણી અને સેલિબ્રિટી દ્વારા પણ આ જાહેરાત સંબંધિત પોસ્ટ કરવામાં આવી હતી. શરૂઆતમાં આર્મી જવાન પાસેથી ૨૨ હજાર રૂપિયા ભરાવ્યા હતા. જે બાદ નફો કમાવવા માટે ટ્રેડિંગ કરવાનું કહ્યું ત્યારે આર્મી જવાને રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં રૂ. ૭૨૦૦ નો નફો થયેલો બતાવ્યો હતો. જેથી વધુ વિશ્વાસ આવતા આર્મી જવાને સાઇબર ગઠિયાઓએ કહ્યું તે મુજબ અલગ અલગ ખાતામાંથી કુલ રૂ. ૭૦.૮૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જેની સામે એપ્લિકેશનમાં ૨.૨૫ કરોડ રૂપિયાનો નફો બતાવતો હતો.

ધીરે ધીરે રનિંગ લોસ વધતો ગયો જેથી આર્મી જવાને પૈસા ઉપાડવાનો શરૂ કર્યા ત્યારે ૨૩.૮૯ લાખ રૂપિયા હતા. બાકીના ૪૬ લાખ રૂપિયા ઉપાડવા હોય તો રોકાણ કરવાનું જણાવ્યું હતું. આર્મીજવાનને શંકા જતા સાઇબર ક્રાઇમ હેલ્પલાઇનના નંબર પર ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી ત્યારબાદ સાયબર ક્રાઇમમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. ■

# ગુજરાતમાં સ્કૂલનું રજિસ્ટ્રેશન ન કરાવ્યું તો બે વર્ષની જેલ અને ₹ ૧૫ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદામાં મોટા ફેરફારોનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં નોંધણી વગરની શાળા ચલાવવા બદલ બે વર્ષ સુધીની કેદ અને રૂ. ૧૫ લાખ સુધીના દંડની જોગવાઈ છે, ઉપરાંત ગેરકાયદે સ્ટાફ નિમણૂકો અને નિયમાનુસાર પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના શાળાઓ બંધ કરવા બદલ ભારે દંડની જોગવાઈ છે. આ જોગવાઈઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) બિલ, ૨૦૨૬નો ભાગ છે, જે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ માં સુધારો કરવાનો પ્રયાસ છે.

આ બિલ રાજ્ય વિધાનસભાના ચાલુ ચોમાસા સત્ર દરમિયાન રજૂ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. પ્રસ્તાવિત સુધારા હેઠળ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની નોંધણી અથવા મંજૂરી વિના શાળા ચલાવવા પર એક થી બે વર્ષની જેલ, રૂ. ૧૦ લાખથી રૂ. ૧૫ લાખ સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે. હાલની જોગવાઈમાં ફક્ત રૂ. ૧ લાખથી રૂ. ૨ લાખ સુધીનો દંડ છે. ■

# રાજ્ય સરકારે વરસાદી અસરગ્રસ્તો અને ખેડૂતોને ₹ ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ ચૂકવ્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પૂર પ્રભાવિત વિસ્તારોમાં ચૂકવવામાં આવેલી રાહત સહાય વિશે વિગતો આપતાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા પૂર પ્રભાવિત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સહાયની કામગીરી હાથ ધરીને તમામ અસરગ્રસ્તોને રાહત સહાય ચૂકવવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે વલસાડ, નવસારી અને સુરત સહિત સમગ્ર ગુજરાતમાં જ્યાં પણ પાણી ભરાવાને કારણે લોકોને મુશ્કેલી પડી છે, ત્યાં સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે આર્થિક સહાય પહોંચાડવામાં આવી છે.

આ અંગે કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે રાજ્યમાં ભારે વરસાદથી થયેલા નુકસાનને ધ્યાને રાખી અત્યંત સંવેદનશીલ નિર્ણયો લીધા છે. ગત વર્ષે રાજ્ય સરકારે ખેડૂતોને થયેલા નુકસાનની પૂરેપૂરી ભરપાઈ કરવાના ઉદ્દેશ્ય સાથે રૂ. ૧૦,૦૦૦ કરોડનું માતબર બજેટ પેકેજ ચૂકવ્યું છે.

તેમણે કહ્યું હતું કે આ પેકેજ અંતર્ગત ખેડૂતોને એસ.ડી.આર.એફ. (એસડીઆરએફ) ના સામાન્ય ધોરણો કરતાં પણ વધુ, એટલે કે બમણી રકમની સહાય ચૂકવવામાં આવી રહી છે.

ખાસ કરીને, દક્ષિણ ગુજરાતના બે જિલ્લાઓ વલસાડ તથા નવસારીમાં ભારે વરસાદ-પૂરથી અસરગ્રસ્તોને છેલ્લાં બે વર્ષમાં અત્યાર સુધીમાં સુધીમાં રૂ.૧૬૩.૬૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જે અંતર્ગત, ગત તા. ૧ ઑગસ્ટ, ૨૦૨૪થી તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન વલસાડ અને નવસારી જિલ્લામાં ભારે વરસાદ તેમજ પુરથી અસરગ્રસ્ત થયેલા કુલ ૨,૪૦,૦૬૨ જેટલા લોકોને ખેતી, ઘરવખરી, મકાન, મૃત્યુ, ઈજા વગેરે પેટે જિલ્લાવાર સહાય પેકેજ અને ભારત સરકારના એસડીઆરએફ ધોરણો મુજબ આ સહાય ચૂકવવામાં આવી છે. તેમાં વલસાડ જિલ્લામાં ૮૮,૩૬૮ અસરગ્રસ્ત લોકોને કુલ રૂ. ૭૩,૫૬,૭૧,૩૩૫ તથા નવસારી જિલ્લામાં ૧,૫૧,૬૯૪ અસરગ્રસ્તોને કુલ રૂ. ૬૮,૭૫,૫૦,૩૫૮ની સહાયનો સમાવેશ થાય છે. ■



ખેડૂતોની વ્હારે આવોઃ ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વરસાદની ભારે ઘટ છે. આને કારણે મગફળી સહિતના પાકને ભારે નુકસાન ગયું હોવાની વ્યથા ખેડૂતો ઠાલવી રહ્યા છે ત્યારે ગુજરાતના આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને નેતાએ સૂકાયેલી મગફળી સાથે વિધાનસભા બહાર દેખાવો કર્યો હતો અને સરકાર સામે ખેડૂતોની મદદ કરવાની માગણી કરી હતી.

# ગુજરાત રેન્ટ બિલ ૨૦૨૬: મકાનમાલિક-ભાડૂઆતની જવાબદારીઓ અંગે સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના ચાલી રહેલા વિધાનસભાના સત્રમાં ગુજરાત રેન્ટ બિલ-૨૦૨૬ રજૂ કરવાની દરખાસ્ત છે. ભાડે રહેતા લોકો અને પોતાના ઘર કે વ્યાવસાયિક એકમોના માલિકો બન્નેની ભૂમિકાઓની સ્પષ્ટતા સાથેનુ બિલ રજૂ થશે.

આ બિલ અંગે મળતી વિગતો અનુસાર આ બિલમાં એક ખાસ રેન્ટ ઓથોરિટીની રચના કરવામાં આવશે. નવા કાયદા અનુસાર ભાડા કરાર લેખિત હોવો ફરજિયાત કરવાની જોગવાઈ છે અને તે રેન્ટ ઓથોરિટીને આપવાનો રહેશે. મકાનમાલિક સિક્ટોરિટી ડિપોઝિટપેટે ત્રણ મહિનાનું ભાડું લઈ શકશે, આ કરતા વધારે રકમ લઈ શકશે નહીં અને મકાન ખાલી થાય ત્યારે આપવાના રહેતા ડિપોઝિટના નાણા એક મહિનામાં પરત કરવાના રહેશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

કાયદો અમલમાં આવ્યા બાદ મકાનમાલિક અને ભાડૂતે નક્કી કરાયેલા નમૂનામાં આ કરાર અંગેની જાણકારી બે મહિનાની અંદર સંયુક્તપણે રેન્ટ ઓથોરિટી ને આપવી પડશે. આ હેતુ માટે એક ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે. આ સહિતની અન્ય જોગવાઈઓ પણ આ નવા બિલમાં છે, જે ભાડૂઆત અને મકાનમાલિક બન્નેના રક્ષણ માટે બનાવવામાં આવી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. શહેરી વિકાસ પ્રધાન કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલ ગુજરાત ભાડા બિલ, ૨૦૨૬, ગુજરાત ભાડા, હોટેલ અને રહેઠાણ મકાન દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ ને રદ કરવાનો અને તેને કરાર આધારિત ભાડા પ્રણાલી સાથે રિપ્લેસ પ્રસ્તાવ છે. ૨૦૨૬નો ગુજરાત બિલ નં. ૨૨, અમલમાં આવ્યા પછી તેને ગુજરાત ભાડા અધિનિયમ, ૨૦૨૬ તરીકે ઓળખવાનો પ્રસ્તાવ છે. ■

## સંબંધોની હત્યાના ત્રણ કિસ્સા

# પિતા-ભાઈએ બહેનને મોતને ઘાટ ઉતારીઃ પુત્રએ પિતાને મારી નાખ્યાઃ પિતાએ પુત્રને કૂવામાં ફેંકી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અને વડોદરામાં બનેલી ત્રણ ઘટનામાં ત્રણ જણાના મોત સાથે લોહીના સંબંધોના પણ મોત નિપજ્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય સોફિયા ફારૂકની હત્યા કથિત રીતે પિતા અને પુત્રએ કરી હોવાનું બહાર આવ્યું હતું તો કલોલમાં અમેરિકાથી આવેલા દીકરાએ પિતાને મોતને ઘાટ ઉતાર્યા હતા અને વડોદરામાં પિતાએ માત્ર શકને કારણે ત્રણ મહિનાના પુત્રને કૂવામાં ફેંકી દીધાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર અમદાવાદના સરખેજમાં સોફિયાના પિતા મોહંમદ ફારૂક નવાબખાન (૫૬) અને તેનો પુત્ર હાબિલ ફારૂક (૩૮) સોફિયાથી નારાજ હતા. સોફિયાનાં એક યુવક સાથેનો વીડિયો વાયરલ થયો હતો. અહેવાલ અનુસાર ત્યારબાદ બન્ને પિતા-પુત્ર યુવતીનાં અન્ય છોકરાઓ સાથેની વાતચીતનો વિરોધ કરતા હતા.

બન્નેએ તેને મારી નાખવાનો પ્લાન બનાવ્યો હતો અને તેને ઘેલજીપુરા ગામ નજીકની અવાવરૂ જગ્યાએ લઈ જઈ તેને મારી નાખી હતી અને સમગ્ર ઘટનાને હીટ એન્ડ રનમાં ખપાવવાની કોશિશ કરી હતી. પોલીસ આ કેસમાં વધારે તપાસ કરી રહી છે. તો બીજી બાજુ અમેરિકાથી છ મહિના પહેલા આવેલો કલ્પેશ પ્રજાપતિ (૪૦) માતા સાથે રહેતો હતો. તેનાં પિતા ૧૬ વર્ષથી અલગ રહેતા હતા. ઘટનાના દિવસે પિતાએ માતા સાથે ઝગડો કરી તેને કથિત રીતે મારી હતી અને પૈસા માગ્યા હતા. આ મામલે કલ્પેશ પિતા પાસે પહેલીવાર ગયો અને પાછો આવ્યો હતો.

તે ફરી ગયો અને લાકડીથી પિતા પર હુમલો કર્યો હતો, જેમાં પિતાનું મોત નિપજ્યું હતું. જ્યારે મહીસાગર પોલીસે આશિષ ભુરિયા નામના એક યુવકની ધરપકડ કરી હતી, જેણે પોતાના ૩ મહિનાના પુત્રને કૂવામાં ફેંકી દીધો હતો. આશિષને શક હતો કે આ બાળક તેનું નથી અને આ મામલે તે પત્ની સાથે ઝગડા કરતો હતો, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# મનપાના નિર્દેશ બાદ અમદાવાદમાં ૧૬ ડેરી અને અન્ય એકમે રેપિડ ટેસ્ટિંગ કિટ્સ વસાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ના ફૂડ વિભાગના નિર્દેશને અનુસરીને, મીઠાઈ અને નાસ્તાના વેપારીઓએ ગુણવત્તા તપાસ કરવા અને ગ્રાહકોને સલામત અને ગુણવત્તાયુક્ત ખોરાક મળે તે માટે રેપિડ ફૂડ ટેસ્ટિંગ કીટ રાખવાનું શરૂ કર્યું હોવાની માહિતી મળી છે. શહેરની જાણીતી સ્વિટ માર્ટે ૧૫ ટેસ્ટિંગ કિટ્સ વસાવી હોવાનાઅહેવાલો બાદ અન્ય ૧૬ જેટલા એકમે સાથે મળી ૫૩ જેટલી ટેસ્ટિંગ કિટ્સ વસાવી હતી. આ આંકડાના ધ્યાનમાં લઈએ તો શહેરમાં હાલમાં ૬૮ ટેસ્ટિંગ કિટ્સ ઉપલબ્ધ થઈ છે.

મનપાએ જણાવ્યું હતું કે તેમનો ફૂડ વિભાગ અન્ય મીઠાઈ અને નાસ્તાના વેપારીઓને આવી કીટ ખરીદવા માટે પ્રોત્સાહિત કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડી રહ્યો છે. મનપાએ જણાવ્યું હતું કે વેપારીઓ નિયમિતપણે કીટનો ઉપયોગ કરીને ગુણવત્તાસભર, સ્વચ્છ ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ કરે તે જરૂરી છે. મનપાના ફૂડ વિભાગ અન્ય મીઠાઈ અને નાસ્તાના વેપારીઓને પણ કીટ મેળવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે અને તેમને જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે. ■

# રાજ્યવ્યાપી ટ્રાફિક ડ્રાઈવઃ ઓગસ્ટ મહિનામાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને ઓવર સ્પીડિંગના ૭૪,૨૪૨ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યવ્યાપી ટ્રાફિક ડ્રાઇવ અંતર્ગત ઓગસ્ટ મહિનામાં રોંગ સાઈડ ડ્રાઇવિંગ અને ઓવર સ્પીડિંગના ૭૪,૨૪૨ કેસો નોંધી રૂ. ૫.૩૩ કરોડથી વધુનો દંડ વસૂલાયો છે. તો બીજી તરફ રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તા. ૧લી સપ્ટેમ્બરથી આગામી તા.૧૪ ઓક્ટોબર ૨૦૨૬ સુધી નંબર પ્લેટ વગરના તથા ચેડાં કરેલી અથવા અયોગ્ય નંબર પ્લેટવાળા વાહનો સામે કડક રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરી કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

રાજ્યભરમાં રોંગ સાઈડ ડ્રાઇવિંગ અને ઓવર સ્પીડિંગ જેવા જીવલેણ ટ્રાફિક ઉલ્લંઘનો સામે તા. ૦૧/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ દરમિયાન વિશેષ કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જે અંતર્ગત રોંગ સાઈડ ડ્રાઇવિંગના ૩૬,૧૫૯ કેસો નોંધી કુલ રૂ. ૩,૬૪,૫૨,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો છેઅને ઓવર સ્પીડિંગના ૩૮,૦૮૩ કેસો નોંધી કુલ રૂ. ૧,૬૯,૨૬,૯૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. આમ ઓગસ્ટ માસમાં કુલ ૭૪,૨૪૨ કેસો નોંધીને રૂ. ૫,૩૩,૭૮,૯૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત હાઇવે તથા મુખ્ય માર્ગો પર અડચણરૂપ પાર્કિંગના કારણે સર્જાતા અકસ્માતો રોકવા માટે નેશનલ હાઇવે પર ગેરકાયદેસર પાર્કિંગના ૧૦,૪૦૮ કેસ તથા સ્ટેટ હાઇવે તેમજ અન્ય માર્ગો પર ગેરકાયદેસર પાર્કિંગના ૨૦,૮૧૩ કેસ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ટ્રાફિક અવરોધતા વાહનો સામે ૫,૦૭૮ કેસ કરી ૫૮૦ વાહનો સામે સીધી કાર્યવાહી કરવામાં આવી છે.

આ સાથે ૧લી સપ્ટેમ્બરથી શરૂ થયેલી ખાસ ડ્રાઇવના મુખ્ય ઉદ્દેશ નંબર પ્લેટ વગરના, અસ્પષ્ટ કે નિયમવિરુદ્ધ નંબર પ્લેટ ધરાવતા વાહનો સામે કાયદેસર કાર્યવાહી કરવા ઉપરાંત વાહનોની ઓળખ સુદઢ બનાવી ચોરી થયેલાં વાહનો શોધી કાઢવા તથા ગુનાહિત પ્રવૃત્તિઓમાં વાહનોના થતા સંભવિત દુરુપયોગને સંપૂર્ણપણે રોકવાનો છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# સુરતની શ્યામ સંગિની ટેક્સટાઈલ્સ માર્કેટમાં ભીષણ આગ, દસ દુકાન ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના સારોલી વિસ્તારમાં આવેલા શ્યામ સંગિની કાપડ બજારમાં મધ્યરાત્રીએ ભીષણ આગ લાગી હતી, જેમાં લગભગ ૧૫ થી ૧૭ દુકાનોમાં રાખેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો અને તહેવારોની મોસમનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આગ છઠ્ઠા માળેથી શરૂ થઈ હતી અને કલાકોની જહેમત બાદ સવારે ૯ વાગ્યે કાબુમાં લેવામાં આવી તે પહેલાં પાંચમા અને ચોથા માળે ફેલાઈ ગઈ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

સુરત ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસને રાત્રે ૧૨૫૨ વાગ્યે આગ લાગવાની જાણ થઈ હતી. શરૂઆતમાં, પાંચથી છ ફાયર ટેન્ડર અને વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર ફાઇટર્સને પાંચમા અને છઠ્ઠા માળે આગની જ્વાળાઓ અને ગાઢ કાળો ધુમાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ 'બ્રિગેડ કોલ' જારી કરવામાં આવ્યો હતો, જેમાં શહેરભરમાંથી વધારાના ફાયર ટેન્ડરો બોલાવવામાં આવ્યા હતા.

આગને કાબુમાં લેવા માટે ૧૫થી વધુ ફાયર ટેન્ડર અને ટર્નટેબલ સીડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફાયર ફાઇટરોએ ઘણા કલાકો સુધી આગ પર કાબુ મેળવ્યો અને પછી આગ કાબુમાં લીધી હતી. આગનું કારણ હજુ સુધી અજ્ઞાત છે અને તપાસ ચાલી રહી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આગામી તહેવારોની મોસમ માટે સ્ટોક કરાયેલા તૈયાર કપડા અને અન્ય કાપડના સામાનનો મોટો જથ્થો નાશ પામ્યો હતો. વેપારીઓએ માંગ વધવાની ધારણાએ નોંધપાત્ર સ્ટોક એકઠો કર્યો હતો, જેના પરિણામે વ્યાપક નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

ફાયર ફાઇટર્સને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો કારણ કે કાપડ અને અન્ય સામાન રસ્તાઓ કે એન્ટ્રી પોઈન્ટ પર પણ મૂકવામાં આવ્યો હતો જેથી અંદર જવામાં સમસ્યાઓ નડી હતી. આ સાથે કાપડ સળગવાને કારણે ગાઢ ધુમાડો થતા વિઝિબિલિટી પણ ઓછી થઈ ગઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આગ બુઝાવવાની કામગીરી દરમિયાન કોઈ શોર્ટ સર્કિટ ન થાય તે માટે સાવચેતી રૂપે સમગ્ર ઇમારતનો વીજ પુરવઠો પણ બંધ કરવામાં આવ્યો હતો. વેપારીઓએ જણાવ્યું હતું કે બજારના નિયમો અનુસાર સામાન્ય રીતે રાત્રે મુખ્ય વીજ જોડાણ બંધ કરવામાં આવે છે.

બચાવ કામગીરી દરમિયાન ઉપયોગમાં લેવાતા ધુમાડા અને પાણીને કારણે બજારની અંદરના માલસામાનને પણ નુકસાન થયું હતું. આગનું કારણ નક્કી કરવા અને નુકસાનની હદનું મૂલ્યાંકન કરવા માટે અધિકારીઓ વિગતવાર તપાસ કરી રહ્યા છે. ■